RNI NO. GUJ/GUJ/2004/15191
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૮ શનિવાર તા.૧૯-૦૯-૨૦૨૬ અંક : ૨૬૮ વર્ષ : ૨૩ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

**આરોગ્ય શિક્ષણ ક્ષેત્રે વિસ્ફોટ**

# રાજ્યની ૭ આયુર્વેદ કોલેજોની માન્યતા રદ!

## તબીબી શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ચાલી રહેલી ગંભીર બેદરકારી અને કોભાંડોનો વધુ એક પર્દાફાશ: BAMSની ૬૨૦ બેઠકો પર ગ્રહણ, NCISMની કાર્યવાહી

ગાંધીનગર,

ગુજરાતમાં તબીબી શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ચાલી રહેલી ગંભીર બેદરકારી અને કોભાંડોનો વધુ એક પર્દાફાશ થયો છે. નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન (ધ્રઐંજીસ) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે હાથ ધરવામાં આવેલા કડક ચેકિંગ બાદ નિયમોનું પાલન ન કરતી અને પૂરતી સુવિધાઓનો અભાવ ધરાવતી જૂનાગઢની નોબલ આયુર્વેદિક કોલેજ સહિત ગુજરાતની ૭ ખાનગી આયુર્વેદિક કોલેજોની માન્યતા રદ કરવામાં આવી છે.

હવે પછીનાં શૈક્ષણિક વર્ષથી આ સાતેય કોલેજોમાં મ્છસ્જી (આયુર્વેદાચાર્ય) કોર્સ માટેના નવા એડમિશન સંપૂર્ણ બંધ થઈ જશે

આ નિર્ણયના કારણે હવે પછીના શૈક્ષણિક વર્ષથી આ સાતેય કોલેજોમાં બીએએમએસ (આયુર્વેદાચાર્ય) કોર્સ માટેના નવા એડમિશન સંપૂર્ણપણે બંધ થઈ જશે. એનસીઆઈએસએમ એક્ટ ૨૦૨૦ની કલમ ૨૮ અને ૨૯ હેઠળ લેવાયેલા આ કડક પગલાંને કારણે રાજ્યમાં બીએએમએસની કુલ ૬૨૦ જેટલી બેઠકો ઘટી જતાં આયુર્વેદમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ અને ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે. લાખો રૂપિયાની ફી ઉઘરાવતી આ ખાનગી કોલેજો પાસે પૂરતા ક્વોલિફાઈડ પ્રોફેસરો, પૂરતી દર્દીઓ ધરાવતી હોસ્પિટલો કે સાધનો પણ નથી! એનસીઆઈએસએમના નિરીક્ષણ દરમિયાન ગંભીર ખામીઓ સામે આવતા આ કાર્યવાહી કરવી પડી છે.

દર વર્ષે એડમિશન સમયે જ આવી કોલેજો સામે પગલાં લેવાય છે, જેના કારણે નીટ પાસ કરીને આવતા હોશિયાર વિદ્યાર્થીઓ રઝળી પડે છે. રાજ્યનો આરોગ્ય વિભાગ અને સ્થાનિક યુનિવર્સિટીઓ આ કોલેજોને કઈ રીતે મંજૂરી આપતી હતી? માત્ર કાગળ પર ચાલતી આ કોલેજો સામે અગાઉ પગલાં કેમ ન લેવાયા? આ મુદ્દે વિદ્યાર્થી સંગઠનનો અને વાલીઓનો ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે અને માંગ કરી છે કે શિક્ષણના નામે દુકાનો ચલાવતા આવા સંચાલકો સામે માત્ર માન્યતા રદ કરવાથી કશું નહી થાય, તેમના પર કડક ગુનાહિત કાર્યવાહી પણ થવી જોઈએ!




### માન્યતા રદ થયેલ આયુર્વેદિક કોલેજો

માન્યતા રદ થયેલ ગુજરાતની ૭ આયુર્વેદિક કોલેજોમાં ૧૦૦ બેઠક ધરાવતી જૂનાગઢની નોબલ આયુર્વેદ કોલેજ-રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ૧૦૦ બેઠક ધરાવતી વડોદરાની સુમનદીપ આયુર્વેદ મેડિકલ કોલેજ-હોસ્પિટલ, ૧૦૦ બેઠક ધરાવતી મહેસાણાની સરદાર આયુર્વેદ કોલેજ એન્ડ હોસ્પિટલ, ૧૦૦ બેઠક ધરાવતી ખેડાની ડાલિયા આયુર્વેદ કોલેજ એન્ડ હોસ્પિટલ, ૧૦૦ બેઠક ધરાવતી લીંબડીની લીંબડી આયુર્વેદિક મેડિકલ કોલેજ તેમજ ૬૦ બેઠક ધરાવતી ગોધરાની જય જલારામ આયુર્વેદિક કોલેજ અને ૬૦ બેઠક ધરાવતી અમરેલીની શ્રીધર અતુલકુમાર જાની આયુ.મેડી.કોલેજની માન્યતા રદ કરવામાં આવીછે.

# H-1B વિઝા પર ૧ લાખ ડૉલર ફી યથાવત્

## ટ્રમ્પે એકસાથે ડબલ ઝટકો આપ્યો, ભારતીયોની નોકરી પર આફત



વૉશિંગટન,

અમેરિકામાં H-1B વિઝાના નિયમો અંગે ટ્રમ્પ પ્રશાસને ફરી એકવાર કડક વલણ અપનાવ્યું છે. વ્હાઈટ હાઉસે H-1B વિઝા પર ૧,૦૦,૦૦૦ ડૉલરની ફી લગાવતા જૂના આદેશને વધુ એક વર્ષ માટે લંબાવી દીધો છે. આ સાથે જ ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ એક નવો આદેશ પણ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં આ વિઝાના ઉપયોગ પર વધુ કડક દેખરેખ અને તપાસની વાત કહેવામાં આવી છે. ખાસ કરીને એવી કંપનીઓ પર નજર રાખવામાં આવશે જેના પર ઓછા વેતનવાળા વિદેશી કર્મચારીઓને રાખીને સ્થાનિક અમેરિકન કર્મચારીઓની નોકરી છીનવી લેવાનો આરોપ છે.

H-1B એ અમેરિકાનો એક એવો વિઝા છે જેના દ્વારા અમેરિકન કંપનીઓ વિદેશમાંથી પીએચડી કે વિશેષ કૌશલ્ય ધરાવતા નિષ્ણાતોને નોકરી માટે બોલાવી શકે છે. ટેક્નોલૉજી, એન્જિનિયરિંગ અને અન્ય વિશેષ ક્ષેત્રોમાં તેનો મોટા પાયે ઉપયોગ થાય છે. ભારત અને ચીનના પ્રોફેશનલ્સ માટે આ વિઝા અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે મોટી સંખ્યામાં ભારતીય ટેક પ્રોફેશનલ્સ આ જ વ્યવસ્થા હેઠળ અમેરિકામાં કામ કરે છે. ટ્રમ્પ પ્રશાસને ૨૦૨૫માં H-1B વિઝા માટે ૧,૦૦,૦૦૦ ડૉલરની ફીનો આદેશ જાહેર કર્યો હતો. અગાઉ આ ફી સામાન્ય રીતે ૨૦૦૦થી ૫૦૦૦ ડૉલરની વચ્ચે રહેતી હતી, તેથી ૧ લાખ ડૉલરની આકમ ખૂબ જ મોટી વૃદ્ધિ દર્શાવે છે. આ આદેશ સપ્ટેમ્બર ૨૦૨૬માં પૂરો થવાનો હતો, જેને હવે લંબાવવામાં આવ્યો છે.

# અમેરિકામાં નોકરી છૂટી તો ઘર વેચવાનો કે બાળકોની સ્કૂલ બદલવાનો પણ સમય નહીં અપાય: ટ્રમ્પ દ્વારા નવો પ્રસ્તાવ

## ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ દૂર કરવામાં આવે તો નોકરી ગુમાવનારા ભારતીય IT પ્રોફેશનલ્સ માટે નવી નોકરી શોધવાની પ્રક્રિયા વધુ મુશ્કેલ અને સમય મર્યાદિત બની શકે

વૉશિંગટન,

હાલના નિયમ મુજબ, ચોક્કસ પરિસ્થિતિમાં H-1B વિઝાધારકની નોકરી સમાપ્ત થાય ત્યારબાદ તેને ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ મળે છે. આ સમય દરમિયાન કર્મચારી નવી નોકરી અથવા નવા સ્પોન્સર શોધી શકે છે અને અમેરિકામાં પોતાની કાનૂની સ્થિતિ જાળવી રાખવા માટે જરૂરી પ્રક્રિયા કરી શકે છે. પરંતુ અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવમાં આ ગ્રેસ પિરિયડ દૂર કરવાની વાત કરવામાં આવી છે. જો પ્રસ્તાવ અમલમાં આવે તો નોકરી પૂરી થયા બાદ H-1B કર્મચારી માટે અમેરિકામાં નવી નોકરી શોધવા માટે હાલમાં મળતો વધારાનો સમય ઉપલબ્ધ નહીં રહે.

H-1B વિઝા અમેરિકાની ટેક્નોલોજી અને અન્ય સ્પેશિયાલિટી ક્ષેત્રોમાં વિદેશી કુશળ કર્મચારીઓ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને ભારત અને ચીનના પ્રોફેશનલ્સ મોટી સંખ્યામાં આ વિઝા દ્વારા અમેરિકામાં કામ કરે છે. TCS, Infosys, HCLTech અને LTIMindtree જેવી ભારતીય IT કંપનીઓ ઉપરાંત Deloitte, PwC અને EY જેવી કંપનીઓ પણ H-1B વિઝાના મોટા સ્પોન્સર્સમાં સામેલ છે. આથી જો ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ દૂર કરવામાં આવે તો નોકરી ગુમાવનારા ભારતીય IT પ્રોફેશનલ્સ માટે નવી નોકરી શોધવાની પ્રક્રિયા વધુ મુશ્કેલ અને સમય મર્યાદિત બની શકે છે.

૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ વર્ષ ૨૦૧૭થી અમલમાં છે. તેનો હેતુ વિદેશી કર્મચારીઓને નોકરી ગુમાવ્યા બાદ નવી નોકરી શોધવા અથવા અમેરિકા છોડવા માટે જરૂરી વ્યવસ્થા કરવાનો સમય આપવાનો છે. આ સમય દરમિયાન કર્મચારી નવી નોકરી શોધવાની સાથે પોતાના પરિવાર, રહેઠાણ અને અન્ય વ્યક્તિગત બાબતોનું પણ આયોજન કરી શકે છે.શું નોકરી જતાં જ તરત અમેરિકા છોડવું પડશે? આ પ્રસ્તાવનો મૂળ હેતુ નોકરી સમાપ્ત થયા બાદ મળતા હાલના ૬૦ દિવસના ગ્રેસ પિરિયડને દૂર કરવાનો છે. જોકે, આ સમયે તેને અંતિમ નિયમ તરીકે ગણવો યોગ્ય નથી. DHSના પ્રસ્તાવ પર જાહેર જનતા અને સંબંધિત પક્ષકારો પાસેથી આશરે બે મહિનાનો પબ્લિક કોમેન્ટ પિરિયડ રાખવામાં આવ્યો છે. ત્યારબાદ સરકાર મળેલા અભિપ્રાયો પર વિચાર કરીને અંતિમ નિયમ જાહેર કરી શકે છે. આથી હાલમાં H-1B વિઝાધારકોએ નિયમ તરત બદલાઈ ગયો હોવાનું માનવાને બદલે અંતિમ સરકારી નિર્ણયની રાહ જોવી જરૂરી છે.

# પાકિસ્તાનના ખૈબર પ્રાંતમાં શિયા મસ્જિદમાં નમાઝ સમયે આત્મઘાતી હુમલો, ૨૭નાં મોત

## સાત જેટલા ફિદાયીન હુમલાખોરો ત્રાટક્યા હતા: માર્યા ગયેલા લોકોમાં ૧૬ પોલીસકર્મીઓ સામેલ

ઈસ્લાબાદ,

પાકિસ્તાનમાં ખૈબર પ્રાંતમાં કોહાટ જિલ્લામાં શુક્રવારની નમાઝ સમયે જ મસ્જિદમાં મોટો આત્મઘાતી વિસ્ફોટ થયો હતો, આશરે સાત જેટલા ફિદાયીન હુમલાખોરો ત્રાટક્યા હતા, વિસ્ફોટની સાથે અંધાધુંધ ગોળીબાર પણ કર્યો હતો. જેમાં ૨૭ લોકો માર્યા ગયા હતા. કોહાટમાં શિયા મુસ્લિમો બહુમતમાં છે, તેથી શક્યતાઓ છે કે શિયાઓને ટાર્ગેટ બનાવીને જ આ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હોઈ શકે છે. માર્યા ગયેલા લોકોમાં ૧૬ પોલીસકર્મીઓ જ્યારે અન્ય નાગરિકોનો સમાવેશ થાય છે.

શિયાઓના વિસ્તાર કોહાટમાં શુક્રવારે મસ્જિદમાં નમાઝ માટે ભારે ભીડ હતી, આ



દરમિયાન જ સાત આતંકવાદીઓ વિસ્ફોટકો ભરેલું વાહન લઈને આવ્યા હતા અને પુર ઝડપે મસ્જિદના ગેટ સાથે આ વાહન અથડાવ્યું હતું. જેને કારણે ગેટ પર જ ભયાનક વિસ્ફોટ થયો હતો. આ હુમલામાં નમાઝીઓના ચીથડે ચીથડા ઉડી ગયા હતા. જ્યારે હુમલાખોર આતંકવાદી પણ વિસ્ફોટમાં માર્યો ગયો હતો. આ હુમલામાં ૭૮થી વધુ લોકો ઘાયલ થયા છે જેમાં કેટલાકની સ્થિતિ ગંભીર છે. વિસ્ફોટ એટલો તિવ્ર હતો કે જેને કારણે મસ્જિદની છત તૂટીને નીચે પડી હતી. દિવાલોને પણ ભારે નુકસાન થયું હતું.

આ બર્બર હુમલાની જવાબદારી ઈત્તેહાદ-ઉલ-મુજાહિદ્દીન પાકિસ્તાન દ્વારા લેવામાં આવી છે, સુન્ની મુસ્લિમ આતંકવાદીઓનું આ સંગઠન એપ્રીલ ૨૦૨૫માં બનાવવામાં આવ્યું હતું. આ સંગઠન અન્ય સુન્ની સંગઠનો જેમ કે હાફીઝ ગુલ બહાદુર, આઈઆઈપી વગેરે સાથે જોડાયેલું છે.પાક.ના વડાપ્રધાન શહબાઝ શરીફે કહ્યું હતું કે હુમલામાં સામેલ કોઈને પણ બક્ષવામાં નહી આવે અને આકરી સજા આપીશું.આ હુમલામાં મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ પણ માર્યા ગયા છે કેમ કે હુમલા સ્થળની બાજુમાં જ પોલીસ લાઈન પણ આવેલી છે.

# ગૂગલ જેમિનીએ ત્રણ કંપનીઓ હેક કરતાં દુનિયાભરમાં હડકંપ

## જેમિની AI એ પોતાની સાયબર ક્ષમતાઓનો ઉપયોગ કર્યો હતો, માનવીઓના કાબૂ બહાર AI!

ન્યૂયોર્ક,

ગૂગલનું અત્યાધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડેલ 'જેમિની' માનવ નિયંત્રણમાંથી બહાર નીકળીને વાસ્તવિક દુનિયાની ૩ મોટી કંપનીઓને હેક કરી ચૂક્યું હોવાનો ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. 'ધ વૉલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, આ ઘટના આ વર્ષે મે મહિનામાં સાયબર સુરક્ષા ફર્મ 'ઈરરેગ્યુલર' દ્વારા આયોજિત એક નિયમિત પરીક્ષણ દરમિયાન બની હતી.

આ સમગ્ર માહોલ 'કેપ્ચર-દ-ફ્લેગ' સાયબર ટેસ્ટ દરમિયાન ખોટી ઓળખ અને ઓપન ઈન્ટરનેટ કનેક્ટિવિટીના કારણે શરૂ થયો હતો. ટેસ્ટ દરમિયાન જેમિનીને એક કાલ્પનિક કંપનીમાંથી ડેટા ચોરવાનું નિર્દેશન અપાયું હતું, જેનું નામ ભૂલથી એક વાસ્તવિક કંપની સાથે મળતું આવતું હતું. પરીક્ષણનું વાતાવરણ સુરક્ષિત અને બંધ રાખવાનું હતું, પરંતુ માનવીય ભૂલના કારણે તેની ઈન્ટરનેટ કનેક્ટિવિટી ખુલ્લી રહી ગઈ હતી. મોડેલે ઈન્ટરનેટ પર ટાર્ગેટ કંપનીના નામથી જોડાયેલા વેબ સર્ચ કર્યા, ઓનલાઈન પડેલા ક્રેડેન્શિયલ શોધી કાઢ્યા અને ૩ વાસ્તવિક કંપનીઓના કમ્પ્યુટર્સમાં અનઓથોરાઈઝ્ડ એન્ટ્રી મેળવી લીધી.

પરીક્ષણના અલગ-અલગ દોર દરમિયાન જેમિની AI એ પોતાની સાયબર ક્ષમતાઓનો ઉપયોગ કર્યો હતો. એક મામલામાં મોડેલે સુરક્ષિત નેટવર્કમાં ઘૂસવા માટે સતત અલગ-અલગ પાસવર્ડ્સ ગેસ કર્યા હતા. જ્યાં સુધી કે તેણે સુરક્ષા ઘેરો તોડી નાખ્યો. અન્ય ટેસ્ટમાં આ સિસ્ટમે પબ્લિક ડેટા રિપોઝિટરીમાંથી સિક્યોર્ડ એક્સેસ ક્રેડેન્શિયલ શોધી કાઢ્યા હતા અને તેની મદદથી બહારના કમ્પ્યુટર્સમાં ઘૂસણખોરી કરી હતી.ગૂગલે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે મોડેલે જ્યારે અહેસાસ કર્યો કે તે કોઈ સિમ્યુલેટેડ ટાર્ગેટને બદલે વાસ્તવિક કોર્પોરેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પ્રવેશી ગયું છે, ત્યારે તેણે તરત જ પોતાના હુમલા અને ઓપરેશન્સ રોકી દીધા હતા.

# ઈરાનમાં સરકારના આહ્વાન પર લાખો લોકોની રેલી

## યુદ્ધ પછીની સૌથી મોટી રેલી; ૬ લાખ લોકોએ હથિયાર તાલીમ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું, અમેરિકા અને 'ઈઝરાયલનો નાશ' ના નારા લગાવ્યા



તેહરાન,

ઈરાનમાં શુક્રવારે સરકારના આહ્વાન પર લાખો લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા. રાજધાની તેહરાનમાં યોજાયેલી આ રેલી યુદ્ધ શરૂ થયા બાદ સરકારની સૌથી મોટી રેલીઓમાંની એક હતી. લોકોએ દેશની રક્ષા માટે હથિયાર ઉઠાવવા અને સૈન્ય તાલીમ લેવાની તૈયારી વ્યક્ત કરી. સરકારે આ અભિયાનનું નામ 'જાંફદાએ ઈરાન' રાખ્યું છે. તેનો અર્થ છે— ઈરાન માટે પોતાનો જીવ આપવા સુધી તૈયાર લોકો. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૬ લાખથી વધુ લોકો સૈન્ય તાલીમ માટે રજિસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. રિવોલ્યુશનરી ગાર્ડના પ્રમુખે દાવો કર્યો છે કે તાલીમ લેનારાઓની સંખ્યા ૧૦ લાખથી વધુ થઈ શકે છે.સરકારી પ્રસારણકર્તા અનુસાર, શુક્રવારે સવારે તેહરાનની શેરીઓમાં ૩ લાખથી વધુ લોકો હાજર હતા ઘણા લોકો સૈન્ય ગણવેશમાં હતા અને તેમના હાથમાં ઈરાનના ધ્વજ હતા. સરકારની યોજના આ લોકોને અસોલ્ટ રાઈફલ ચલાવવા સહિતની મર્યાદિત સૈન્ય તાલીમ આપવાની છો ત્યાર બાદ દેશની સુરક્ષામાં મદદ માટે તેમનો ઉપયોગ થઈ શકે છે.

આ લોકોને દેશની સુરક્ષામાં મદદ કરવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ રિવોલ્યુશનરી ગાર્ડ અને બસીજ મિલિશિયા ઈરાનનું સરકાર સમર્થિત અર્ધસૈનિક સંગઠન છે. તેનો ઉપયોગ સરકાર વિરોધી પ્રદર્શનોને રોકવા માટે થતો રહ્યો છે. રેલીમાં અમેરિકા-ઈઝરાયલના મૃત્યુના નારા લગાવવામાં આવ્યા રેલીમાં રાષ્ટ્રપતિ મસૂદ પઝશકિયાન, સૈન્ય કમાન્ડરો અને સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા. કેટલાક લોકોએ અમેરિકા અને ઈઝરાયલના ધ્વજોને પગથી કચડ્યા. અહીં 'અમેરિકાનો નાશ' અને 'ઈઝરાયલનો નાશ' જેવા નારા પણ લગાવવામાં આવ્યા. રેલીમાં સામેલ મહિલાએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને જણાવવા માંગે છે કે ઈરાનના લોકોને પોતાના દેશને લઈને તેમની ધમકીઓથી ડર લાગતો નથી.

# રશિયા પર પ્રતિબંધ મૂકતા કાયદા ઉપર ટ્રમ્પે કર્યા હસ્તાક્ષર

## ભારત અને ચીન સહિતના દેશો પર ૧૦૦% ટેરિફની તૈયારી!

વૉશિંગટન,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા અને ઈરાન પર પ્રતિબંધો વધુ આકરા બનાવતા એક મહત્ત્વપૂર્ણ કાયદા પર હસ્તાક્ષર કરી દીધા છે. આ નવા કાયદા હેઠળ રશિયા પાસેથી મોટી માત્રામાં ક્રૂડ ઓઈલ અને ગેસ ખરીદનારા દેશો, ખાસ કરીને ભારત અને ચીન પર ૧૦૦ ટકા સુધીનો ભારે ટેરિફ લાદવાનો આત્યંતિક અધિકાર અમેરિકન પ્રમુખને પ્રાપ્ત થયો છે.

વ્હાઈટ હાઉસ દ્વારા શુક્રવારે સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬' પર સહી કરી દીધી છે.



બુધવારે યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ દ્વારા આ બિલને મંજૂરી આપવામાં આવી હતી. આ કાયદા હેઠળ રશિયા પર આકરા આર્થિક પ્રતિબંધો અને ટેરિફ લાદવાની સાથે ઈરાન પરના અગાઉના પ્રતિબંધોને પણ વધુ મજબૂત બનાવવામાં આવ્યા છે.

આ કાયદો ખાસ કરીને રશિયન ઊર્જાના સૌથી મોટા ખરીદદારોને લક્ષ્યમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. જો પ્રમુખ ટ્રમ્પ ભારત પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાનો આખરી નિર્ણય લે છે, તો અમેરિકન બજારમાં ભારતીય ઉત્પાદનોની કિંમતોમાં જંગી વધારો થશે. આનાથી અમેરિકામાં નિકાસ કરતા ભારતીય વેપારીઓ અને નિકાસકારો પર ભારે આર્થિક દબાણ આવી શકે છે. કયા દેશ પર કેટલો ટેરિફ લાદવો તેનો આખરી નિર્ણય પ્રમુખ ટ્રમ્પ પોતે કરશે.

# ગુજરાતમાં ૭૧ હજારથી વધુ દીકરીઓનું ઐતિહાસિક HPV રસીકરણ

## કેન્સરમુક્ત ભવિષ્યની ભેટ: HPV રસીકરણ અભિયાનમાં ૧૬ સપ્ટેમ્બર સુધીમાં ૬.૨૫ લાખથી વધુ દીકરીઓને સુરક્ષાકવચ અપાયું-આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા

ગાંધીનગર,

દરેક ઘરની દીકરી એ ફક્ત એક પરિવારનું નહીં, પરંતુ સમગ્ર સમાજનું ભવિષ્ય હોય છે. આ દીકરી નિરોગી રહે અને સુરક્ષિત રહે એ આપણી સૌની સામાજિક અને નૈતિક જવાબદારી છે.

મહિલાઓમાં જોવા મળતા ગર્ભાશયના મુખના કેન્સર -સર્વાઈકલ કેન્સર જેવા ગંભીર રોગથી આપણી દીકરીઓને બચાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાનની ભેટ આપી છે,જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાં અત્યંત નિષ્ઠાપૂર્વક આગળ ધપાવી છે તેમ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું.

આરોગ્ય મંત્રીશ્રીએ આનંદ સાથે વધુ વિગતો આપતાં કહ્યું કે, તા.૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં રાજ્યની ૬.૨૫ લાખથી પણ વધુ દીકરીઓને આ સુરક્ષાકવચ અપાયું છે. HPV રસીકરણ અભીયાનના ૩ મહિનામાં જ પાત્રતા ધરાવતી કિશોરીઓને HPVની રસી આપીને પ્રથમ કામગીરી સાથે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. સૌથી મોટી અને ગર્વ લેવા જેવી બાબત એ છે કે આટલા મોટા પાયે રસીકરણ છતાં આડઅસરનો એક પણ કિસ્સો સામે આવ્યો નથી. આ સાબિત કરે છે કે આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત અને અસરકારક છે.

તેમણે કહ્યું કે, રાજ્ય સરકારની આ સરાહનીય કામગીરીને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત માટે HPV રસીના ૨.૭૨ લાખથી વધુ ડોઝ તા.૭ સપ્ટેમ્બરના



રોજ ફાળવવામાં આવ્યા છે.

આપણા વડાપ્રધાનશ્રીના જન્મ દિવસના શુભ અવસરે ગુજરાત સરકારે HPV રસીકરણ ડ્રાઈવનો ફરીથી શુભારંભ કર્યો છે. જેના પરિણામે વડાપ્રધાનશ્રીના જન્મ દિવસે એક જ દિવસમાં રાજ્યની ૭૧,૮૯૪ દીકરીઓનું એચપીવી વેકસીનથી ઐતિહાસિક રસીકરણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે.

તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬થી શરુ કરેલ આ HPV રસીકરણ અભિયાનમાં ૧.૪૬ લાખ કિશોરીઓ કે જેમના ૧૪ વર્ષ તા. ૧૭ સપ્ટેમ્બરે પૂર્ણ થયા છે તે કિશોરીઓને આગામી તા. ૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં રસી આપવાનો રાજય સરકારે મક્કમ લક્ષ્યાંક નક્કી કર્યો છે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.તેમણે કહ્યું કે,સરકાર અને આરોગ્ય તંત્ર પોતાનું કામ સંપૂર્ણ નિષ્ઠાથી કરી રહ્યું છે, ત્યારે આ અભિયાનની ખરી સફળતા વાલીઓના હાથમાં છે. જો તમારી ૧૪ વર્ષની દીકરીનું રસીકરણ હજુ સુધી નથી થયું, તો વિલંબ કર્યા વગર આ ચાલી રહેલી મેગા ડ્રાઈવ દરમિયાન આજે જ નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો.

# રાજ્યવ્યાપી ૪૧૦ રક્તદાન કેમ્પથી ૧૮૫૦૦ થી વધુ બોટલ્સ બ્લડ સ્વૈચ્છિક દાતાઓ પાસેથી મળ્યું

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની અવિરત જન સેવા-સાધનાની સેવા સંકલ્પ અભિયાનથી રાજ્યવ્યાપી ઉજવણી

ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અવિરત જન સેવા સાધનાના ૨૫ વર્ષની સફળતાની ઉજવણી દેશ ભરમાં સેવા સંકલ્પ અભિયાનથી થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬માં જન્મ દિવસ ૧૭ સપ્ટેમ્બરથી એક મહિના સુધી આ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ સેવાકિય કાર્યક્રમો જન ભાગીદારીથી યોજાશે.

જન્મ દિવસની ઉજવણીના સેવા કાર્યોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં સમગ્ર રાજ્યમાં રક્તદાન કેમ્પનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું.

સેવા મેરા યોગદાનના મંત્ર સાથે 'રક્તદાન મહાદાન' અને 'અપણા રક્તનું એક ટીપું કોઈ જરૂરતમંદને આપશે જીવનદાન'ના ધ્યેયથી રાજ્યના ૩૪ જિલ્લાઓમાં ૪૧૦ જેટલા સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું લોક ભાગીદારીથી આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્રતયા આ કેમ્પ્સમાં એન.સી.સી. કેડેટ્સ, વિદ્યાર્થીઓ, યુવાનો, સુરક્ષાકર્મીઓ અને સમાજસેવી નાગરિક રક્ત દાતાઓએ જોડાઈને કુલ ૧૮૫૭૮ બોટલ રક્તદાન કર્યુ હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસન કાળ અને સેવાકાર્યોને જન જન સુધી પહોંચાડવાના બહુવિધ કાર્યક્રમોમાં તેમના ૭૬માં જન્મ દિવસે યોજાયેલી આ રક્તદાન શિબિર મહત્વપૂર્ણ બની છે.

# CUG ના ડૉ. આંબેડકર સેન્ટર ઓફ એક્સેલન્સે સૌથી વધુ પરિણામ મેળવ્યું

## કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ પદો પર ૯૬ એટલા વિદ્યાર્થીઓને નોકરી મળી

વડોદરા,

ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટી ડૉ. આંબેડકર સેન્ટર ઓફ એક્સેલન્સે દેશના તમામ સેન્ટર ઓફ એક્સેલન્સમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ઉલ્લેખનીય છે કે હાલમાં સેન્ટરમાં બે બેચમાં SC અને OBC સમુદાયના ૧૦૦ વિદ્યાર્થીઓ અને વિચરતી અને અર્ધ-વિચરતી જાતિ સમુદાયના ૪૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં, સેન્ટરના ૯૬ વિદ્યાર્થીઓ ગુજરાત અને કેન્દ્ર સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થયા છે. ગુરુવારે, યુનિવર્સિટીના કુલપતિ પ્રો. અતનુ ભટ્ટાચાર્ય દ્વારા વિમોચન કરવામાં આવ્યું. આ દરમિયાન, સેન્ટરના નોડલ ઓફિસર પ્રો. રાજેશ મકવાણા, રજિસ્ટ્રાર પ્રો. એચ. બી. પટેલ, ફાઈનાન્સ ઓફિસર પ્રો. સંજય કુમાર ઝા અને વિવિધ ફેકલ્ટીના ડીન હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ સેન્ટરની સ્થાપના વર્ષ ૨૦૨૨ માં ગાંધીનગરના સેક્ટર-૨૯ સ્થિત યુનિવર્સિટી પરિસરમાં કરવામાં આવી હતી. તાજેતરમાં નવી દિલ્હી સ્થિત ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે આગામી ત્રણ વર્ષ માટે ઉત્કૃષ્ટતા કેન્દ્ર સાથે સમજૂતી કરાર (MoU) કર્યો છે. કેન્દ્રના ઉત્તમ પરિણામોને ધ્યાનમાં રાખીને, મંત્રાલયના સચિવ પ્રવીણ કુમાર થિંડ, ડિરેક્ટર વિનેશ પચનંદ અને ડૉ. આંબેડકર ફાઉન્ડેશનના રવિ ત્રિપાઠીની હાજરીમાં આગામી ત્રણ વર્ષ માટે આ ર્કૈપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.


# એક સમય હતો જ્યારે અમદાવાદની પહેલા ફિલ્મ નડિયાદમાં આવી જતી : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે સરકારની વિવિધ યોજનાઓની જાણકારી મેળવી તેનો લાભ લેવા આહવાન કર્યું

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે સરકારની વિવિધ યોજનાઓની જાણકારી મેળવી તેનો લાભ લેવા અને દેશ-રાજ્યના વિકાસમાં સક્રિય ભાગીદાર બનવા આહવાન કર્યું હતું. ક્વિઝ સ્પર્ધા અને હેકાથોન જેવા કાર્યક્રમોમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તેવી અપીલ પણ તેમણે કરી હતી.

વિદ્યાર્થી જીવનને યાદ કરતાં મુખ્યમંત્રીએ હળવા અંદાજમાં કહ્યું હતું કે, "વિદ્યાર્થી જીવન મજાનું જીવન છે. ન ઘરની ચિંતા કે ન



બહારની ચિંતા." પોતાના વિદ્યાર્થીકાળનો પ્રસંગ યાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે, તેમના સમયમાં ફિલ્મ જોવા જવાનું એક અલગ જ આયોજન રહેતું. અમદાવાદ કરતાં પહેલાં નડિયાદમાં ફિલ્મો આવતી હોવાથી ઘરે બહાનું કાઢીને ફિલ્મ જોવા જતા અને કોલેજના સમય પ્રમાણે નડિયાદથી પરત પણ આવી જતા હતા.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદરૂપ થાય તે માટે વિવિધ આયોજન કરી રહી છે. ક્વિઝ સ્પર્ધામાં ભાગ લઈને વિજેતા બનનારા વિદ્યાર્થીઓને મળતી રકમથી તેમના વાર્ષિક ખર્ચમાં પણ મદદ મળી શકે છે. તેથી વિદ્યાર્થીઓએ આવી ક્વિઝ સ્પર્ધાઓમાં માત્ર સ્પર્ધા તરીકે નહીં પરંતુ જ્ઞાન અને તક તરીકે ભાગ લેવો જોઈએ. અગાઉની બે ક્વિઝમાં કેટલાક વિદ્યાર્થીઓએ ભાગ લીધો ન હોવાનું જણાવી તેમણે આગામી ક્વિઝમાં તમામ વિદ્યાર્થીઓને જોડાવા અપીલ કરી હતી. સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે જરૂરી હોવાનું જણાવતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, સરકાર વારંવાર વિવિધ યોજનાઓની માહિતી આપે છે, તેમ છતાં કેટલાક લોકો તેનો લાભ લેતા નથી.

# આણંદ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદથી જનજીવન પ્રભાવિત

આણંદ,

શુક્રવારે વહેલી સવારથીજ આણંદ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આજે વરસાદની ધમાકેદાર શરૂઆત થઈ છે. વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને ત્યારબાદ શહેરના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

આણંદના ગામડી વડ, વિદ્યાનગર રોડ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે. સતત વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. ખાસ કરીને ટાઉન હોલ વિસ્તારમાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.

તેમજ શહેરના નવા બસ સ્ટેન્ડ સહિતના અન્ય વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો હતો. કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી રસ્તાઓ પર ભરાઈ જતાં વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

તો બીજી તરફ, આણંદના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. લાંબા સમય બાદ સારો વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. વરસાદના કારણે ગરમી અને બફારાથી લોકોને રાહત મળી છે.હાલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી માહોલ યથાવત્ રહેતાં તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારો અને પાણી ભરાવાની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# મુંબઈમાં મિલકત ખરીદીના નામે બિલ્ડર સાથે રૂ.૨ કરોડની ઠગાઈ, બનાવટી ટોકનથી આંગડિયામાંથી રકમ ઉપાડી

## આંગડિયા પેઢીના કર્મચારીઓ, મુંબઈના દલાલો સહિત કુલ ૧૧ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો

હિંમતનગર,

હિંમતનગરના બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી સાથે મુંબઈમાં મિલકત ખરીદીના નામે રૂપિયા ૨ કરોડની છેતરપિંડી થયાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગાંધીનગરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે આંગડિયા પેઢીના કર્મચારીઓ, મુંબઈના દલાલો સહિત કુલ ૧૧ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે આંતરરાજય સ્તરે ચાલતી સંગઠિત ઠગાઈની શક્યતા અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

ફરિયાદ મુજબ, હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં ઓમ ડેવલોપર્સ અને અથર્વ મિનરલ્સ નામે વ્યવસાય કરતા બિલ્ડર ઘનશ્યામસિંહ ભાટી મુંબઈમાં નવી મિલકત ખરીદવા ઈચ્છતા હતા. આ દરમિયાન તેમના મુંબઈ સ્થિત મિત્ર મારફતે મિલકત દલાલ આશીષ સીંગ અને અરુણકુમાર સાથે પરિચય થયો હતો. દલાલોએ મુંબઈમાં ફાયદાકારક મિલકત હોવાનું જણાવી રોકાણ માટે તેમને તૈયાર કર્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.ફરિયાદ મુજબ, ૧ સપ્ટેમ્બરના રોજ આશીષ સીંગે બિલ્ડરને ફોન કરીને મુંબઈમાં રોકડ લઈ જવામાં જોખમ હોવાનું કહી ગાંધીનગરથી મુંબઈ માટે રૂપિયા ૨ કરોડનું સેલ્ફ આંગડિયું કરાવવાની સલાહ આપી હતી. ત્યારબાદ દલાલ મારફતે રાહુલ નામના વ્યક્તિનો સંપર્ક કરાવવામાં આવ્યો હતો. રાહુલે મુંબઈના ભુલેશ્વર વિસ્તારમાં આવેલી આંગડિયા પેઢી મારફતે ગાંધીનગરના સેક્ટર-૩/એમાં આવેલી શ્રી રાધે આંગડિયા પેઢીનું સરનામું આપ્યું હતું. ત્યારબાદ બિલ્ડર પોતાના મિત્રો સાથે ગાંધીનગર પહોંચ્યા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ, રાહુલે વોટ્સએપ પર ૧૦ રૂપિયાની નોટના ટોકન નંબરનો ફોટો મોકલી કન્ફર્મેશન કરાવ્યું હતું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયામાં ગણેશોત્સવની ઉજવણીમાં જોડાયા



અમદાવાદ,

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાં ગણેશોત્સવની ઉજવણીમાં ભાગ લીધો હતો. મુખ્યમંત્રીએ મેમનગરના તરુણ નગર-૨ ખાતે ગણેશ પંડાલની મુલાકાત લીધી હતી અને ભગવાન ગણેશના આશીર્વાદ મેળવ્યા હતા. તેમણે આરતીમાં પણ ભાગ લીધો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગણેશોત્સવ ઉજવણીમાં ભાગ લઈને ભક્તોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે ભવ્ય ગણેશ પંડાલો અને મૂર્તિઓની સ્થાપના માટે કરવામાં આવેલી થીમ્સ, સજાવટ અને વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ગણેશોત્સવમાં તેમના ચિત્રને દર્શાવતી રંગોળી બનાવવામાં આવી હતી અને દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ કલાકૃતિની પ્રશંસા કરી હતી.

# અમદાવાદ: પૈસાની લેતીદેતીને કારણે બે ભાઈઓ વચ્ચે થયેલી તકરારમાં નાના ભાઈનું થયું મોત

## પોલીસે મોટાભાઈની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ,

અમદાવાદના વાડજ વિસ્તારમાં સામાન્ય બોલાચાલી ગણતરી ક્ષણોમાં ગંભીર ઘટનામાં ફેરવાઈ ગઈ હતી. પરિવારના બે ભાઈઓ વચ્ચે પૈસા અને બેરોજગારીની બાબતે થયેલી તકરાર બાદ ૨૮ વર્ષીય નરેશ ચૌહાણનું મોત થયું છે. શરૂઆતમાં ઘરમાં શું બન્યું તેની જાણ બહાર કોઈને નહોતી, પરંતુ નરેશની બહેન ઘરે પહોંચ્યા બાદ સમગ્ર ઘટના સામે આવી હતી. આ ઘટનાને લઈને પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે મોટાભાઈની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદના વાડજ વિસ્તારમાં નરેશ ચૌહાણ પરિવાર સાથે ગાંધીનગરના ટેકરામાં રહેતો હતો. નરેશ બેરોજગાર હોવાથી તેના મોટાભાઈ રાજુ ચૌહાણ સાથે પૈસા સહિતની બાબતોને લઈને અવારનવાર બોલાચાલી થતી હોવાની પ્રાથમિક માહિતી પોલીસને મળી છે. ગઈકાલ સાંજે પણ બંને ભાઈઓ વચ્ચે પૈસાની બાબતે તકરાર થઈ હતી. ઘરમાં શરૂ થયેલી આ બોલાચાલી ધીમે-ધીમે ઉગ્ર બની હતી. આ દરમિયાન રાજુએ ઘરમાં પડેલા તીક્ષ્ણ હથિયાર વડે નરેશ પર હુમલો કર્યો હતો. હુમલામાં નરેશ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

ઘટના બાદ ઘરમાં કોઈ હાજર ન હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના બાદ રાજુ ત્યાંથી નીકળી ગયો હતો. બીજી તરફ નરેશ ગંભીર હાલતમાં ઘરમાં જ હતો. થોડીવાર બાદ નરેશની બહેન ઘરે પહોંચી હતી. ઘરમાં પ્રવેશતાં જ નરેશ ગંભીર હાલતમાં જોવા મળ્યો હતો. પરિસ્થિતિ જોતા બહેને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસ અને એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે, સારવાર મળે તે પહેલા જ નરેશનું મોત નિપજ્યું હતું.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી હતી. મૃતકની બહેને પોતાના મોટાભાઈ રાજુ પર શંકા વ્યક્ત કરી હતી. પોલીસે રાજુને શોધવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન વાડજ પોલીસે રાજુ ચૌહાણને અટકાયતમાં લીધો છે.

# કિસાન મોરચા ગુજરાત દ્વારા 'આત્મનિર્ભર યુવા કિસાન ફોર વિકસિત ભારત' કાર્યક્રમનો શુભારંભ

## ૫૦૦ યુવાનોને ઉદ્યોગસાહસિકતા, મૂલ્યવર્ધન અને સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન

ગાંધીનગર/અમદાવાદ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસના શુભ અવસરે તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ કર્ણાવતીના ગુલબાઈ ટેકરા સ્થિત શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ ખાતે કિસાન મોરચા ગુજરાતના 'આત્મનિર્ભર યુવા કિસાન ફોર વિકસિત ભારત' નામના નવતર અને સફળ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના આદરણીય અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીના માર્ગદર્શન હેઠળ અને ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચા ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી હિરેન હિરપરાના નેતૃત્વ હેઠળ, કિસાન મોરચા ગુજરાતના એગ્રીકલ્ચર રિસર્ચ અને રૂરલ ડેવલપમેન્ટ સેલ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

'આત્મનિર્ભર યુવા કિસાન ફોર વિકસિત ભારત' સફળ પ્રયોગના માધ્યમથી યુવાનો અને ખેડૂતોને ઉદ્યોગસાહસિકતા, મૂલ્યવર્ધન (વેલ્યૂ એડિશન) તેમજ સરકારની ઉદ્યોગ, કૃષિ અને આનુષંગિક ક્ષેત્રોની વિવિધ યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. લગભગ ૫૦૦ યુવાનોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

કાર્યક્રમના 'શૂન્યમાંથી સર્જન - યુવા ઉદ્યોગસાહસિક' સત્રમાં યુવા ઉદ્યોગસાહસિક અને વોટરવેલ કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી દીપ કોઠડીયાએ પોતાના વ્યવસાયિક પ્રવાસના અનુભવો રજૂ કર્યા હતા. વિવિધ વિષય નિષ્ણાતોએ યુવાનોને ઉદ્યોગની શરૂઆત, કૃષિ આધારિત વ્યવસાય, મૂલ્યવર્ધન અને સરકાર દ્વારા ઉપલબ્ધ વિવિધ સહાય તથા યોજનાઓ અંગે વ્યવહારુ માર્ગદર્શન આપ્યું હતું. ક્વિઝ અને પ્રશ્નોત્તરીના માધ્યમથી યુવાનોએ નિષ્ણાતો સાથે સીધો સંવાદ કર્યો હતો.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળનાના યુવાનોએ ઉદ્યોગસાહસિકતા, મૂલ્યવર્ધન અને સરકારી સહાયના વિષયને કેન્દ્રમાં રાખીને પ્રેરક નાટક રજૂ કર્યું હતું. નાટ્યપ્રસ્તુતિ દ્વારા યોગ્ય વિચાર, માર્ગદર્શન, પરિશ્રમ અને સરકારી સહાયના ઉપયોગથી યુવાનો કેવી રીતે સફળ ઉદ્યોગસાહસિક બની શકે તેનો સરળ અને અસરકારક સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસ નિમિત્તો લગભગ ૫૦૦ યુવાનોએ ખેતીને નવી ટેક્નોલોજી સાથે જોડવા તથા કૃષિ આધારિત વ્યવસાયને ખેડૂતોના વ્યાપક હિતનું માધ્યમ બનાવવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો.

# રાજ્યમાં ઈનોવેશન, ઈન્ટીગ્રેશન અને ઈન્ટરવેન્શન થકી માર્ગ સલામતીને વધુ સુનિશ્ચિત કરાશે

## માર્ગ સુરક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર 'રોડ સેફ્ટી વારિયર્સ'નું એવોર્ડથી કરાયું વિશેષ સન્માન

ગાંધીનગર,

ઈનોવેશન, ઈન્ટીગ્રેશન અને ઈન્ટરવેશન થકી માર્ગ સલામતીને વધુ સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે, તેમ '27th SAFE એન્યુઅલ કન્વેન્શન-સસ્ટેનેબલ મોબિલિટી એક્સપો'માં વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું હતું. વાહનમાં મુસાફરી કરતાં મુસાફરોની આંતરિક સુરક્ષા માટ AIRBAG, ABS અને EBD જેવી સિસ્ટમ્સ અનિવાર્ય બનાવવામાં આવી છે. જ્યારે હવે વાહનની બહાર રહેલા પદયાત્રીઓ અને અન્ય નાના વાહનચાલકોની બાહ્ય સુરક્ષા માટે પણ વિશેષ નીતિઓ અને ટેક્નોલોજીકલ સુધારા અપનાવવામાં આવે, તેમ તેમણે ઉમેર્યું હતું.

સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ-SIAM, સોસાયટી ફોર ઓટોમોટિવ ફિટનેસ એન્ડ એન્વાયરમેન્ટ–SAFE, વાહન વ્યવહાર વિભાગ અને ગુજરાત રોડ સેફ્ટી



ઓથોરિટીના સંયુક્ત ઉપક્રમે '27th SAFE એન્યુઅલ કન્વેન્શન-સસ્ટેનેબલ મોબિલિટી એક્સપો'નું ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેની થીમ "સુરક્ષિત સફર: સુરક્ષા અને જવાબદારી તરફ એક સહિયારી યાત્રા" રાખવામાં આવી હતી.વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ કહ્યું હતું કે, માર્ગ અકસ્માતો અટકાવવા માટે માત્ર કાયદા અને ટેક્નોલોજી જ પૂરતા નથી, પરંતુ સમાજમાં 'સિવિક સેન્સ' અને પરસ્પર આદરનો અભિગમ કેળવવો અત્યંત જરૂરી છે. તેમણે ખાસ ભાર મૂક્યો હતો કે, મોટા વાહન ચાલકો નાના વાહનો તેમજ પદયાત્રીઓ પ્રત્યે સંવેદનશીલતા અને માન આપવાની ભાવના કેળવે તેવો સામાજિક બદલાવ લાવવો આવશ્યક છે. આ માટે તેમણે ઓટોમોબાઈલ ઉત્પાદકોને સમાજના પ્રભાવશાળી વ્યક્તિઓને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવાની હિમાયત કરી હતી, જેથી નાગરિકોમાં ટ્રાફિક નિયમોના પાલન પ્રત્યે ગૌરવની વધુ ભાવના ઉજાગર કરી શકાય.મંત્રીશ્રીએ માળખાકીય સુધારા અન્વયે ADAS સિસ્ટમ માટે યોગ્ય થર્મોપ્લાસ્ટિક રોડ માર્કિંગ, ડેશકેમ પોલિસી અને અકસ્માત સંભવિત 'બ્લેક સ્પોટ્સ' દૂર કરવા માટે સ્પષ્ટ નીતિઓના મહત્વ પર વિશેષ ભાર મૂકવા જણાવ્યું હતું.

# મનપા દ્વારા ૨૦૦ સ્થળો પર 'મહા સફાઈ અભિયાન': ૨૧૬ ટન કચરો એકત્ર કરાયો

## સર ટી. હોસ્પિટલ ખાતે યોજાયું 'મેગા સફાઈ અભિયાન' ; ૩૨,૦૦૦થી વધુ લોકોની જનભાગીદારી, ૩૫૦૦ કાપડની થેલીઓનું વિતરણ

ભાવનગર,તા.૧૮

રાજ્ય સરકાર દ્વારા ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન યોજાઈ રહેલા "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સઘન સ્વચ્છતા અભિયાન યોજી શ્રમદાન કરવામાં આવ્યું હતું. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના અલગ-અલગ ૨૦૦ સ્થળો પર સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ કલાક દરમિયાન "મહા સફાઈ અભિયાન"નું આયોજન કરાયું હતું.

આ અભિયાન હેઠળ શહેરના ૬ એન્ટ્રી પોઈન્ટ્સ, ૭ માર્કેટ વિસ્તારો, ૭૦ શાળા-કોલેજો તથા આંગણવાડીઓ, ૧૧ મુખ્ય રસ્તાઓ, ૪૦ ગાર્ડન/પાર્ક/સર્કલો, ૨ રેલ્વે સ્ટેશન, ૧ મુખ્ય બસ સ્ટેશન, ૭ સિટી બસ સ્ટેશનો અને ૭ ઐતિહાસિક સ્થળો પર સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પદાધિકારીઓ, નગરસેવકો, અધિકારીઓ, વિદ્યાર્થીઓ, એન.જી.ઓ., સ્વચ્છાગ્રહીઓ અને નાગરિકો જોડાયા હતા.

સર ટી. હોસ્પિટલ ખાતે ખાસ "મેગા સફાઈ અભિયાન" યોજાયું હતું, જેમાં મેયર, ભાવનગર પૂર્વના ધારાસભ્ય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, મ્યુનિસિપલ કમિશનર, હોસ્પિટલના ડોક્ટર્સ, સ્ટાફ, નેશનલ મેડિકો એસોસિએશનના સભ્યો, નર્સિંગ સ્ટુડન્ટ્સ અને સફાઈ મિત્રોએ શ્રમદાન કર્યું હતું.

આ મહા સફાઈ અભિયાનમાં અંદાજિત ૩૨,૩૫૪ લોકો જનભાગીદારીથી જોડાયા હતા. મિની ટીપર, ટ્રકો, ટ્રેક્ટરો અને જેસીબીનો ઉપયોગ કરીને અંદાજિત ૨૧૬ ટન કચરો એકત્ર કરી નિકાલ કરાયો હતો, જેમાંથી ૩૪ ટન પ્લાસ્ટિક અલગ કરવામાં આવ્યું હતું. પ્લાસ્ટિક મુક્ત ભાવનગરના સંદેશ સાથે હેવમોર ચોક, શિવાજી સર્કલ શાક માર્કેટ અને બોરતળાવ શાકમાર્કેટ ખાતે મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા નાગરિકોને વિનામૂલ્યે અંદાજિત ૩,૫૦૦ કાપડની થેલીઓનું વિતરણ કરીને જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

# દુ:ખીશ્યામ બાપા સર્કલે ટ્રાફિક શાખાનું ચેકિંગ: ઈકો સહિતના ૧૧ વાહન ચાલકો દંડાયા, ૫ બાઈક ડિટેઈન

## તળાજા જુના જકાત નાકા પર ખાનગી વાહનોના આડેધડ પાર્કિંગથી ટ્રાફિક જામની સમસ્યા સંદર્ભે 'સૌરાષ્ટ્ર આસપાસ' દ્વારા અપાઈ હતી વાચા

ભાવનગર,તા.૧૮

શહેરના અતિ વ્યસ્ત એવા તળાજા જકાત નાકા વિસ્તારમાં ખાનગી વાહનોના ચાલકો દ્વારા કાયદાના ધજાગરા ઉડાડીને ગેરકાયદે પેસેન્જર પરિવહન કરવામાં આવતાં ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ છે. તળાજા અને મહુવા તરફ જતાં ઈકો સહિતના વાહનો રસ્તાની વચ્ચોવચ્ચ ઊભા રહી મુસાફરો ભરે છે. ચોમાસામાં કાદવ-કીચડ વચ્ચે અનધિકૃત રીતે ઊભા રહેતા આ વાહનોના કારણે એસ.ટી. બસો, ટુ-વ્હીલર્સ અને રાહદારીઓ અટવાઈ પડે છે તથા અકસ્માતનો સતત ભય રહે છે.

આ લોક સમસ્યા અંગે 'સૌરાષ્ટ્ર આસપાસ' દૈનિકમાં અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ ટ્રાફિક પોલીસે તેને ગંભીરતાથી લીધો હતો. ભાવનગર ટ્રાફિક શાખાના ઈન્ચાર્જ પી.આઈ. પ્રતીક અમીને દુ:ખીશ્યામ બાપા સર્કલ ખાતે આકસ્મિક ચેકિંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન આડેધડ પાર્કિંગ કરનાર ઈકો સહિતના ૧૧ વાહનો પાસેથી રોકડ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો, જ્યારે વગર લાયસન્સે વાહન ચલાવતા ૫ બાઈક ચાલકો સામે કાર્યવાહી કરી વાહનો ડિટેઈન કરાયા હતા.

જોકે, માત્ર એક દિવસની કાર્યવાહી પુરતી નથી. નિયમોનો અનાદર કરતા તત્વો સામે સતત અને કડક પગલાં ભરાય તો જ કાયમી ઉકેલ આવશે તેમ લોકોમાં ચર્ચાય રહ્યું છે ત્યારે આગામી સમયમાં ટ્રાફિક શાખાની કામગીરી કેવી રહેશે તેના પર લોકોની નજર મંડાયેલી છે.

# ખરીફ પાકોના ટેકાના ભાવ જાહેર: જિલ્લામાં ૧૦ સપ્ટેમ્બરથી થશે ઓનલાઈન નોંધણી

## ખેડૂતોને મગફળી માટે રૂ. ૭,૫૧૭, મગ માટે રૂ. ૮,૭૮૦, અડદ માટે રૂ. ૮,૨૦૦ અને સોયાબીન માટે રૂ. ૫,૭૦૮ પ્રતિ ક્વિન્ટલ ચૂકવાશે

ભાવનગર,તા.૧૯

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના ખરીફ પાકો માટે ટેકાના ભાવ (MSP) જાહેર કરવામાં આવ્યા છે. જેમાં મગફળી માટે રૂ. ૭,૫૧૭, મગ માટે રૂ. ૮,૭૮૦, અડદ માટે રૂ. ૮,૨૦૦ અને સોયાબીન માટે રૂ. ૫,૭૦૮ પ્રતિ ક્વિન્ટલ ભાવ નક્કી કરાયો છે. આ અંતર્ગત ભાવનગર જિલ્લામાં ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતો માટે ૧૦ સપ્ટેમ્બરથી ૦૯ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ૩૦ દિવસ માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા હાથ ધરાશે. ખેડૂતો જાતે, ઈ-ગ્રામ કેન્દ્રો પર VCE મારફતે અથવા ગ્રામ્ય સહકારી મંડળીઓ દ્વારા વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે. આ કામગીરી PM-આશા પોર્ટલ પર થઈ રહી છે. નોંધણી કરાવતા પહેલાં ફાર્મર રજીસ્ટ્રેશન ફરજિયાત છે અને તેમાં આવરી લેવાયેલા તમામ સર્વે નંબરનો વિસ્તાર જ માન્ય ગણાશે. ઓનલાઈન નોંધણી કરાવનાર ખેડૂતો પાસેથી જ ખરીદી કરવામાં આવશે. નોંધણી માટે આધાર કાર્ડ, ૭/૧૨ અને ૮-અની નકલ, ફોર્મ નં. ૧૨માં નોંધ ન હોય તો તલાટીનો દાખલો તથા બેંક પાસબુક/કેન્સલ ચેક રજૂ કરવાના રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીએ ખેડૂતોને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

# તળાજા ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાઈ વિશેષ સફાઈ ઝુંબેશ

## ધારાસભ્ય અને પ્રાદેશિક કમિશ્નરની ઉપસ્થિતિમાં ભૂપતભાઈ વૈદ્ય બાગ તથા વ્યાયામ શાળા પરિસરમાં કરાયું શ્રમદાન



ભાવનગર,તા.૧૯

ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન "સેવા સંકલ્પ અભિયાન"નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તળાજા નગરપાલિકા વિસ્તારમાં 'સ્વચ્છતા હી સેવા - ૨૦૨૬' કેમ્પેન હેઠળ એક વિશાળ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ સફાઈ ઝુંબેશ હેઠળ શહેરમાં સામાજિક રીતે મહત્વના એવા ભૂપતભાઈ વૈદ્ય બાગ (બગીચો) અને વ્યાયામ શાળા પરિસરની પસંદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાદેશિક કમિશ્નર સુનીલ (IAS) તથા તળાજાના ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણે જાતે ઉપસ્થિત રહી શ્રમદાન કરીને સફાઈ કામગીરીની શરૂઆત કરાવી હતી. તેમની સાથે નગરપાલિકાના પ્રમુખ, પદાધિકારીઓ, મુખ્ય અધિકારી, કર્મચારીઓ, સફાઈ કામદારો અને સ્થાનિક નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.

સફાઈ ઝુંબેશ દરમિયાન બગીચા અને વ્યાયામ શાળા પરિસરમાંથી પ્લાસ્ટિક, સુકો અને ઘન કચરો એકત્રિત કરીને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.આ તકે પ્રાદેશિક કમિશ્નર સુનીલ (IAS) અને ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, સ્વચ્છતા એ માત્ર એક દિવસનો કાર્યક્રમ નથી પરંતુ તેને આપણા દૈનિક જીવનનો સ્વભાવ બનાવવો જરૂરી છે. નગરજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે તે માટે તમામ સ્તરેથી યોગદાન આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# વિવિધ અકસ્માતોના મૃતકોને મોરારિબાપુ દ્વારા અંજલિ: આર્થિક સહાયની જાહેરાત

## હૈદરાબાદ, નાસિક અને મહુવાના બનાવમાં દિવંગતોના પરિવારજનોને કુલ રૂ.૧.૮૦ લાખની સહાય આપશે રામકથા શ્રોતા પરિવારો

ભાવનગર,તા.૧૯


દેશના વિવિધ રાજ્યોમાં તાજેતરમાં બનેલી અકસ્માતની દુ:ખદ ઘટનાઓમાં અનેક લોકોએ અકાળે જીવ ગુમાવ્યા છે. આવી કરુણ ઘટનાઓ પ્રત્યે પૂજ્ય મોરારિબાપુએ ઊંડી સંવેદના વ્યક્ત કરી દિવંગતોના નિર્વાણ માટે હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરી છે તેમજ તેમના પરિવારોને દિલસોજી પાઠવી આર્થિક સહાય પહોંચાડી છે.

હૈદરાબાદ ખાતે ગણેશ વિસર્જન સમયે તળાવમાં ડૂબી જવાથી ૬ યુવકોના કરુણ મોત નિપજ્યા હતા. પૂજ્ય બાપુએ આ હતભાગી યુવકોના પરિવારોને પ્રત્યેકને રૂ. ૧૫,૦૦૦ લેખે કુલ રૂ. ૯૦,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરી છે.

બીજા બનાવમાં મુંબઈના જોગેશ્વરી ખાતે રહેતા પરિવારને નાસિક નજીક નડેલા માર્ગ અકસ્માતમાં ૫ લોકોએ પ્રાણ ગુમાવ્યા હતા. આ ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારોને પૂજ્ય બાપુએ રૂ. ૭૫,૦૦૦ની સહાય જાહેર કરી છે, જે મુંબઈ સ્થિત રામકથાના શ્રોતા દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવવામાં આવશે.આ ઉપરાંત મહુવાના ભવાનીનગર વિસ્તારના એક યુવાનનું ભાદરોડ નજીક માર્ગ અકસ્માતમાં અવસાન થતાં તેના પરિવારને પણ રૂ. ૧૫,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરવામાં આવી છે.

# શેત્રુંજી ડેમ ચોથી વાર છલકાયો: ગત સાંજે ૨૦ દરવાજા ખોલાયા બાદ આજે ૧૫ બંધ કરાયા

## ગારિયાધાર અને મહુવામાં મોસમનો ૧૦૦%થી વધુ વરસાદ, ભાવનગર જિલ્લામાં સરેરાશ ૯૦.૬૦% વરસાદ નોંધાયો



ભાવનગર,તા.૧૯

ભાવનગર શહેર અને સમગ્ર જિલ્લા માટે પાક તેમજ પીવાના પાણી માટે જીવાદોરી સમાન શેત્રુંજી ડેમમાં જૂનાગઢ અને આસપાસના કેચમેન્ટ વિસ્તારમાં થયેલા સારા વરસાદને કારણે ચાલુ મોસમમાં ચોથી વખત ઓવરફ્લો થયો છે.

શુક્રવારે સૌરાષ્ટ્રના આ વિશાળ જળાશયમાં ૧૮૦૦ ક્યૂસેક પાણીની આવક થતાં સલામતીના ભાગરૂપે ૨૦ દરવાજા એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા. જોકે, શનિવારે સવારે પાણીની આવકમાં ઘટાડો નોંધાતા પહેલા ૧૦ અને ત્યારબાદ વધુ ૫ દરવાજા બંધ કરવામાં આવ્યા હતા. આ વર્ષે ૬ જુલાઈ, ૨૪ જુલાઈ, ૩૧ જુલાઈ અને ૧૮ સપ્ટેમ્બરે ડેમ છલકાયો છે. ડેમમાંથી પાણી છોડાતાં તંત્ર દ્વારા પાલિતાણાના નાની રાજસ્થળી, લાપાળીયા, લાખાવાડ, માયધાર, મેઢા તેમજ તળાજાના ભેગાળી, દાત્રડ, પિંગળી, ટીમાણા, તળાજા અને સરતાનપર સહિત ૧૭ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

બીજી તરફ, જિલ્લામાં પુન: જામેલા વરસાદી માહોલ વચ્ચે મહુવામાં સવા ઈંચ, ગારિયાધાર, પાલિતાણા અને જેસરમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો છે. અત્યાર સુધીમાં ભાવનગર જિલ્લામાં મોસમનો સરેરાશ ૫૮૮ મીમી (૯૦.૬૦%) વરસાદ વરસી ચૂક્યો છે, જેમાં ગારિયાધાર અને મહુવા તાલુકામાં ૧૦૦%થી વધુ વરસાદ નોંધાયો છે.

# રાજુલા સિટી રેલવે સ્ટેશન ખાતે 'ઓટોમેટિક ફાયર એલાર્મ એન્ડ ડિટેક્શન સિસ્ટમ' કાર્યરત

ભાવનગર,તા.૧૯

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા મુસાફરોની સુરક્ષા તથા રેલવે સંપત્તિની રક્ષા માટે એક મહત્વપૂર્ણ પહેલ કરતા રાજુલા સિટી સ્ટેશન ખાતે ઓટોમેટિક ફાયર એલાર્મ એન્ડ ડિટેક્શન સિસ્ટમ (AFDAS) સફળતાપૂર્વક કમિશન કરવામાં આવી છે. આ સુરક્ષા પ્રણાલીનો મુખ્ય ઉદ્દેશ સ્ટેશન પરિસરમાં આગ જેવી આપાતકાલીન પરિસ્થિતિમાં વહેલી તકે ચેતવણી આપવાનો છે. મંડળ રેલ પ્રબંધક (DRM) દિનેશ વર્માના માર્ગદર્શન અને સિનિયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલિકમ્યુનિકેશન એન્જિનિયર એચ. એસ. આર્યાના નેતૃત્વ હેઠળ આ કાર્ય પૂર્ણ કરાયું છે.

આ સિસ્ટમ ઓડિયો-વિઝ્યુઅલ એલાર્મ દ્વારા તાત્કાલિક માહિતી આપી મુસાફરો અને રેલવે સંપત્તિની સુરક્ષા વધારશે. સતત દેખરેખ અને ઝડપી પ્રતિસાદ આપતી આ સિસ્ટમ આપાતકાલીન સમયે રાહત કામગીરી સરળ બનાવશે. આ પહેલ દ્વારા ભાવનગર મંડળે "Safety First, Always First"ના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો છે.

# હિતેશ રાજ્યગુરુની ગુજરાત ચેમ્બરની ટેક્સ કમિટિમાં એક્ઝિક્યુટિવ પદે થઈ નિમણૂક

## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સમાં મહત્વની જવાબદારી સોંપાઈ



ભાવનગર,તા.૧૯

ભાવનગરના જાણીતા ટેક્સ એક્સપર્ટ હિતેશભાઈ રાજ્યગુરુની રાજ્ય સ્તરે મહત્વના હોદ્દાઓ પર સતત પસંદગી થઈ છે. તાજેતરમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ ખાતે ડાયરેક્ટ ટેક્સ કમિટિમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે એક્ઝિક્યુટિવ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ટેક્સ લો કમિટિમાં વર્ષ ૨૦૨૬-૨૮ના બે વર્ષના સમયગાળા માટે ચેરમેન તરીકે તેમની વરણી કરવામાં આવી છે.

હિતેશભાઈ અગાઉ પણ ભાવનગર ઈનકમટેક્સ બાર એસોસિએશનના પ્રમુખ તરીકે તેમજ ગ્રાહક સુરક્ષા મંડળમાં ટ્રસ્ટી તરીકે પોતાની સેવાઓ આપી ચૂક્યા છે.રાજ્ય સ્તરે થયેલી આ નિમણૂકથી ચેમ્બરના સભ્યો, વેપારીઓ, ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રના અગ્રણીઓ અને વકીલ મિત્રોમાં આનંદ અને હર્ષની લાગણી છવાઈ છે.

### વડાપ્રધાન મોદીની પ્રેરણાથી દર મહિનાના છેલ્લા રવિવારે સ્વચ્છતા કામગીરી : વર્ષ બીજું

# કોળીયાક બીચ ખાતે સ્વચ્છતા ઝુંબેશ: મંત્રી બાંભણીયાનું 'બીચ બંધુ' અભિયાન બન્યું જનભાગીદારીનું માધ્યમ

## પર્યાવરણ સંરક્ષણ એ માત્ર સરકારની નહીં પણ સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી: કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન



ભાવનગર,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ભાવનગર જિલ્લામાં ચાલતા 'બીચ બંધુ' અભિયાન અંતર્ગત ઘોઘા તાલુકાના કોળીયાક બીચ ખાતે વિશાળ સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં દરિયાકિનારેથી પ્લાસ્ટિકનો કચરો, બોટલો અને થેલીઓ એકત્ર કરી પ્લાસ્ટિકમુક્ત પર્યાવરણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું કે, દરિયાકિનારાની સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ એ માત્ર સરકારની નહીં પણ સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી છે. દરિયામાં ફેંકાતું પ્લાસ્ટિક જળચર જીવો માટે જોખમી છે. તેમણે યુવાનોને વોટ્સએપ લિંક મારફતે સરળતાથી વિગતો ભરી 'બીચ બંધુ' તરીકે જોડાવા આહવાન કર્યું હતું. 'વિકસિત ભારત'ના નિર્માણમાં પર્યાવરણ જતન ખૂબ જ મહત્વપૂર્ણ છે.

આ પ્રસંગે દર મહિનાના છેલ્લા રવિવારે ભાવનગરના દરિયાકાંઠાના વિસ્તારોમાં સ્વચ્છતા પ્રવૃત્તિ હાથ ધરવાનો સંકલ્પ લેવાયો હતો. ઉપસ્થિત સૌ નાગરિકોએ પર્યાવરણ જાળવણીના શપથ લીધા હતા. આ કાર્યક્રમમાં ડો. ગણેશ બારૈયા, માય ભારત ગ્રુપ, ભાવનગર મેડિકલ કોલેજ અને ઘોઘા સરકારી કોલેજના વિદ્યાર્થીઓ, સરપંચઓ, પંચાયતના સભ્યો તથા ચેમ્બર ઓફ કોમર્સ સહિત વિવિધ સંસ્થાઓ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી.

# શિશુવિહારમાં દાદા-દાદી અને પૌત્રોએ સાથે મળી બનાવ્યા માટીના ગણપતિ

## ત્રીજા 'સ્વસ્થ વૃદ્ધત્વ કાર્યક્રમ' અંતર્ગત ૪૦થી વધુ વડીલો અને બાળકોએ ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓ તૈયાર કરી સર્જાત્મક આનંદ માણ્યો



ભાવનગર,તા.૧૯


ગણેશ ચતુર્થીના પવિત્ર પર્વના પ્રારંભે શિશુવિહાર સંસ્થા ખાતે એક અત્યંત પ્રેરણાદાયી અને ભક્તિમય સંસ્કાર સભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિશુવિહારમાં ચાલતા ત્રીજા 'સ્વસ્થ વૃદ્ધત્વ કાર્યક્રમ' અંતર્ગત વડીલોએ પોતાના પૌત્રો અને ક્રીડાંગણના તાલીમાર્થીઓ સાથે મળીને ભાવપૂર્વક માટીના ગણપતિ બનાવ્યા હતા. રમેશભાઈ ગોહિલ તથા શ્રીમતી પ્રીતિબેન ભટ્ટના કૌશલ્યપૂર્ણ માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ કાર્યશાળામાં ૪૦થી વધુ વડીલો અને બાળકો ઉત્સાહભેર જોડાયા હતા. પર્યાવરણ જતન અને દાદા-પૌત્રના નિ:સ્વાર્થ પ્રેમનો સુંદર સમન્વય સાધતા આ આયોજનમાં સહુએ સ્વહસ્તે માટીના ઈકો-ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિઓ ઘડીને ગણેશોત્સવની ઉજવણીનો અનિર્વચનીય આનંદ અને સંતોષ અનુભવ્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## સૌરાષ્ટ્ર આસપાસ

# આકાશમાં સ્વદેશી ગર્જના

ભારતીય સુરક્ષા દળો અને ઉડ્ડયન ક્ષેત્ર માટે ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬નો દિવસ ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ બની રહ્યો છે. બેંગલુરુમાં યોજાનારા ભવ્ય સમારોહમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ ભારતીય વાયુસેનાને સ્વદેશી હળવા લડાકુ વિમાન તેજસનું અંતિમ કામગીરી મંજૂરી ધરાવતું બે બેઠકોવાળું તાલીમ વિમાન સોંપશે. તેની સાથે એચટીટી-૪૦ પ્રાથમિક તાલીમ વિમાન પણ વાયુસેનાને આપવામાં આવશે. નાગરિક ઉડ્ડયન કંપની પવન હંસને અત્યાધુનિક ધ્રુવ નવી પેઢીનું હેલિકોપ્ટર સોંપવામાં આવશે. આ માત્ર વિમાનોનું ઔપચારિક હસ્તાંતરણ નથી. આ ભારતની આત્મનિર્ભરતાની ઉડાનનું પ્રતીક છે.તેજસ કાર્યક્રમની શરૂઆત ૧૯૮૦ના દાયકામાં થઈ હતી. લાંબા સમય સુધી આ કાર્યક્રમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. વિલંબ થયો અને તકનીકી પડકારો પણ આવ્યા. છતાં ભારતીય વૈજ્ઞાનિકો, ઈજનેરો અને પાયલોટોએ હિંમત હારી નહીં. તેમની સતત મહેનતનું પરિણામ આજે દેશની સામે છે.તેજસનું બે બેઠકોવાળું તાલીમ વિમાન વાયુસેનાને મળવું મહત્વપૂર્ણ છે. હવે યુવા લડાકુ પાયલોટોને સ્વદેશી વિમાન પર જ સંપૂર્ણ કામગીરીલક્ષી તાલીમ મેળવવાની વધુ તક મળશે. આથી તાલીમ વ્યવસ્થામાં આત્મનિર્ભરતાનો નવો અધ્યાય શરૂ થશે.ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં તેજસ માત્ર એક લડાકુ વિમાન નથી. તે દેશની વૈજ્ઞાનિક ક્ષમતા અને સંશોધન શક્તિનું પરિણામ છે. તે આત્મનિર્ભર ભારતની લાંબી યાત્રાનું પ્રતીક પણ છે. તેજસની રચના અને વિકાસ એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા કરવામાં આવ્યો છે. તેના ઉત્પાદનની મુખ્ય જવાબદારી હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સંભાળે છે.તેજસને ભારતીય વાયુસેનાના જૂના મિગ-૨૧ વિમાનોના વિકલ્પ તરીકે વિકસાવવામાં આવ્યું હતું. તે હળવું અને વિવિધ પ્રકારની કામગીરી કરી શકતું લડાકુ વિમાન છે. હવાઈ સુરક્ષા ઉપરાંત જમીન પરના લક્ષ્યો સામે કામગીરી માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે. દરિયાઈ ક્ષેત્રમાં પણ તેની ઉપયોગીતા છે. તેમાં આધુનિક ડિજિટલ કોકપિટ, વિદ્યુત નિયંત્રિત ઉડાન વ્યવસ્થા અને અન્ય આધુનિક તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.તેજસ કાર્યક્રમની સૌથી મોટી સિદ્ધિ એ છે કે તેના વિકાસ સાથે ભારતમાં લડાકુ વિમાન બનાવવાની કુશળતા વિકસતી ગઈ. સાથે સાથે જરૂરી ઔદ્યોગિક માળખું પણ ઊભું થયું. સરકારી સંસ્થાઓ, સંશોધન કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ અને ખાનગી ઉદ્યોગોએ મળીને આ કાર્ય આગળ ધપાવ્યું છે.



# ૨૧-સમર્પણ અને સંસ્કારની સરવાણી: હરભાઈ અને પ્રેરણામૂર્તિ સંતોકબહેન

- પત્નીના અપાર શ્રમ અને સંઘર્ષે હરિશંકરમાં 'ચિંતન'નો પ્રવેશ કરાવ્યો.
- એક જ પરિવારમાં શિક્ષણ, કલા અને વિજ્ઞાનનો આવો અપ્રતિમ ત્રિવેણી સંગમ જવલ્લે જ જોવા મળે છે.

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

ગુજરાતના શિક્ષણક્ષેત્રે જેમની કીર્તિ અને સિદ્ધિનો સૂર્ય સદાય મધ્યાહ્ને તપતો રહ્યો છે, તેવા ક્રાંતિકારી કેળવણીકાર હરભાઈના વ્યક્તિત્વઘડતરમાં જો કોઈ સૌથી પ્રબળ પરિબળ હોય, તો તે તેમનાં ધર્મપત્ની અને પ્રેરણામૂર્તિ શ્રીમતી સંતોકબહેન. સાહિત્યિક અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, હરભાઈની શૈક્ષણિક પ્રતિભા અને ઉત્કૃષ્ટ ઊંચાઈ પાછળ સંતોકબહેનની મૂક હૂંફ અને અવિરત કૌટુંબિક ઉષ્માએ એક ચાવીરૂપ અને પાયાની ભૂમિકા ભજવી હતી.

માત્ર બાર વર્ષની કુમળી વયે વરતેજના દુર્લભજી ત્રિવેદીના સાસરે આવેલી 'સંતોક' નામની કિશોરીએ હરભાઈને જીવન જીવવાની સાચી પ્રેરણા આપી. હરિશંકર (હરભાઈ) જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં હતા, ત્યારે મા વિનાના બહોળા કુટુંબની સમગ્ર ઘરગથ્થુ જવાબદારી સંતોકબહેનના માથે આવી પડી. પરોઢિયે વહેલી ઊઠીને અવિરત કામ કરતી અને રાત્રે મોડેથી જરા નીરાંત લેતી સંતોકની આપવીતી સાંભળી હરિશંકરનું હૃદય દ્રવી ઊઠતું. પત્નીના આ અપાર શ્રમ અને સંઘર્ષે હરિશંકરમાં 'ચિંતન'નો પ્રવેશ કરાવ્યો. જીવનની રોજબરોજની વ્યાવહારિક સમસ્યાઓ વિશે ઊંડું મનન કરવાની આ પ્રક્રિયામાંથી જ પહેલાં આર્થિક ઉપાર્જનની મથામણ જન્મી અને આગળ જતાં મુંબઈમાં શિક્ષક બનવાની અણધારી તક સાંપડી. ત્યારબાદ શૈક્ષણિક ક્ષેત્રે તેમના ઊંડા મનન-ચિંતને અવનવા પ્રયોગો અને નવીન શિક્ષણ ફિલસૂફીને જન્મ આપ્યો, જેમાંથી હરભાઈનું મહાન 'શિક્ષકવ્યક્તિત્વ' કંડારાયું.

પાલિતાણાના અશિક્ષિત છતાં વ્યવહારકુશળ, સંસ્કારી અને ઉદાર દિલના સંતોકબહેને સાસરીની તમામ જવાબદારીઓ હસતાં મુખે સ્વીકારી હતી. પતિ હરભાઈ જ્યારે તેમની કઠિન પરિસ્થિતિ જોઈને નિરાશ થતા, ત્યારે તેઓ અત્યંત પરિપક્વતાથી હિંમત આપીને તેમને ઉજ્જવળ ભવિષ્ય પ્રત્યે આશાવાદી બનાવતાં.

આ સમભાવ, સહનશીલતા અને સહિષ્ણુતાને કારણે સંતોકબહેન એક આદર્શ અને ઠરેલ ગૃહિણી બન્યાં. હરભાઈ શિક્ષણકાર્યમાં એટલા ગળાડૂબ રહેતા કે દિવસ અને રાત્રિના મોટાભાગના કલાકો વિદ્યાર્થીઓ, વિદ્યા અને સંસ્થા સાથે જ વીતતા. આમ છતાં, સંતોકબહેને કદી અણગમો વ્યક્ત ન કર્યો. તેમણે દક્ષિણામૂર્તિ સંસ્થાના સહકાર્યકરોની પત્નીઓ અને બાળકોને પોતાના પરિવાર સમાન ગણ્યા. તેઓ બપોરે બહેનોને ભેગાં કરી નવી વાનગીઓ, અથાણાં, પાપડ, વડી અને ગૃહઉદ્યોગની અન્ય વસ્તુઓ બનાવતા શીખવતાં. માંદગીના સમયે દેશી દવાઓ અને ઘરગથ્થુ ઉપચારો દ્વારા વડીલની ભૂમિકા ભજવતાં. તેમના આ ઉદાર દિલ, વાત્સલ્ય અને આતિથ્ય સત્કારને લીધે સૌ તેમને 'અન્નપૂર્ણા' કહીને બોલાવતા. સામાજિક કટોકટીમાં જ્યારે જ્ઞાતિજનોએ હરભાઈને જ્ઞાતિબહાર મૂક્યા, ત્યારે પણ સંતોકબહેને અજોડ હિંમત દાખવી તેમની પડખે અડગ ઊભાં રહ્યાં. જો સંતોકબહેનનું આ પ્રેમાળ સાન્નિધ્ય ન હોત, તો કદાચ હરિશંકરમાંથી એક લબ્ધપ્રતિષ્ઠ કેળવણીકાર 'હરભાઈ'નું સર્જન અશક્ય બની રહ્યું હોત.

હરભાઈ અને સંતોકબહેનનો પરિવાર: સંસ્કાર અને સમર્પણની વિરાસત: હરભાઈ અને સંતોકબહેનનો સંસ્કારવારસો ગુજરાતના કેળવણી જગતનો એક ગૌરવવંતો ઈતિહાસ છે. તેમના દીર્ઘ અને સમતોલ દામ્પત્યજીવનના આશીર્વાદરૂપે તેમને છ સંતાનો પ્રાપ્ત થયાં, જેમણે સમાજમાં સેવા, સમર્પણ અને અપ્રતિમ તેજસ્વીતાથી પોતાની આગવી ઓળખ ઊભી કરી છે:

૧. જશીબહેન (યશોધરા): પરિવારના જ્યેષ્ઠ પુત્રી જશીબહેનનું પ્રારંભિક શિક્ષણ ગિજુભાઈ બધેકા અને પિતા હરભાઈના સાન્નિધ્યમાં ભાવનગરની 'દક્ષિણામૂર્તિ' સંસ્થામાં થયું. કર્વે યુનિવર્સિટીમાંથી સ્નાતક થઈ તેઓ નડિયાદની વિઠ્ઠલ કન્યાવિદ્યાલય અને બાદમાં ભાવનગરની 'ઘરશાળા'માં શિક્ષિકા બન્યાં. અહીં જ તેમણે પ્રગતિશીલ આચાર્ય રઘુભાઈ નાયક સાથે સાદગીપૂર્ણ આંતરજ્ઞાતિય લગ્ન કર્યાં. આ દંપતીએ અમદાવાદના શ્રમિક વિસ્તાર સરસપુરમાં કપરી પરિસ્થિતિઓ વચ્ચે, પતરાના શેડમાં રહીને પણ હિંમત હાર્યા વિના 'સરસ્વતી હાઈસ્કૂલ'નો શિક્ષણ યજ્ઞ અવિરત ચાલુ રાખ્યો.

તેમણે શિક્ષણશાસ્ત્રમાં મ.ઈંદ્ર. અને સ.ઈંદ્ર. કરી 'અસારવા વિદ્યાલય' અને 'જે. એન. બાલિકા વિદ્યાલય'માં યશસ્વી સેવાઓ આપી. બાળમનોવિજ્ઞાન પરના તેમના સંશોધનાત્મક કેસ સ્ટડીઝ 'ઘરશાળા' માસિકમાં અંકિત થયા છે. તેમની પ્રતિભાથી આકર્ષાઈને ભારત સરકારે તેમને માલદીપ ટાપુઓની શિક્ષણ પદ્ધતિના અભ્યાસ માટે ખાસ નિયુક્ત કર્યાં હતાં. સંગીતપ્રેમી જશીબહેન દિલ્હીની સરદાર પટેલ વિદ્યાલયમાં સેવાઓ આપ્યા બાદ અમદાવાદમાં સરસ્વતી વિદ્યામંડળમાં સક્રિય હતા.

૨. ભરતભાઈ: હરભાઈના જ્યેષ્ઠ પુત્ર ભરતભાઈએ મ.જીષ્ઠ. અને સ.જીષ્ઠ. કર્યા બાદ અમેરિકાથી પેથોલોજીમાં ર.ઢ. ની પદવી મેળવી શિકાગોમાં એક પ્રતિષ્ઠિત પેથોલોજિસ્ટ તરીકે નામના મેળવી અને પોતાની લેબોરેટરી સ્થાપી. અભ્યાસની સાથે રાષ્ટ્રભક્તિ પણ તેમના લોહીમાં વણાયેલી હતી, જેના કારણે તેમણે ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળમાં એક દેશભક્ત યુવાન તરીકે ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમનાં પત્ની મૃદુલાબહેન (સ.જીષ્ઠ.) પણ વિજ્ઞાન ક્ષેત્ર સાથે જોડાયેલાં હોવા ઉપરાંત ઉત્તમ ચિત્રકાર છે. ૧૯૭૬માં ભરતભાઈના અવસાન બાદ તેઓ ભારત પરત ફર્યાં. તેમનો પુત્ર ગૌતમ અમેરિકામાં મિલિટરી એન્જિનિયર છે.

૩. બકુલેશભાઈ: દ્વિતીય પુત્ર બકુલેશભાઈ સ્વભાવે મનમૌજી, જીવંત અને કલાપ્રેમી વ્યક્તિત્વ ધરાવતા હતા. ઔપચારિક ભણતરમાં ઓછો રસ હોવા છતાં, તેમનું ભાષા પ્રભુત્વ અને વ્યવહારકુશળતા અજોડ હતા. ૧૯૪૯માં ઈન્ટરનેશનલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ તેઓ અમેરિકા ગયા અને ત્યારબાદ ઈંગ્લેન્ડથી સ્મ્છ ની પદવી મેળવી. મુંબઈની વિખ્યાત કામાણી કંપનીમાં વરિષ્ઠ વહીવટી પદ પર રહીને તેમણે અનેક જરૂરિયાતમંદ યુવાનોને પગભર થવામાં આશ્રય આપ્યો. ૧૯૮૨માં તેમનું અવસાન થયું. તેમનાં સેવાભાવી પત્ની ઈન્દુલાબહેને સામાજિક કાર્યકર તરીકે લાંબો સમય હરકિશનદાસ હોસ્પિટલ જેવી સંસ્થાઓમાં સેવાઓ આપી છે.

૪. ઈન્દુબહેન: હરભાઈના શૈક્ષણિક વિચારોનાં સાચાં વારસદાર એવાં ઈન્દુબહેને (મ.છ., મ.ઈંદ્ર.) આજીવન અપરિણીત રહી માતપિતાની સેવા અને શિક્ષણકાર્યમાં પોતાનું જીવન સમર્પિત કર્યું. અધ્યાપન મંદિરમાં રહીને તેમણે હજારો ભાવિ શિક્ષિકાઓનું નૈતિક અને વ્યાવહારિક ઘડતર કર્યું, જેને લીધે સૌ આદરપૂર્વક તેમને 'માડી' કહેતા અને કુટુંબના તમામ બાળકો તેમને 'બીજી બા' માનતા. સુઘડતા, અતિથિસત્કાર અને હકારાત્મક જીવનદૃષ્ટિ તેમનો જીવનમંત્ર હતા. વાચનપ્રિય ઈન્દુબહેન પોતાનાં બહેન ઉષાબહેનના પરિવાર સાથે સ્નેહપૂર્ણ જીવન ગાળ્યું.

૫. અરુણાબહેન: અરુણાબહેન વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની 'ફેકલ્ટી ઓફ હોમ સાયન્સ'ની પ્રથમ બેચના વિદ્યાર્થિની હતાં અને બાદમાં ત્યાં જ વ્યાખ્યાતા તરીકે નિવૃત્ત થયાં. પૂર્વપ્રાથમિક ક્ષેત્રે બાળકોને ગણિત, ભાષા અને વિજ્ઞાન જેવા વિષયો રમત-ગમત તથા પ્રાયોગિક પદ્ધતિઓ દ્વારા સરળતાથી શીખવવાની પદ્ધતિ પર તેમણે નોંધપાત્ર સંશોધનો કરી પુસ્તકો લખ્યાં છે. તેમના પતિ પ્રદ્યુમ્નભાઈ દવે ફાઈન આર્ટસના કલા પ્રોફેસર છે. તેમની પુત્રી બેલા અમેરિકામાં ડાન્સ ગ્રૂપ ચલાવે છે અને જમાઈ ડૉ. નિશેન્દુ વસાવડા જાણીતા મનોચિકિત્સક છે.

૬. ઉષાબહેન: પરિવારનું સૌથી નાના ઉષાબહેન, જેમણે સ.છ. અને સ.ઈંદ્ર. સુધીનો અભ્યાસ કરી પ્રાથમિક શિક્ષક અધ્યાપનમંદિરમાં આચાર્યા તરીકે દીર્ઘકાલીન ઉત્કૃષ્ટ સેવાઓ આપી. શિક્ષણ ક્ષેત્રે તેમના વિશિષ્ટ પ્રદાન બદલ ગુજરાત સરકારે તેમને 'શ્રેષ્ઠ શિક્ષક'ના ગૌરવશાળી એવોર્ડથી સન્માનિત કર્યા હતા. તેમણે પિતાના આદર્શો અને 'ઘરશાળા'ની કીર્તિને સદાય ધબકતી રાખી છે. તેમના પતિ રમણિકભાઈ પટેલ ભાવનગરના પ્રતિષ્ઠિત અને પરોપકારી ઉદ્યોગપતિ હતા (અવસાન ૧૯૮૪). તેમનો પુત્ર ભાવિકભાઈ પિતૃપથ પર વેપારમાં વ્યસ્ત છે, જ્યારે પુત્રી પૂર્વી અમદાવાદમાં શિક્ષિકા તરીકે સેવારત છે.

એક જ પરિવારમાં શિક્ષણ, કલા અને વિજ્ઞાનનો આવો અપ્રતિમ ત્રિવેણી સંગમ જવલ્લે જ જોવા મળે છે. હરભાઈ અને સંતોકબહેને રોપેલું સંસ્કારનું નાનું રોપડું આજે વટવૃક્ષ બનીને ત્રણેય પેઢીઓમાં શિક્ષણ અને નૈતિકતાની સુવાસ ફેલાવી રહ્યું છે. સાહિત્યિક દૃષ્ટિએ જોઈએ તો, આ માત્ર એક પરિવારની વાર્તા નથી, પરંતુ મૂલ્યનિષ્ઠ આધુનિક ગુજરાતના સામાજિક અને શૈક્ષણિક નવજાગરણનો એક ગૌરવશાળી અને પ્રેરણાદાયી ઐતિહાસિક દસ્તાવેજ છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારી માનસિક સ્થિતિ ઘણી સારી રહેશે, કારણ કે તમે આ દરમિયાન દરેક પ્રકારના તણાવથી પોતાને દૂર રાખવામાં સફળ રહેશો. જો કે બદલાતા હવામાન દરમિયાન તમને નાની-મોટી બીમારીઓ થઈ શકે છે, પરંતુ તે સિવાય કોઈ મોટી બીમારી આ સમયે તમને નહીં થાય. આશંકા છે કે તમારું દારૂ અથવા અન્ય કોઈ નશાકારક પદાર્થનું સેવન કરવું તમને ધનહાનિ કરાવી શકે છે. કારણ કે શક્ય છે કે તમે નશાની હાલતમાં તમારી કોઈ કિંમતી વસ્તુ ક્યાંક ગુમાવી દો, જેનો તમને પછીથી પસ્તાવો થશે. તમે અવારનવાર તમારી ક્ષમતા કરતાં વધુ વચન અન્ય લોકોને આપી બેસો છો, જેનાથી તમે તમારી જાતને ન ઈચ્છવા છતાં પણ મુશ્કેલીમાં મૂકી દો છો. પરંતુ આ અઠવાડિયે તમારે આવું કરવાથી બચવું પડશે. અન્યથા તમે તમારી વિશ્વસનીયતા ગુમાવી શકો છો. તેથી તે જ કાર્યનું વચન આપો જેને પૂરું કરવાની ક્ષમતા તમારી પાસે હોય. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ સમય ઘણો સારો સાબિત થશે, કારણ કે આ દરમિયાન તમે કેટલાક નવા ઉત્પાદનો અથવા વ્યવસાય શરૂ કરી શકો છો. આ સાથે આ અઠવાડિયે તમે કેટલાક નવા જોખમો (રિસ્ક) લેવાથી પણ અચકાશો નહીં, જેનાથી તમને આ દરમિયાન ચોક્કસ લાભ મળશે.

**વૃષભ - (બ, વ, ઉ)** ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારા ભૂતકાળના ઘણા ખોટા નિર્ણયો તમારા માટે માનસિક અશાંતિ અને ઘરેલું કલેશનું કારણ બની શકે છે. આવી સ્થિતિમાં જેટલું શક્ય હોય ઘરના લોકો સાથે બેસીને દરેક સમસ્યાને શાંતિપૂર્વક ઉકેલવાનો પ્રયાસ કરો. અન્યથા વાત બગડવા પર તમે તમારી જાતને એકલા અનુભવશો અને સાચું-ખોટું નક્કી કરવામાં અસમર્થતા અનુભવશો. રાશિ પ્રમાણે ગુરુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમને એ વાતનો અહેસાસ થશે કે ખરાબ સમય માટે જ ધન સંચય કરવામાં આવે છે. કારણ કે આ અઠવાડિયે તમારી આર્થિક સ્થિતિ થોડી ઉપર-નીચે થઈ શકે છે, પરંતુ ભૂતકાળમાં તમારા દ્વારા સંચિત કરવામાં આવેલું ધન તમારા કામમાં આવશે અને તમે ખરાબ આર્થિક સ્થિતિઓમાંથી આ સમયે પણ મુક્તિ મેળવવામાં સફળ રહેશો. પારિવારિક વાતાવરણમાં અશાંતિ જોવા મળશે. આવી સ્થિતિમાં તમારે તમારા વ્યસ્ત કાર્યોમાંથી થોડો સમય કાઢીને તમારા ઘર-પરિવારની સમસ્યાઓ હલ કરવાનો પ્રયાસ કરવો પડી શકે છે. જો કે આ હોવા છતાં તમે આ આખું અઠવાડિયું પરિવારમાં ચાલી રહેલા તણાવના કારણે માનસિક રીતે ખૂબ જ ચિંતિત જોવા મળશો. આ અઠવાડિયે તમારી સમક્ષ આવનારા ઘણા નવા પ્રસ્તાવો તમારા માટે ખૂબ જ આકર્ષક હશે. પરંતુ તમારે એ વાત પણ સમજવાની જરૂર હશે કે ભાવનાઓમાં વહીને કોઈ પણ નિર્ણય ઉતાવળમાં લેવો એ સમજદારીનું કામ નથી, પરંતુ મૂર્ખામીભર્યું કાર્ય છે.

**મિથુન - (ક, છ, ઘ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે નિયમિત વ્યાયામ જ તમને તંદુરસ્ત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ દરમિયાન તમારા સ્વાસ્થ્યમાં ઘણા સારા ફેરફારો આવવાના પૂરેપૂરા યોગ બનતા જોવા મળી રહ્યા છે. ખાસ કરીને તે લોકો માટે સમય વિશેષ સારો રહેશે જેમને સ્થૂળતાની (જાડાપણાની) સમસ્યા છે. કારણ કે તે લોકોને આ સમયે પોતાની કેટલીક પરેશાનીઓમાંથી હંમેશ માટે મુક્તિ મળી શકશે. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારી લાલચ જ તમારી સૌથી મોટી દુશ્મણ સાબિત થશે. કારણ કે આશંકા છે કે કોઈ વ્યક્તિ તમને કોઈ ગેરકાનૂની કાર્ય કરવા માટે પૈસાની લાલચ આપે, જેના પછી તમારી આંખો પર લાલચની પટ્ટી બંધાઈ જાય અને તમે તમારી જાતને કોઈ મોટી મુશ્કેલીમાં ફસાવી બેસો. તમારા તે સંબંધીઓ અથવા મિત્રો સાથે તમને આ અઠવાડિયે વાતચીત અને સંપર્ક કરવામાં મદદ મળશે, જે લોકો સાથે તમારી મુલાકાત ક્યારેક-ક્યારેક જ થતી હોય. કારણ કે આ સમય તમારા જૂના સંબંધોને ફરીથી વિકસાવવા અને તેમાં સુધાર લાવવા માટે વિશેષ સારો સાબિત થવાનો છે.

**કર્ક - (ડ, હ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારી અતિશય મસાલેદાર અને તળેલું ભોજન ખાવાની આદત તમને સ્વાસ્થ્ય કષ્ટ આપી શકે છે. જેના કારણે તમારે તાત્કાલિક ડોક્ટર પાસે પણ જવું પડી શકે છે. એ જોવામાં આવ્યું છે કે તમે જીવનમાં પૈસાની અહેમિયતને નથી સમજતા, પરંતુ આ અઠવાડિયે તમને પૈસાની અહેમિયત સારી રીતે સમજાઈ શકે છે. કારણ કે આ દરમિયાન તમને પૈસાની ખૂબ જરૂર પડશે, પરંતુ તમારી પાસે પૂરતું ધન નહીં હોય. સાથે જ આ મામલામાં તમે કોઈ નજીકની વ્યક્તિ પાસેથી પણ આર્થિક સહયોગની આશા રાખી શકશો નહીં. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે ઘર-પરિવારમાં કોઈ પ્રકારનો કાર્યક્રમ આયોજિત થઈ શકે છે, જેના પર તમારે તમારું ઘણું ધન ખર્ચ કરવું પડશે. આનાથી તમારા માનસિક તણાવમાં વધારો થશે, સાથે જ તમે અતિશય ઘરેલું કાર્યોના કારણે પોતાના કાર્યક્ષેત્ર પર જરૂરી ધ્યાન આપવામાં પોતાની જાતને અસમર્થ અનુભવશો. એ જોવામાં આવ્યું છે કે આપણે કરિયરમાં આગળ વધતા અહંકારમાં આવીને આપણી આસપાસના લોકો જેવા કે આપણા વાલીઓ, આપણા ગુરુ અને મિત્રોને ભૂલી જઈએ છીએ.

**સિંહ - (મ, ટ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય થોડું નરમ-ગરમ રહેશે, આ કારણે વધુ યાત્રા કરવી તમારા સ્વભાવમાં થોડો ચીડિયોપણો પણ પેદા કરી શકે છે. આવી સ્થિતિમાં સૌથી વધુ પોતાના સ્વાસ્થ્યને મહત્વ આપતા યાત્રા કરવાનું ટાળો. આ અઠવાડિયે તમે કોઈ વિપરીત લિંગની વ્યક્તિને આકર્ષિત કરવા માટે, ન ઈચ્છવા છતાં પણ તેના પર પોતાનું ઘણું ધન ખર્ચ કરી શકો છો. જેનાથી તમને પછીથી પરેશાની થશે. ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે બીજાઓ પર ધન ખર્ચ કરતી વખતે થોડું બુદ્ધિપૂર્વક કામ લેવું જ તમારા માટે આ સમયે સૌથી વધુ બહેતર રહેવાનું છે. આ અઠવાડિયે તમને તમારા પિતાજી અથવા તમારા મોટા ભાઈ સાથે સારા સંબંધો સ્થાપિત કરવાની ઘણી તકો મળવાની સંભાવના છે. આ દરમિયાન તમારા માટે પણ જરૂરી છે કે તમે તેમનો આદર કરો અને તેમની વાતો તથા સલાહને યોગ્ય મહત્વ આપીને ઘરેલું પરિસ્થિતિઓને બહેતર કરો.

**કન્યા - (પ, ઠ, ણ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે તમને ચહેરા અને ગળાને લગતી ભૂતકાળની દરેક સમસ્યામાંથી આ અઠવાડિયે મુક્તિ મળી શકે છે. જો કે આના માટે તમારે વધુ ઠંડું પાણી પીવાથી બચવું પડશે, સાથે જ માત્ર ને માત્ર ઘરનું જ ભોજન ખાતા તાજા ફળોનું સેવન કરવું પડશે. તમે ચહેરાને લગતી સમસ્યાઓથી બચવા માટે વધુમાં વધુ પાણી પણ પી શકો છો. તમારું ધન કોઈ પણ પ્રકારની કમિટી અથવા કોઈ પણ ગેરકાનૂની રોકાણમાં લગાવવાથી બચો, પછી ભલે તમને તેનો સારો નફો કેમ ન દેખાઈ રહ્યો હોય. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે શક્ય છે કે શરૂઆતમાં તમને તમારું ધન સુરક્ષિત દેખાય, પરંતુ પછીથી તેનાથી તમને કોઈ મોટું નુકસાન થઈ શકે છે. કોઈ પૈતૃક સંપતિ કે જમીનને લગતો કોઈ વિવાદ જો કોર્ટ-કચેરીમાં ચાલી રહ્યો હતો, તો આ અઠવાડિયે તેનો ફેંસલો તમારા પક્ષમાં આવવાની સંભાવના વધુ રહેશે. જો કે આના માટે તમારે શરૂઆતથી જ ઘરના વડીલોની મદદથી યોગ્ય નિર્ણય લેવાની સલાહ આપવામાં આવે છે. જેના પર તમારે પોતાનું થોડું ધન પણ ખર્ચ કરવું પડશે. તમારે આ આખા અઠવાડિયે દરેક વાતને ધીરજ સાથે યોગ્ય રીતે સાંભળવાની અને સમજવાની જરૂર પડશે, કારણ કે આશંકા છે કે તમે પોતાને સર્વોપરી સમજતા અહંકારમાં આવી જાઓ.

**તુલા - (ર, ત) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમને આંખને લગતી કોઈ સમસ્યા પરેશાન કરી શકે છે. તેથી તમારા માટે બહેતર એ જ રહેશે કે ધૂળવાળી કે વધુ પ્રદૂષણવાળી જગ્યાઓ પર જવાનું ટાળો અને જેટલું શક્ય હોય સવારે લીલા ઘાસ પર ઉઘાડા પગે લગભગ ૩૦ મિનિટ સુધી ચાલો. આનાથી તમને સારા ફળો પ્રાપ્ત થશે. ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે આર્થિક નજરિયાથી આ અઠવાડિયું ધન સંબંધી બાબતોમાં તમને સામાન્ય કરતાં સારા ફળોની પ્રાપ્તિ કરાવશે. કારણ કે યોગ બની રહ્યા છે કે આ રાશિના નોકરીયાત લોકોને આ દરમિયાન તેમના કામ પ્રમાણે પ્રગતિ તો મળશે જ, સાથે જ ઘણા જાતકોના વેતનમાં વૃદ્ધિ થવાની સંભાવના પણ બની રહી છે. આવી સ્થિતિમાં આ ઉત્તમ સમયનો યોગ્ય લાભ ઉઠાવતા, દરેક તકમાંથી ધન કમાવવા તરફ પોતાના પ્રયાસો ચાલુ રાખો. સાપ્તાહિક રાશિફળ મુજબ, તમારી રાશિના જાતકોને આ અઠવાડિયે પોતાના પારિવારિક જીવનમાં અપાર સુખ મળવાના યોગ બનશે. આ સમયે તમે પારિવારિક સભ્યોની વચ્ચે ભૂતકાળના દરેક પ્રકારના મતભેદોને પણ ખતમ કરવામાં સફળ રહેશો.

**વૃશ્ચિક - (ન, ય) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે કરિયરને લઈને તણાવના લીધે તમને નાની-મોટી બીમારીઓનો સામનો કરવો પડી શકે છે. તેથી સુકૂન અને મગજને શાંત કરવા માટે મિત્રો અને પરિવાર સાથે થોડો સમય વિતાવો અને શક્ય હોય તો તમે તેમની સાથે કોઈ નાની યાત્રા પર જવાનો પ્લાન પણ કરી શકો છો. આ અઠવાડિયાના બીજા ભાગમાં તમને આર્થિક રીતે કોઈ મોટો ફાયદો થશે. જેના કારણે તમે કોઈ નવું ઘર કે વાહન ખરીદવાનો પ્લાન કરી શકો છો. નવી વસ્તુઓની ખરીદીથી ઘરના સભ્યો તમારાથી ખાસા ખુશ પણ જોવા મળશે. બીજાના પ્રયાસોમાંથી તમારું વગર કારણે ખામીઓ કાઢવું આ અઠવાડિયે પરિવારના કેટલાક સભ્યો સાથે તમારો ઝઘડો કરાવી શકે છે. તેથી પોતાની આ આદતમાં ફેરફાર લાવો અને બીજાના કામની પ્રશંસા કરો, ન કે તેમના કામમાંથી ખામી કાઢો. ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે પૂર્વના અઠવાડિયાની અપેક્ષાએ, આ અઠવાડિયું તમારા કરિયરને રફ્તાર આપવાનું કાર્ય કરશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારા આત્મવિશ્વાસ અને ઉર્જાના સ્તરમાં સારો વધારો આવવાના યોગ બનશે. જો કે આ દરમિયાન પોતાની ઉર્જાને વેડફ્યા વિના તમારે તેને યોગ્ય દિશામાં લગાવતા તે તમામ કાર્યો કરવાની જરૂર પડશે જે લાંબા સમયથી તમે ટાળી રહ્યા હતા. તમારે એ વાતને સમજવી પડશે કે કંઈ પણ ખરીદતા પહેલા તે વસ્તુઓનો ઉપયોગ કરો જે પહેલાથી જ તમારી પાસે છે. કેમ કે શક્ય છે કે ઉતાવળમાં આવીને તમે કોઈ એવી વસ્તુ પર પોતાનું ધન ખર્ચ કરી દો જે તમારી પાસે પહેલાથી જ હાજર હોય. તેથી ઉતાવળમાં ખરીદદારી ન કરો. આ અઠવાડિયે તમે પરિવાર માટે કોઈ નવું ઘર ખરીદી શકો છો અથવા પોતાના જૂના ઘરને સુંદર અને વ્યવસ્થિત કરવાનો કોઈ નિર્ણય લઈ શકો છો. આવી સ્થિતિમાં તમે ઘરની સજાવટ પર પણ પોતાનું થોડું ધન ખર્ચ કરશો. પરંતુ આનાથી તમારી આર્થિક સ્થિતિ પર કોઈ ફરક નહીં પડે, ઊલટાનું તમે પરિવારના સભ્યોનું માન-પ્રતિષ્ઠા મેળવવામાં સફળ રહેશો. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે કાર્યસ્થળ પર તમારામાં સ્પર્ધાની ભાવના સૌથી વધુ જોવા મળશે. આ કારણે તમે દરેકથી પોતાના કાર્યોને પહેલા પૂરા કરવા માટે તત્પર તો નજરે આવશો, પરંતુ કામકાજની અતિશયતા તમારા માટે થોડી થકાવટભરી સાબિત થઈ શકે છે.

**મકર - (ખ, જ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારે વિશેષ રૂપે ઘર-પરિવારના વડીલોના સ્વાસ્થ્યનો ખ્યાલ રાખવાની જરૂર પડશે. કારણ કે યોગ દર્શાવી રહ્યા છે કે તેમને પોતાના કોઈ જૂના રોગના કારણે સમસ્યા થાય, જેની નકારાત્મક અસર જીવનના વિવિધ ક્ષેત્રો પર પણ પડશે. ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે જે આવકનો મોટો હિસ્સો તમે તમારા માતા-પિતાના સ્વાસ્થ્ય પર ખર્ચ કરી રહ્યા હતા, તેને તમે આ અઠવાડિયે સંચય કરવામાં સફળ રહેશો. કારણ કે તમારા માતા-પિતાના ખરાબ સ્વાસ્થ્યમાં સુધારો આવશે, જેનાથી તમે પણ પોતાના ધનને બચાવવામાં સફળ થઈ શકશો. તેથી તેમની શરૂઆતથી જ યોગ્ય દેખભાળ કરતા રહો. કોઈ પૈતૃક સંપત્તિ કે જમીનને લગતો કોઈ વિવાદ જો કોર્ટ-કચેરીમાં ચાલી રહ્યો હતો, તો આ અઠવાડિયે તેનો ફેંસલો તમારા પક્ષમાં આવવાની સંભાવના વધુ રહેશે. જો કે આના માટે તમારે શરૂઆતથી જ ઘરના વડીલોની મદદથી યોગ્ય નિર્ણય લેવાની સલાહ આપવામાં આવે છે. જેના પર તમારે પોતાનું થોડું ધન પણ ખર્ચ કરવું પડશે. આ અઠવાડિયે તમારે એ સમજવાની ખૂબ જ જરૂર છે કે જો તમે તમારી મહેનતનું પૂરું ફળ મેળવવા માંગતા હોવ તો, પોતાના મનને સકારાત્મક રાખવાનો પ્રયાસ કરો. કારણ કે આ અઠવાડિયું તમારા કરિયર માટે સામાન્ય કરતાં વધુ મહત્વપૂર્ણ રહેવાનું છે, જેના પરિણામ સ્વરૂપ આ દરમિયાન તમને અનેક નવી તકો મળવાની સંભાવના છે.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે શનિ બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય પહેલા કરતાં ઘણું બહેતર જોવા મળશે. જો કે કેટલીક મોસમી સમસ્યાઓ પરેશાન કરતી રહેશે, તેથી તમે જો આ દરમિયાન એવી પ્રવૃત્તિઓમાં સામેલ થાઓ છો જે રોમાંચક હોય અને તમને સુકૂન આપે તો, તમે તમારી જાતને આ નાની-મોટી સમસ્યાઓથી પણ ઘણી હદ સુધી દૂર રાખવામાં સફળ થઈ શકો છો. આ સમયે તમને ધન લાભ તો થશે જ, સાથે જ આનાથી તમારો સામનો અનેક નવી આર્થિક યોજનાઓ સાથે થવાના યોગ પણ બનશે. આવી સ્થિતિમાં કોઈ પણ નિર્ણય લેતા પહેલા, રોકાણ સાથે જોડાયેલી દરેક સારી અને નરસી બાબતો પર સાવધાનીપૂર્વક ગૌર કરો. આના માટે તમે કોઈ અનુભવી વ્યક્તિની મદદ પણ લઈ શકો છો. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે સંભાવના છે કે આ અઠવાડિયે ઘરના કોઈ સભ્યની સલાહ તમને વધારાના પૈસા કમાવવામાં મદદ કરશે, જેનાથી તમારું મન પ્રસન્ન થશે. સાથે જ તમે ઘરના સભ્યો પર મુક્ત હસ્તે ખર્ચ કરતા અને તેમના માટે ભેટ લેતા પણ જોવા મળશો. જો તમે કોઈ રોકાણ કરવાનું વિચારી રહ્યા હતા, તો આ અઠવાડિયે તમારે એવું કશું જ કરવાથી બચવું પડશે. કારણ કે આ સમય કાર્યસ્થળ પર શીખવા માટે સારો છે, તેથી રોકાણ કરવા માટે હજી વધુ પ્રતીક્ષા કરો.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળશે, જેના કારણે રમતો અને આઉટડોર પ્રવૃત્તિઓમાં (outdoro activities) તમારું ઉત્સાહભેર ભાગ લેવું, તમારી ગુમાવેલી ઉર્જા ફરીથી એકઠી કરવા અને તે જ ઉર્જાથી તમને બહેતર જીવન જીવવામાં મદદ કરશે. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ પહેલા ભાવમાં સ્થિત હોવાને કારણે આર્થિક જીવનમાં ચાલી રહેલી ઉથલપાથલના લીધે, આ અઠવાડિયે તમારા જીવનસાથી કે પ્રેમી સાથે કોઈ મોટો વિવાદ થવાની આશંકા છે. આના માટે શક્ય છે કે તમે ધનને લઈને ખૂબ જ અસહાય અનુભવશો અને તમારે તમારી ફિઝૂલખર્ચીને લઈને પોતાના સાથી પાસેથી લેક્ચર પણ સાંભળવું પડી શકે છે. આ અઠવાડિયે ઘરેલું મોરચે કંઈક ને કંઈક નાની-મોટી સમસ્યા ઊભી થતી રહેશે. આવી સ્થિતિમાં પારિવારિક શાંતિ જાળવી રાખવા માટે, તમારે જ જરૂરી તાલમેલ બેસાડવાની આવશ્યકતા હશે. આ દરમિયાન પરિવારના સભ્યોને કંઈ પણ કહેતી વખતે પોતાના શબ્દોની પસંદગી ખૂબ જ વિચારીને કરો. આ અઠવાડિયે નોકરી-ધંધા સાથે જોડાયેલા આ રાશિના જાતકો પોતાની પ્રતિભાનો પૂર્ણ ઉપયોગ કાર્યક્ષેત્રમાં નહીં કરી શકે. જેનાથી તમને કરિયરમાં આગળ વધવામાં પરેશાનીઓનો સામનો કરવો પડી શકે છે.

# એક દીકરીને શિક્ષણ આપવા શિક્ષક દરરોજ પાંચ કિલોમીટર ચાલીને શાળાએ પહોંચે છે

## એક ટિપ્પણીએ શિક્ષકનું જીવન બદલી નાખ્યું અને સામે ચાલીને માત્ર એક વિદ્યાર્થી ધરાવતી શાળામાં બદલી મેળવી ગાઢ જંગલમાં હિંસક પ્રાણીઓની દહેશત છતાં છેલ્લા ૧૩ વર્ષથી પાંચ કિલોમીટર ચાલીને શાળાએ પહોંચી શિક્ષણની જ્યોત પ્રજ્જવલિત રાખી છે.

મિથારી રોજ ગાઢ જંગલો, વરસાદ અને જંગલી પ્રાણીઓ તેમજ કાચા રસ્તાઓની વચ્ચે આશરે પાંચ કિલોમીટર પગપાળા સફર કરીને દૂર એક અંતરિયાળ ગામની શાળાએ પહોંચે છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ શાળામાં ફક્ત એક જ વિદ્યાર્થિની ભણે છે, છતાં તેના ઉજ્જવળ ભવિષ્ય માટે તેઓ દરરોજ અહીંયા જાય છે.

જીવન મિથારી કોલ્હાપુર જિલ્લામાં ગગનબાવડા તાલુકા ખાતે 'કવલટેક ધનગરવાડા'ની જિલ્લા પરિષદ શાળાએ છેલ્લા ૧૩ વર્ષથી શિક્ષણ આપી રહ્યા છે. આ ગામમાં વીજળી કે પાક્કો રસ્તો પણ નથી. આ ગામ સુધી પહોંચવા લગભગ ૫ કિલોમીટર પગપાળા ચાલવું પડે છે. મિથારીએ કહ્યું કે 'હું ૨૬ જુલાઈ ૨૦૧૩માં પહેલીવાર ત્યાં ગયા હતો, ત્યારથી સતત સેવા આપી રહ્યો છું.'

આ દુર્ગમ વિસ્તારમાં જવાની તેમની કહાની પણ રસપ્રદ છે. જીવન મિથારી અગાઉ કોલ્હાપુર જિલ્લા પ્રાથમિક શિક્ષક સહકારી બેંકના અધ્યક્ષ રહી ચૂક્યા છે. તેમના સાથી શિક્ષકોએ એક વખત ટોણો માર્યો હતો કે વગદાર શિક્ષકોને હંમેશાં સરળ વિસ્તારોમાં પોસ્ટિંગ મળી જાય છે, જ્યારે સામાન્ય શિક્ષકોને દુર્ગમ વિસ્તારોમાં મોકલવામાં આવે છે. મિથારીએ આ વાતને પડકાર તરીકે લીધી અને પોતે જ આ દુર્ગમ ગામમાં બદલી કરાવી લીધી હતી. એક સમયે કવલટેક અને આનંદુર ધનગરવાડા વિસ્તારમાં લગભગ ૭૦થી ૧૦૦ પરિવારો રહેતા હતા અને શાળામાં પણ બાળકોની સંખ્યા સારી હતી. પરંતુ વર્ષ ૨૦૦૦ પછી રોજગાર અને આજીવિકાની શોધમાં અનેક પરિવારો કોલ્હાપુર શહેર તરફ સ્થળાંતર કરવા લાગ્યા હતા. પરિણામે ગામમાં બાળકોની સંખ્યા સતત ઘટતી ગઈ. આ વર્ષે શાળામાં સત્તાવાર રીતે માત્ર એક



વિદ્યાર્થીની જે ધોરણ ૩માં ભણતી સ્વરા બોડકે છે. સ્વરાની નાની બહેન પણ તેની સાથે શાળાએ આવે છે, કારણ કે ગામમાં

**[વાત અને વિચાર]**

આંગણવાડી કેન્દ્ર નથી. સ્વરાની નાની બહેન આગામી વર્ષે ધોરણ ૧માં પ્રવેશ લેશે. જીવન મિથારીનું કહેવું છે કે બાળકોની સંખ્યા ઓછી હોય કે વધારે, તેમણે પોતાની ફરજ નિભાવવાની જ છે.

શાળા સુધી પહોંચવાનો રસ્તો જોખમથી ભરેલો છે. આ વિસ્તારમાં ગૌર અને દીપડા જેવા જંગલી પ્રાણીઓની અવરજવર રહે છે. મિથારી જણાવે છે કે સ્થાનિક ગ્રામજનોએ તેમને શીખવ્યું છે કે ગૌર (જંગલી ભેંસ) મળે ત્યારે અને ગૌરના ટોળા સામે આવે ત્યારે કેમ વર્તવું જોઈએ. એક ઘટનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે એક વખત દીપડાએ એક વાછરડાને મારી નાખ્યું હતું. આ ઘટનાના પગલે અધિકારીઓએ મિથારીને વિદ્યાર્થીઓને શાળાએ અવરજવર વખતે રસ્તામાં ક્યાંય બેસવા કે રોકાવવાની પણ સલાહ આપી હતી.મિથારી માટે આ શાળા ચાલુ રહેવી ખૂબ જ જરૂરી છે. તેમનું કહેવું છે કે જો આ શાળા બંધ થઈ જાય તો નજીકની શાળા હુંડાવડેમાં છે. એવી સ્થિતિમાં છથી નવ વર્ષનાં નાના વિદ્યાર્થીઓને રોજ ૧૧ કિલોમીટર પગપાળા અવરજવર કરવી પડશે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં આ સફર લગભગ અશક્ય બની જાય છે. મિથારી મે ૨૦૨૯માં નિવૃત્ત થવાના છે. તેમણે કહ્યું હતું કે રોજ આ લાંબી પગપાળા મુસાફરીને તેઓ કસરત તરીકે લે છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો છે કે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ ઓછી હોવા છતાં તેમની સુરક્ષા માટે શાળાની આસપાસ મજબૂત ચારેકોર દીવાલ બનાવવી અત્યંત જરૂરી છે.

# ચૂંટણીની અદાવત રાખી પ્રયાગરાજમાં સમાજવાદી પાર્ટીના નેતાની સોપારી આપી કરાઈ હત્યા

## હાંડિયામાં બે બાઇક ઉપર આવેલા ચાર શખ્સોએ ફાયરિંગ કરીને પવન યાદવની કરી હતી હત્યા : પોલીસે હત્યાનો ભેદ ઉકેલી ચાર શખ્સની કરી ધરપકડ



પ્રયાગરાજમાં સમાજવાદી પાર્ટીના નેતાની હત્યાનો ભેદ ઉકેલાયો છે. ગામના વડાના પતિએ પવન યાદવને મારવા માટે પાંચ લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ રાખ્યો હતો. પોલીસ એન્કાઉન્ટરમાં હિસ્ટ્રીશીટર લલ્લા સહિત બે ગુનેગારો ઘાયલ થયા હતા. પોલીસે હત્યા કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે. મંગળવારે હાંડિયા શહેરમાં પિલર નંબર ૫૨ નજીક બાઈક પર આવેલા ગુનેગારોએ પવન કુમાર યાદવને ગોળી મારી હતી. સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

પ્રયાગરાજના હાંડિયામાં સપાના ગંગાપર જિલ્લા સચિવ અને ભૂતપૂર્વ ગ્રામ વડા પવન કુમાર યાદવની હત્યામાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. ચૂંટણીની દુશ્મનાવટને કારણે સપા નેતાની હત્યા પાંચ લાખ રૂપિયાના કોન્ટ્રાક્ટથી કરવામાં આવી હતી. બુધવારે હત્યાનો ભેદ ઉકેલાયો હતો. પોલીસે જણાવ્યું હતું કે તેમણે ગામના વડાના પતિ વિનોદ યાદવ સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આ બે આરોપીઓ દ્વારા આપવામાં આવેલી માહિતીને પગલે, પોલીસે અન્ય આરોપીઓની ધરપકડ કરવાનો પ્રયાસ કરતી વખતે ગુનેગારો સાથે ગોળીબાર કર્યો હતો.

બદલો લેવાના ગોળીબારમાં, હિસ્ટ્રીશીટર જિતેન્દ્ર યાદવ ઉર્ફે લલ્લા અને નિહાલ અહેમદને પગમાં ગોળી વાગી હતી. પોલીસે આરોપીઓ પાસેથી બે પિસ્તોલ, કારતૂસ અને ગુનામાં વપરાયેલી બાઈક જપ્ત કરી હતી. દરમિયાન, ગુસ્સે ભરાયેલા પરિવારના સભ્યોએ લાશને રસ્તા પર મૂકીને રસ્તો બ્લોક કરી દીધો હતો.

બુધવારે પોલીસ લાઇનમાં એક પત્રકાર પરિષદ દરમિયાન, ડીસીપી ગંગાપર કુલદીપ સિંહ ગુણવતે જણાવ્યું હતું કે મંગળવારે શહેરના પિલર નંબર ૫૨ પાસે બાઈક સવાર હુમલાખોરોએ હાંડિયાના મુગરાવના રહેવાસી પવન કુમાર યાદવ પર ગોળીબાર કર્યો હતો.

તેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. તેના મોટા ભાઈ અશોક કુમાર યાદવે નોંધાવેલી ફરિયાદના આધારે, પોલીસે હત્યાનો એફઆઈઆર નોંધી હતી અને આરોપીઓની શોધ શરૂ કરી હતી. તપાસમાં મુગરાવના રહેવાસી વિનોદ કુમાર યાદવ અને બગાહાના રહેવાસી બ્રિજેશ યાદવના નામ બહાર આવ્યા હતા. બુધવારે બપોરે ૧:૧૫ વાગ્યાની આસપાસ બંનેની સરાયકાસ્તુરી બાગ નજીક ધરપકડ કરવામાં આવી હતી. ડીસીપીએ જણાવ્યું હતું કે પૂછપરછ દરમિયાન વિનોદે પંચાયત ચૂંટણીને લઈને તેમની વચ્ચે દુશ્મનાવટનો ખુલાસો કર્યો હતો. તેની પત્ની ગામની મુખ્ય છે, અને પવને ગામમાં કોન્ટ્રાક્ટ ECCE

**[ક્રાઈમ સ્ટોરી]**

શિક્ષક તરીકે તેની નિમણૂકનો વિરોધ કર્યો હતો. પવનના વાંધાને પગલે બાદમાં તેને પદ પરથી દૂર કરવામાં આવ્યો હતો. આ મુદ્દાને કારણે બંને વચ્ચે અનેક વિવાદો થયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ, જીતેન્દ્ર ઉર્ફે લલ્લા યાદવનો ગુનાહિત ઈતિહાસ લાંબો છે. તેની વિરુદ્ધ હાંડિયા, ઉત્તરન, સૈની, કોખરાજ, નવાબગંજ, શિવકુટી, ધુમ્મનગંજ અને ભદોહી સહિત વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૪૪ FIR નોંધાયેલા છે. આમાં હત્યા, હત્યાનો પ્રયાસ, લૂંટ, લૂંટ, ચોરી, ગેંગસ્ટર એક્ટ, આર્મ્સ એક્ટ અને NDPS એક્ટનો સમાવેશ થાય છે. ભાદોહીના સિગરા, વારાણસી અને જ્ઞાનપુર પોલીસ સ્ટેશનમાં નિહાલ અહેમદ વિરુદ્ધ ત્રણ FIR નોંધાયેલા છે, અને હાંડિયામાં બ્રિજેશ યાદવ વિરુદ્ધ બે FIR નોંધાયેલા છે.

વિનોદ અને બ્રિજેશની માહિતીને પગલે, ટીમ જસ્વા તરફ ઔરા પુલિયા નજીક કેનાલ રોડ પર એક બગીચામાં પહોંચી. પોલીસને જોઈને, બાઈક પર સવાર બે શંકાસ્પદ લોકો ભાગવા લાગ્યા. પીછો કરવામાં આવતા, બંને માણસોએ, તેમને ઘેરાયેલા સમજીને, પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો. બદલામાં, બંને ગુનેગારોને પગમાં ગોળી વાગી. બંને ઘાયલ શંકાસ્પદોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

પવનની હત્યામાં અન્ય ઘણા મહત્વપૂર્ણ ખુલાસા થયા છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે ચારેય આરોપીઓ, વિનોદ યાદવ, જીતેન્દ્ર ઉર્ફે લલ્લા યાદવ, નિહાલ અહેમદ અને બ્રિજેશ યાદવ, ઘટનાના એક દિવસ પહેલા ગામની બહાર એક જગ્યાએ મળ્યા હતા જેથી પવનની હત્યાના દોઢ મહિનાના કાવતરાને અંજામ આપી શકાય. તેઓએ ત્યાં પવનની હત્યાની ચર્ચા કરી અને બીજા દિવસે ગુનો કરવાની યોજના બનાવી. બેઠક દરમિયાન, તેમણે પવનને ક્યારે અને કેવી રીતે નિશાન બનાવવો તે પણ નક્કી કર્યું. ત્યારબાદ, ચારેય પોતપોતાના ઠેકાણાઓ પર ગયા અને યોજના મુજબ બીજા દિવસે ગુનો કર્યો. પોલીસનું કહેવું છે કે ૧૫ સપ્ટેમ્બરના રોજ પવન હાંડિયા શહેર તરફ જઈ રહ્યો હતો ત્યારે બાઈક પર સવાર આરોપીએ તેનો પીછો કર્યો. તક મળતાં જ, પાછળ બેઠેલા જીતેન્દ્ર ઉર્ફે લલ્લા યાદવે પવનને ગોળી મારી દીધી. ગોળીથી પવન રસ્તા પર પડી ગયો, ગંભીર રીતે ઘાયલ થયો. હિસ્ટ્રીશીટર જીતેન્દ્ર ઉર્ફે લલ્લા યાદવની પણ પવન સાથે દુશ્મનાવટ હતી. લલ્લાને શંકા હતી કે પવને ૨૦૨૨ના શશાંક હત્યા કેસમાં તેની માહિતી આપી હતી અને તેની જેલમાં ભૂમિકા ભજવી હતી. આ કારણોસર તે પવનથી બદલો લેવા માંગતો હતો. વિનોદ અને લલ્લા લગભગ દોઢ મહિના પહેલા મળ્યા હતા. તેમણે ૫ લાખ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપીને પવનને મારી નાખવાની યોજના બનાવી હતી. આ માટે વિનોદે લલ્લાને ૨૫ હજાર રૂપિયા આપ્યા હતા, જેનાથી તેણે એક પિસ્તોલ અને કારતૂસ ખરીદ્યા હતા.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે લલ્લાએ તેના મિત્ર બ્રિજેશ અને જ્ઞાનપુર બજારના રહેવાસી નિહાલ અહેમદને પવનને મારવાની યોજનામાં સામેલ કર્યા હતા. લલ્લા અને નિહાલ અગાઉ જ્ઞાનપુર જેલમાં મળ્યા હતા. લલ્લાએ નિહાલને હત્યાની યોજના વિશે જણાવ્યું અને તેને કાર ચલાવવા માટે મનાવી લીધા. બદલામાં તેને ૫૦ હજાર રૂપિયાની લાલચ આપવામાં આવી હતી.

# પંજાબ વિધાનસભા ચૂંટણી: રાજકીય પક્ષોની રણનીતિ અને બદલાતા સમીકરણો

## પંજાબમાં મુખ્ય ચાર રાજકીય પક્ષો સત્તા મેળવવા માટે તેમની રણનીતિ અને મતદારોને આકર્ષવા માટે પ્રયાસ કરી રહ્યા છે.આમ આદમી પાર્ટી સામે પણ આગામી ચૂંટણીમાં અનેક પડકારો છે

સરહદી રાજ્ય પંજાબનું રાજકારણ હંમેશાં દેશભરમાં ચર્ચાનો વિષય રહ્યું છે. ભૂતકાળમાં જ્યાં મુખ્યત્વે કોંગ્રેસ અને શિરોમણી અકાલી દળ વચ્ચે સીધો મુકાબલો જોવા મળતો હતો, ત્યાં હવે આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટીની સક્રિયતાને કારણે પંજાબનું રાજકારણ ચતુષ્કોણીય અને વધુ રસપ્રદ બન્યું છે.




રાજ્યમાં સરકાર ચલાવી રહેલી આમ આદમી પાર્ટી માટે પોતાના કલ્યાણકારી વાયદાઓ અને કામગીરીના આધારે જનાદેશ મેળવવો મુખ્ય લક્ષ્ય છે.મફત વીજળી યોજના અને આરોગ્ય ક્ષેત્રે 'આમ આદમી ક્લિનિક' ને AAP પોતાની મોટી સિદ્ધિ તરીકે રજૂ કરી રહી છે.તાજેતરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં સારો દેખાવ કરીને AAP એ ગ્રાઉન્ડ લેવલ પર પોતાની પકડ મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે.કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, ખેડૂત આંદોલન અને નાણાકીય બોજ જેવા મુદ્દાઓ પર વિપક્ષ તરફથી થતા પ્રહારોનો સામનો કરવો AAP માટે મોટો પડકાર છે.

વિપક્ષ તરીકે કોંગ્રેસ રાજ્યમાં પોતાનો ગુમાવેલો આધાર પાછો મેળવવા માટે આક્રમક રણનીતિ અપનાવી રહી છે.

દલિત અને ગ્રામીણ મતદારો પર ધ્યાનઃ કોંગ્રેસ પંજાબના વિશાળ દલિત સમુદાય અને ખેડૂતોના મુદ્દાઓને સતત વાચા આપી રહી છે. હાઈકમાન્ડ દ્વારા નિરીક્ષકોની નિમણૂક કરીને અને આંતરિક જૂથબંધી દૂર કરીને પક્ષને એકજૂથ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

પંજાબના સૌથી જૂના પ્રાદેશિક પક્ષ શિરોમણી અકાલી દળ માટે આગામી ચૂંટણીઓ પોતાના

**[રાજકારણ]**

રાજકીય વજૂદને બચાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. અકાલી દળ પંજાબના પ્રાદેશિક મુદ્દાઓ, શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી અને પંજાબી અસ્મિતાના નામે વોટબેંક પુનઃસ્થાપિત કરવા માંગે છે.

ભાજપથી અલગ થયા બાદ અકાલી દળ પોતાના સામાજિક સમીકરણો સુધારવા માટે વિવિધ વર્ગો સુધી પહોંચી રહ્યું છે.

ભાજપ હવે માત્ર નાના ભાગીદાર તરીકે રહેવાને બદલે સમગ્ર પંજાબમાં એક સ્વતંત્ર વિકલ્પ તરીકે ઊભરી આવવા માંગે છે. કોંગ્રેસ અને અકાલી દળના વરિષ્ઠ નેતાઓને પક્ષમાં સામેલ કરીને ભાજપ પોતાનો જનાધાર વિસ્તારી રહ્યો છે.

કેન્દ્ર સરકારની યોજનાઓ, રાષ્ટ્રીય સુરક્ષા અને પંજાબના આર્થિક વિકાસને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે.

પંજાબનો ચૂંટણી માહોલ દિવસેને દિવસે વધુ ગરમ થઈ રહ્યો છે. તમામ રાજકીય પક્ષો પોતપોતાના ગણિત ગોઠવવામાં વ્યસ્ત છે, પરંતુ આખરી નિર્ણય પંજાબના જાગૃત મતદારોના હાથમાં જ રહેશે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ્રા | સા | ભા | અ | આ | શિ | અ | પ્ર | પ્ર | ળ | પ્ર |
| જી | હિ | ધ | તી | ણ | ઈ | ર | ણ | ડો | સા | મા | બા |
| બા | ણે | મા | ગ | રા | ર | જી | અ | ર | દ | દ | ર |
| વિ | દ | ગ | ળ | ર | આ | ધ | ણ | ર | ધ | ભો | બૂ |
| ભ | મા | બા | ર | જી | વા | મ | ળ | ફ | અ | ર | ધ |
| લ | મ | ભ | કી | બં | ર | આ | ર | દા | ણા | લ | ણ |
| સા | ર | રો | અ | ક | ત | જ | રી | ગ | વા | ડો | ઓ |
| સા | ળ | અ | બ | ક્રો | દ | ર | અ | અ | ળ | અં | ણ |
| ઇ | અ | પ્રા | મા | ણિ | ક | મા | રો | આ | કા | ક | કા |
| ગ | ઓ | ન | અ | બ | રા | બ | ર | ધ | ણે | એ | ર |
| કા | ર | ફ | ણિ | ડો | દ | અ | લી | ડી | ડી | ન | ભો |
| ભો | સા | બા | ર | સ | કુ | અ | ઇ | ન | સા | ળ | ઐ |

**શબ્દ શોધો:** પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# ભગવાન શિવના અડસઠ તીર્થક્ષોત્રના નામનો નિયમિત પાઠ કરવાથી સાધક ઉત્તમ પુણ્યફળ પામે છે

પરમપિતા પરમાત્મા શિવ સર્વ વ્યાપક છે,સર્વ સ્વરૂપ અને નિત્ય પ્રગટ છે.આ ચારચર વિશ્વ તેમના થકી પ્રગટ થયું છે,સ્થિર છે અને તેમનામાં જ વિલય થાય છે. ભગવાન શિવ વ્યાપક છે,સર્વ સ્થળે છે.ભગવાન શિવના સ્થાનકોનું શિવપુરાણમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. શિવના અગણિત સ્થાનો છે, આમ છતાં તેમના અડસઠ સ્થાનો ( ૬૮ તીર્થ ) મુખ્ય છે.ભગવાન બ્રહ્માજીએ આ અડસઠ નામના મહિમાનું ગાન કર્યું છે.ભગવાન શિવે બ્રહ્માજી સમક્ષ તેમના મુખ્ય સ્થાનો અને નામનું વર્ણન કરેલું છે. પૂર્વે બ્રહ્માજીએ ભગવાન શિવને પ્રશ્ન કર્યો હતો કે,ક્યાં ક્યાં સ્થાનકોમાં તમને ક્યાં ક્યાં નામથી દર્શન કરવા ?,' આ પ્રશ્નના ઉત્તરમાં મહેશ્વર કહે છે,' હે બ્રહ્મદેવ, વારાણસીમાં મહાદેવ,પ્રયાગમાં મહેશ્વર,નૈમિશારણ્યમાં દેવદેવ,ગયામાં પ્રપિતામહ, કુરુક્ષેત્રમાં ક્લેશ,પ્રભાસમાં શશીભૂષણ,પુષ્કરમાં અયોગંધ, વિમાલેશ્વરમાં વિશ્વ,અટ્ટહાસમાં મહાદના, મરુકોટમાં મહોતકટ,શકુંકર્ણમાં મહાતેજ, ગોકર્ણમમાં મહાબળ, રુદ્રીકોટીમાં મહાયોગી, થળેશ્વરમાં મહાલિંગ, અવંતિમાં મહાકાળ, મધ્યમકેશ્વરમાં શર્વ,કેદારમાં ઈશાન દેવ,હિમાલયમાં રુદ્ર,સુવર્ણાક્ષમાં સહસ્ત્રાક્ષ,વૃષમાં

**[ધર્મ દર્શન]**

વૃષભધ્વજ,ભૈરવમાં ભૈરવાકાર,ભદ્રપથામાં ભદ્ર,કનખલમાં ઉગ્ર,ભદ્રકર્ણ હ્રહમાં શિવ,દેવદારૂ વનમાં ભિન્ન,કભી જંગલમાં ચંડ, સુરન્ડમાં ઉર્ધ્વકેતુ,મંગલાન્ડમાં કર્પદિ, કૃતિવાસમાં વરદ, અમરાદિકેશ્વરમાં સૂક્ષ્મ,કાલન્જરમાં નિલકંઠ,મંડલેશ્વરમાં શ્રીકંઠ, ધ્યાન સિદ્ધેશ્વરમાં યોગ, ઉતરેશ્વરમાં ગાયત્રા,કાશ્મીરમાં વિજય,મરુકેશ્વરમાં જય,જય નામના અંગમાં સ્થાણુ, કરવીકરમાં કાપિલ,કાયાવતારમાં લંગુડિ, દેવીકામાં ઉમાપતિ,પુરચંદ્રમાં હરિશ્ચંદ્રેશ્વર અને શંકર,કાલેશ્વરમાં જટિ, કુકકુટકેશ્વરમાં સૌમ્ય,સંધ્યામાં તામ્રક,બદ્રીકાશ્રમમાં ત્રિલોચન,જલેશ્વરમાં ત્રિશુલ,શ્રીશૈલમાં ત્રિપુરાંતક,લેપનમાં પશુપતિ, અંગેશ્વરમાં દીપ્ત,ગંગા સાગર સંગમમાં અમર, કંટકમાં ૐકાર,સપ્ત ગોદાવારીમાં ભીમ, પાતાળમાં હાટકેશ્વર કરણીકારમાં ગણાધ્યક્ષ, કૈલાસમાં ત્રિપુરાંતક,હેમકુટમાં વિરૂપાક્ષ, ગંધમાદનમાં ભૂર્ભુવ,દિન્ડીશ્વમાં અનલ,ભુતેશ્વરમાં ગણાધ્યક્ષ,કિરાતમાં કૈરાત, વિંધ્ય પર્વતમાં વારાહ, ગંગા હ્રદમાં હિમસ્થાન,વડાવમુખમાં માનવ,તીર્થમાં શ્રેષ્ઠી કોટિશ્વર, ઈષ્ટકાપથમાં વિશિષ્ટ, કુકસુપરમાં પ્રહાસ, અને લંકામાં અલકેશ્વર.ઉપરોક્ત ક્ષેત્રોમાં હું એ પ્રકારના નામોથી નિવાસ કરું છું'.

ભગવાન બ્રહ્માજીએ પુરાણમાં ભગવાન શિવના આ ૬૮ નામથી ભગવાનની સ્તુતિ ગાયેલી છે જે પવિત્ર પુરુષ ભગવાન શિવના આ ૬૮ નામનો સવાર-સાંજ નિયમિત પાઠ કરે તો તે ઉત્તમ પુણ્ય ફળને પામે છે.



# ભાવનગર પૂર્વના ધારાસભ્ય સેજલબેન પંડયાના જન્મદિને યોજાયો 'મેગા મેડિકલ કેમ્પ': બહોળી સંખ્યામાં નાગરિકોએ લીધો લાભ

## અત્યાધુનિક કેન્સર નિદાન વાન, નિષ્ણાત તબીબોની સેવાઓ અને નિઃશુલ્ક લેબોરેટરી ટેસ્ટથી સર્વાંગી સ્વાસ્થ્ય તપાસ કરાઈ

ભાવનગર,તા.૧૯

ભાવનગર ૧૦૪ પૂર્વ વિધાનસભા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય સેજલબેન રાજીવભાઈ પંડ્યાના જન્મદિવસ નિમિત્તે ૧૯ સપ્ટેમ્બરના રોજ શ્રીમતી પી. જે. વિદ્યાસંકુલ, રીંગરોડ ખાતે વિશિષ્ટ 'મેગા મેડિકલ કેમ્પ' સફળતાપૂર્વક યોજાઈ ગયો. રેડક્રોસ સોસાયટી, સર ટી. હોસ્પિટલ અને પૂર્વ ધારાસભ્ય સેજલબેન પંડ્યાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય જનતાને નિઃશુલ્ક ઉત્તમ તબીબી સેવાઓ પૂરી પાડવાનો હતો.





આ મેગા કેમ્પનું મુખ્ય આકર્ષણ રેડક્રોસ સોસાયટીની અત્યાધુનિક કેન્સર નિદાન વાન રહી હતી, જેના દ્વારા મહિલાઓમાં કેન્સરનું પ્રાથમિક તબક્કે નિદાન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં જનરલ ફિઝિશિયન, ઓર્થોપેડિક, ઈ.એન.ટી., ગાયનેકોલોજિસ્ટ અને ચક્ષુ રોગ નિષ્ણાત સહિતના અનુભવી ડોક્ટરોએ મોટી સંખ્યામાં આવેલા દર્દીઓની તપાસ કરી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ ઉપરાંત, સ્થળ પર જ લોહીની વિવિધ તપાસ, કિડની, ડાયાબિટીસ, ઈ.સી.જી., ફેફસાં અને બોન ડેન્સિટી જેવા નિઃશુલ્ક લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભાવનગરના સ્થાનિક નાગરિકોએ આ સ્વાસ્થ્ય સેવાઓનો બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો.

## જન્મદિન શુભેચ્છા

### ભાવનગર પૂર્વ વિધાનસભાના ધારાસભ્ય સેજલબેન રાજીવભાઇ પંડયાનો આજે જન્મદિવસ



ભાવનગર પૂર્વ વિધાનસભાના ભાજપના મહિલા ધારાસભ્ય શ્રીમતી સેજલબેન રાજીવભાઈ પંડયાનો આજે તા.૧૯ સપ્ટેમ્બરના જન્મદિવસ છે. તેઓ લોક સુખાકારી અને પ્રશ્નો, સમસ્યાઓ ઉકેલવા સક્રિય પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. સામાન્ય જનતાના દરેક પ્રશ્નોને લક્ષ્યમાં લઈ તેના ઉકેલ માટે પ્રયતનરત છે. ધારાસભ્ય તરીકે તેમણે સારી એવી લોક ચાહના મેળવી છે. શહેર ભાજપના પૂર્વ પ્રમુખ રાજીવ પંડયા અને ધારાસભ્ય સેજલબેન પંડયા બંને સજોડે લોકસેવામાં કાર્યરત છે. આજે જન્મદિવસે શુભેચ્છાઓ મળી રહી છે. અગ્રણી ઉધોગપતિ અને લીલા ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન કોમલકાંત શર્મા અને મીડિયા હાઉસ 'સૌરાષ્ટ્ર આજતક', 'સૌરાષ્ટ્ર આસપાસ' દૈનિક અને 'શો ટાઈમ' ન્યુઝ ચેનલ તરફથી ધારાસભ્ય સેજલબેન પંડયાને જન્મદિવસની શુભકામનાઓ પાઠવાઈ છે.

# રેન્ટલ કારની ડિસ્પ્લે બગડતાં બબાલ: ૩,૦૦૦ ચૂકવ્યા છતાં વધુ પૈસા માંગી આધેડ પર હુમલો

ભાવનગર,તા.૧૯

ભાવનગરના ઘોઘાસર્કલ વિસ્તારમાં રહેતા આધેડ પર સેલ્ફ ડ્રાઈવ કાર ભાડે આપતા શખ્સે હુમલો કરી માર માર્યાની ઘટના સામે આવી છે. ઘોઘા સર્કલ વિસ્તારમાં રહેતા દીપકભાઈ બાંભણિયાના પુત્ર જય અને તેના મિત્રોએ કાળિયાબીડના ઋષિ સાટીયા પાસેથી ભાડે લીધેલી કારની ડિસ્પ્લે બગડી જતાં, નક્કી થયેલા ?૩,૦૦૦ ચૂકવી દીધા હતા. તેમ છતાં, બીજા દિવસે ઋષિએ ઘરે આવી રિપેરિંગનો ખર્ચ વધુ થયો હોવાનું કહી વધુ નાણાંની માંગણી કરી હતી.

આ મામલે ૧૧ સપ્ટેમ્બરના રોજ દીપકભાઈ કાળિયાબીડ ખાતે ઋષિને મળવા ગયા હતા. ત્યાં રકમ ઓછી કરવા અંગે શાંતિથી વાતચીત કરતા જ ઋષિ એકાએક ઉશ્કેરાઈ ગયો હતો અને જાહેરમાં ધોલધપાટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવ અંગે ભોગ બનનાર આધેડે નિલમબાગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી ઋષિ સાટીયા સામે BNS ની કલમ ૧૧૫(૨), ૩૫૨ અને ૩૫૧(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ટ્રાફિક પોલીસની સતર્કતા: પડી ગયેલો કિંમતી મોબાઈલ યુવાનને શોધીને પરત કર્યો

ભાવનગરના ઘોઘાગેટ ચોક ખાતે ખરીદી અર્થે આવેલા હાથબ ગામના મુકેશભાઈ આણંદભાઈ બારૈયાનો કિંમતી મોબાઈલ બિઝનેસ સેન્ટર નજીક અકસ્માતે પડી ગયો હતો.આ દરમિયાન ત્યાં ફરજ પર તૈનાત ટ્રાફિક પોલીસના ASI પ્રવીણભાઈ



અને તેમની સાથેના ઈમ્જવાનોની નજર રસ્તા પર પડેલા મોબાઈલ પર પડી હતી. પોલીસે તુરંત જ સતર્કતા દાખવી મોબાઈલ કબજે લીધો હતો અને મૂળ માલિક મુકેશભાઈનો સંપર્ક કર્યો હતો. જરૂરી ખરાઈ કર્યા બાદ પોલીસે મોબાઈલ તેમને સલામત રીતે પરત સોંપ્યો હતો. ટ્રાફિક પોલીસની આ પ્રામાણિકતા અને ત્વરિત કામગીરીની સ્થાનિકોએ સરાહના કરી હતી.

---

**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી. હાર્દિક કે. મંગળસિક્કા**
**બી. એન્ડ ડી. રજી નં.૪૬/૨૦૨૬**

**શ્રી મહમદહુસેન વલીભાઈ મેતર,**
**રહે. ઘાંચી શેરી, હાથી ગઢ, તા.લીલીયા, જી.અમરેલી-૩૬૫૫૩૫ ..અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફિસરશ્રી**
**રહે.નગરપાલિકા કચેરી, શિહોર, મુ. શિહોર ....સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના પુત્રી રઈશાબેન મહમદહુસેન મેતરનો જન્મ તા.૦૫/૦૧/૨૦૦૯ના રોજ શિહોર તાલુકાના શિહોર ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના પુત્રી રઈશાબેન મહમદહુસેન મેતરની જન્મ તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના પુત્રી રઈશાબેન મહમદહુસેન મેતરના જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા કચેરી, શિહોર, મુ. શિહોર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| ૧ | તા.૨૫-૦૯-૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧:૦૦ કલાકે |

**શિહોર**
**તા.૧૮/૦૯/૨૦૨૬**

**કોર્ટનો સિક્કો**

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, શિહોર**

---

**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં. ૨૦૨/૨૦૨૬**

**શ્રી લઘરભાઇ જીકાભાઇ વેગડ**
**રહે,અંધારીયાવાડ,તા.ઘોઘા,ભાવનગર........અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી થોરાળી ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.થોરાળી,તા.પાલીતાણા, જિ.ભાવનગર........ સામાવાળા**

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી લઘરભાઈ જીકાભાઈ વેગડનો પુત્ર ઋષીભાઇ લઘરભાઇ વેગડનો જન્મ તા.૦૧/૦૮/૨૦૧૦ના રોજ મોજે. થોરાળી, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, થોરાળી ગ્રામ પંચાયત કચેરી.મુ.થોરાળી, તા. પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખેથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૨૮/૦૭/૨૦૨૬

**કોર્ટનો સિક્કો**

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં. ૨૦૧/૨૦૨૬**

**શ્રી વજુભાઇ ધુસાભાઇ ડોડીયા**
**રહે. તળાવ રાજપુત મંદિર પાસે,પાલીતાણા.........અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**ચીફ ઓફિસરશ્રી નગરપાલીકાપાલીતાણા**
**તા.પાલીતાણા. જિ.ભાવનગર........ સામાવાળા**

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે અવસાન અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી વજુભાઇ ધુસાભાઇ ડોડીયાની માતા કંચનબેન ધુસાભાઇ ડોડીયાનુ અવસાન તા.૧૫/૦૨/૧૯૯૭ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીની માતાના અવસાન અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. અવસાન અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓની માતાના અવસાન અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખેથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૨૮/૦૭/૨૦૨૬

**કોર્ટનો સિક્કો**

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

## ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા (બિજો પ્રયત્ન)

**ગઢડા નગરપાલિકા, ગઢડા, જિ.બોટાદ**

આથી ગઢડા નગરપાલિકા, ગઢડા જિ.બોટાદને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૫–૨૬ વર્ષની રાષ્ટ્રીય પર્વની ઉજવણી ૨૬મી જાન્યુઆરી–૨૦૨૬ યોજના અંતર્ગત નીચે જણાવેલ કામ કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

**કામનું નામઃ– જુદા–જુદા વિસ્તારમાં આર.સી.સી. પાઈપ ગટરની કામગીરી.**

| | |
|---|---|
| અંદાજીત રકમ રૂા. ૯.૯૨ લાખ | કામની સમય–મર્યાદાઃ ૩–માસ |
| ઈ.એમ.ડી.: રૂા. ૧૦,૦૦૦/– | ટેન્ડર ફી : રૂા. ૯૦૦/– |

વેબસાઈડઃ www.tender.nprocure.com

ઓનલાઈન ડાઉનલોડ તથા જરૂરી ડોકયુમેન્ટ અપલોડ માટેની તા.૦૩/૧૦/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી.

ફકત ઓરીજનલ ટેન્ડર ફી અને ઈ.એમ.ડી પહોંચતા કરવાની છેલ્લી તા. ૧૦/૧૦/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાક સુધીમાં

ટેકનીકલ બીડ ખોલવાની તારીખઃ ૧૨/૧૦/૨૦૨૬ ૧૨:૦૦ કલાકે

પ્રાઈસ બીડ ખોલવાની તારીખઃ ૧૨/૧૦/૨૦૨૬ ૧૨:૩૦ કલાકે

ઉપરોકત કામો અંગે વધારે માહિતી માટે ઉપરોકત વેબસાઈટ ઉપર જોઈ શકશે. કામ અંગેના તમામ અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

માહિતી-ભાવ-૬૫૫-૨૬

ગઢડા નગરપાલિકા

---

**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં. ૨૬/૨૦૨૬**

**શ્રી જીણાભાઇ મોહનભાઇ ભીલ**
**રહે.નાની પાણીયાળી,તા.પાલીતાણા........અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી,નાની પાણીયાળી ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.નાની પાણીયાળી,તા.પાલીતાણા, જિઃભાવનગર........ સામાવાળા**

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે મરણ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી જીણાભાઈ મોહનભાઈ ભીલના ભાઈ ગોરધનભાઈ મોહનભાઈ ભીલનું અવસાન તા.૦૫/૦૪/૨૦૨૨ના રોજ મોજે. નાની પાણીયાળી, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના ભાઈના અવસાન અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. અવસાન અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના ભાઈના અવસાન અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, નાની પાણીયાળી ગ્રામ પંચાયત કચેરી મુ.નાની પાણીયાળી, તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખેથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૨૭/૦૨/૨૦૨૬

**કોર્ટનો સિક્કો**

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**

**અરજદાર તરફે વિ.વ.શ્રીઃ-એજે ગોંડલિયા**

**પાલીતાણાનાં મહે.એડી.ચીફ.જયુડી.મેજી.સાહેબની કોર્ટમાં, પાલીતાણા.**

**પર.ફો.અરજી.નં. ૨૪૪/૨૦૨૬**
**મું.તા.૨૫/૦૯/૨૦૨૬**

**વલ્લભભાઈ આંબાભાઈ માંગુકીયા**
**રહે.મેઢા, તા.પાલીતાણા,**
**જી.ભાવનગર. .......અરજદાર**

**-: વિરુધ્ધ :-**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**મેઢા ગ્રામ પંચાયત કચેરી,**
**મું.મેઢા, તા.પાલીતાણા. .......સામાવાળા**

**બાબત :-જન્મ-મરણ અન્વયે જન્મની નોંધણી અંગેની અરજી**

**-: જાહેર નોટીસઃ-**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર વલ્લભભાઈ આંબાભાઈ માંગુકીયા રહે. મેઢા, તા.પાલીતાણા, જી.ભાવનગર.નાઓએ તેમના પુત્ર "પરેશકુમાર વલ્લભભાઈ માંગુકીયા" નાઓનો જન્મ તા. ૩૧/૦૮/૧૯૮૧ ના રોજ મું .મેઢા, તા.પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મું.તા.૨૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તાઃ૨૧ માહેઃ ઓગસ્ટ સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.**

**હુકમથી**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | |
|---|---|---|---|
| (એ.બી.કુરેશી) આસીસ્ટન્ટ | (વી.એમ.જાની) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | (એસ.વી.રવીસાહેબ) ઈ./ચા.રજીસ્ટ્રાર પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જયુડી.મેજી.કોર્ટ, પાલીતાણા |

---

**જાહેર નોટીસ**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- એ. જે. ગોંડલીયા**

**પાલીતાણાના મહેરબાન એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**
**મું.પાલીતાણા, જી.ભાવનગર.**

**પર.ફોજદારી.અરજી.નં. ૩૦૭/૨૦૨૬**
**મુદત તારીખઃ ૨૫/૦૯/૨૦૨૬**

**મહેશભાઈ જીવનભાઈ પરમાર**
**રહે. પાલીતાણા ગાયત્રી મંદિર પાછળ ભાવાની પાર્ક**
**બહારપરા, તા.પાલીતાણા.જી. ભાવનગર**

**-: વિરુધ્ધ :-**

**તલાટી મંત્રીશ્રી,**
**ડુંગરપુર ગ્રામ પંચાયત, મું- ડુંગરપુર, તા. પાલીતાણા, જી. ભાવનગર.**

**બાબત :- જન્મ-મરણ અન્વયે મરણ/અવસાનની નોંધણી અંગેની અરજી**

**-:જાહેર નોટીશ :-**

આથી જાહેર જનતા જોગ આ નોટીશ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર મહેશભાઈ જીવનભાઈ પરમાર રહે. પાલીતાણા ગાયત્રી મંદિર પાછળ ભાવાની પાર્ક બહારપરા, તા.પાલીતાણાનાઓએ તેમના પિતા "જીવનભાઈ માવજીભાઈ પરમાર"નું મરણ/અવસાન તારીખ ૦૬/૦૭/૧૯૯૦ ના રોજ મું- ડુંગરપુર, તા. પાલીતાણા મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૫/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે.

**આજ રોજ તાઃ ૧૧ સપ્ટેમબર, સને ૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.**

**હુકમથી**

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | |
|---|---|---|---|
| (આર.એમ.ચોપડા) આસીસ્ટન્ટ | (એસ.વી.રવિસાહેબ) સુપ્રિન્ટેન્ડેન્ટ | કોર્ટનો સિક્કો | (એસ.જે.પરાંજપે) રજીસ્ટ્રાર પ્રિન્સિપાલ સીની.સિવિલ અને એડી.ચીફ જયુડી.મેજી.કોર્ટ, પાલીતાણા |

---

**જાહેરાત**

ભારત સરકારશ્રીની કેન્દ્ર પુરસ્કૃત સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત ભાવનગર દ્વારા કાર્યરત ભાવનગર જીલ્લાના આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી કાર્યકર/તેડાગર તરીકે માનદસેવાઓ લેવા માટેના માનવબળની જાહેરાત સને.૨૦૨૬-૨૭

આઈ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત ભાવનગર હસ્તકના ઘટકોના આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગર તરીકે લેવાના થતા માનવબળની વિગત.

(અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in )

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | માનવબળ તરીકે આંગણવાડી કાર્યકરમાં લેવાની થતી હાલની/સંભવિત સંખ્યા | માનવબળ તરીકે આંગણવાડી તેડાગરમાં લેવાની થતી હાલની/સંભવિત સંખ્યા |
|---|---|---|---|
| ૧૦ | ૧૪ | ૧૧૨ | ૧૨૩ |

- માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલા જે તે આંગણવાડી કેન્દ્રના મહેસુલી ગામના વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેનું મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- સદર માનદસેવા બાબતે અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલાની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગર માનવબળની સેવા માટે અરજી કરનાર ઈચ્છુક મહિલાની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનવબળની સેવા માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૪ માં તા.૨૦/૦૯/૨૦૨૬ [(રાત્રે ૦૦:૦૦ કલાકે (તા.૨૧/૦૯/૨૦૨૬ થી શરૂ)] થી તા.૧૪/૧૦/૨૦૨૬ રાત્રે ૧૨:૦૦ કલાક સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની માનવબળની માનદસેવા માટે અરજી કરવા જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર-૧૦૦૦૦/- અને આંગણવાડી તેડાગર-૫૫૦૦/- ને મળતા માનદવેતન પ્રમાણે માનવબળની માનદસેવા માટે સામાન્ય શરતો મુજબની લાંયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા માનદસેવા આપવા ઈચ્છુક મહિલાની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઈચ્છુક મહિલા અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. લેવાના થતા માનવબળની સેવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- ઉપરોક્ત આંગણવાડી કેન્દ્રોમાં લેવાના થતાં માનવબળની સેવા પૈકી જે આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર (ભાવનગર ગ્રામ્ય ઘટકના નવાબંદર) અને આંગણવાડી તેડાગર (ભાવનગર ગ્રામ્ય ઘટકના કોટડા, જેસર ઘટકના સરેરા-૧, મહુવા-૨ ઘટકના નાના આસરાણા-૨, મોદા-૧ અને વાવડી) માટે માનવબળની સેવા લેવાનો ચોથો પ્રયત્ન છે તે કેન્દ્રોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે માનદસેવા આપવા ઈચ્છુક મહિલા દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ્દ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે ભાવનગર જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

જિલ્લા વિકાસ અધિકારી
ભાવનગર

માહિતી-ભાવ-૬૫૮-૨૬

---

**જાહેરાત**

ભારત સરકારશ્રીની કેન્દ્ર પુરસ્કૃત સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા, મહાનગરપાલિકા ભાવનગર મહાનગરપાલિકા દ્વારા કાર્યરત ૩૧૬ મહાનગરપાલિકા ભાવનગર મહાનગરપાલિકાના આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી કાર્યકર/તેડાગર તરીકે માનદસેવાઓ લેવા માટેના માનવબળની જાહેરાત સને.૨૦૨૬-૨૭

આઈ.સી.ડી.એસ શાખા, મહાનગરપાલિકા ભાવનગર મહાનગરપાલિકાના ઘટકો હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગર તરીકે લેવાના થતા માનવબળની વિગત.

(અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in )

| તાલુકા/વોર્ડની સંખ્યા | ઘટકની સંખ્યા | માનવબળ તરીકે આંગણવાડી કાર્યકરમાં લેવાની થતી હાલની/સંભવિત સંખ્યા | માનવબળ તરીકે આંગણવાડી તેડાગરમાં લેવાની થતી હાલની/સંભવિત સંખ્યા |
|---|---|---|---|
| ૧૩ વોર્ડ | ૦૨ | ૩૦ | ૪૧ |

- માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલા જે તે આંગણવાડી કેન્દ્રના વોર્ડના વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેનું મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- સદર માનદસેવા બાબતે અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલાની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનવબળની સેવા માટે અરજી કરનાર ઈચ્છુક મહિલાની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનવબળની સેવા માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૪ માં તા.૨૧/૦૯/૨૦૨૬ થી તા.૧૪/૧૦/૨૦૨૬(રાત્રે ૧૨:૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની માનવબળની માનદસેવા માટે અરજી કરવા જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર-૧૦૦૦૦/- અને આંગણવાડી તેડાગર-૫૫૦૦/- ને મળતા માનદવેતન પ્રમાણે માનવબળની માનદસેવા માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા માનદસેવા આપવા ઈચ્છુક મહિલાની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઈચ્છુક મહિલા અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. લેવાના થતા માનવબળની સેવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે માનદસેવા આપવા ઈચ્છુક મહિલા દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ્દ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે ભાવનગર કોર્પોરેશનનાં સંબંધિત વોર્ડના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), મહાનગરપાલિકાનો સંપર્ક કરવો.

કમિશ્નરશ્રી
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

માહિતી-ભાવ-૬૫૭-૨૬

# ઈરાનના પરમાણુ કાર્યક્રમની દેખરેખ લંબાવવાના અમેરિકા સમર્થિત સંયુક્ત રાષ્ટ્રના પ્રસ્તાવને રશિયા અને ચીનનો વીટો

## પ્રસ્તાવને ૧૧ મત મળ્યા,રશિયા અને ચીનએ તેની વિરુદ્ધ મતદાન કર્યું, સોમાલિયા અને પાકિસ્તાન ગેરહાજર રહ્યા

રશિયા

રશિયા અને ચીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અમેરિકા દ્વારા તૈયાર કરાયેલા ઠરાવને વીટો કર્યો હતો, જેમાં ઈરાન પર તેના પરમાણુ કાર્યક્રમ પર લાદવામાં આવેલા પ્રતિબંધોની દેખરેખ રાખવા માટે કાર્યરત યુએન નિષ્ણાત પેનલના કાર્યકાળને લંબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવને ૧૧ મત મળ્યા, જ્યારે રશિયા અને ચીન તેની વિરુદ્ધ મતદાન કર્યું અને સોમાલિયા અને પાકિસ્તાન ગેરહાજર રહ્યા. કાઉન્સિલના મોટાભાગના સભ્યોએ તેને સમર્થન આપ્યું હોવા છતાં વીટોએ ઠરાવને અવરોધિત કર્યો. આ મતદાનથી સ્વતંત્ર નિષ્ણાત-નિરીક્ષણ પદ્ધતિ ચાલુ રાખવાના પ્રયાસનો અસરકારક રીતે અંત આવ્યો છે, જ્યારે ઈરાનની પરમાણુ પ્રવૃત્તિઓ અને યુએન પ્રતિબંધોની માન્યતા અંગે મતભેદો ઊંડા છે.

ઈરાન પર યુએન પ્રતિબંધો શું છે?

હાલમાં પ્રતિબંધો અમલમાં છે અને તેમાં વિદેશમાં ઈરાની સંપત્તિઓ ફ્રીઝ કરવા, શસ્ત્રો સંબંધિત વ્યવહારોને પ્રતિબંધિત કરવા અને ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમ સાથે જોડાયેલા પ્રતિબંધો લાદવા જેવા પગલાં શામેલ છે.

ફ્રાન્સ, જર્મની અને યુનાઈટેડ કિંગડમે ઈરાન સાથે ૨૦૧૫ ના પરમાણુ કરાર હેઠળ "સ્નેપબેક" પદ્ધતિનો ઉપયોગ કર્યા પછી, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ પ્રતિબંધો પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. આ પગલાથી યુએન સુરક્ષા પરિષદના અગાઉના પ્રતિબંધો પાછા લાવવામાં આવ્યા હતા અને તેમના અમલીકરણની દેખરેખ માટે જવાબદાર પ્રતિબંધ સમિતિને પુનર્જીવિત કરવામાં આવી હતી. યુનાઈટેડ સ્ટેટ્સે નિષ્ણાત પેનલના કાર્યકાળને વધુ એક વર્ષ માટે લંબાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો જેથી તે પાલન પર નજર રાખી શકે અને શંકાસ્પદ ઉલ્લંઘનોની જાણ કરી શકે.

રશિયા અને ચીન શા માટે આ ઠરાવનો વિરોધ કરે છે?

રશિયા અને ચીન પ્રતિબંધો પુનઃસ્થાપિત કરવાના કાનૂની આધાર પર વિવાદ કરે છે. રશિયન યુએન રાજદૂત વેસિલી નેબેન્ઝિયાએ મોસ્કોના વલણને પુનરાવર્તિત કર્યું કે "સ્નેપબેક" પ્રક્રિયા ગેરકાયદેસર હતી અને દલીલ કરી હતી કે નિષ્ણાત પેનલને લંબાવવા માટે યુએસ-સમર્થિત ઠરાવ "ખૂબ જ ખામીયુક્ત અને તેનો કોઈ કાનૂની આધાર નથી". નેબેન્ઝિયાએ એમ પણ કહ્યું હતું કે રશિયા અને ચીને વોશિંગ્ટન અને તેના સાથીઓને દરખાસ્તને મતદાન માટે ન લાવવા વિનંતી કરી હતી, ચેતવણી આપી હતી કે આમ કરવાથી સુરક્ષા પરિષદની અંદર તણાવ વધશે. તેમણે યુનાઈટેડ સ્ટેટ્સ પર મુકાબલો પસંદ કરવાનો આરોપ મૂક્યો હતો. રશિયા અને ચીને એમ પણ જાળવી રાખ્યું છે કે ૨૦૧૫ ના પરમાણુ કરાર સાથે જોડાયેલા પ્રતિબંધોનું માળખું ઓક્ટોબર ૨૦૨૫ માં સંબંધિત સુરક્ષા પરિષદના ઠરાવના નિર્ધારિત અંત સુધી પહોંચતાં તેનો કાનૂની આધાર ગુમાવી દીધો હતો. પશ્ચિમી દેશોએ તે અર્થઘટનને નકારી કાઢ્યું છે અને જાળવી રાખ્યું છે કે પ્રતિબંધો સ્નેપબેક મિકેનિઝમ દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા.

# દેશમાં ચિપ ડિઝાઈનનું લોકશાહીકરણ

## ચિપઈન સેન્ટર કેવી રીતે દેશભરના એન્જિનિયરો માટે કેન્દ્રિય ચિપ-ડિઝાઈન અને ફેબ્રિકેશન સુવિધાઓ અને વિશિષ્ટ તાલીમ પહોંચાડી રહ્યું છે



- વિવિયન ડેસાલ્ફાઈન
સી-ડેક બેંગલોર ખાતે
સાયન્ટિસ્ટ-એફ

નવી ચિપની શરૂઆત વિદ્યાર્થી, સંશોધક અથવા ઉદ્યોગસાહસિકના મનમાં આવેલા એક વિચારથી થઈ શકે છે. પરંતુ તે વિચારને પરિકલ્પનાથી લઈને સિલિકોન ચિપમાં સાકાર કરવા માટે મોંઘા સોફ્ટવેર, શક્તિશાળી કમ્પ્યુટર્સ, પ્રશિક્ષિત નિષ્ણાતો અને સેમિકન્ડક્ટર ફાઉન્ડ્રી સુધી પહોંચની જરૂર પડે છે. મોટાભાગની કોલેજો અને સ્ટાર્ટ-અપ્સ આ બધું પોતાની રીતે પરવડી શકતા નથી.

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) દ્વારા સી-ડેક (C-DAC) બેંગલુરુ ખાતે સ્થાપિત ચિપઈન (ChipIN) સેન્ટર, સહિયારા રાષ્ટ્રીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ચિપ-ડિઝાઈન સપોર્ટ દ્વારા આ અવરોધોને દૂર કરવામાં મદદ કરી રહ્યું છે. એક જ જગ્યાએથી મોંઘા સંસાધનો સુધી સુરક્ષિત ઓનલાઈન પહોંચ પ્રદાન કરીને, તે દરેક કોલેજ માટે મોંઘા સાધનો ખરીદવાની અને અલગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની જરૂરિયાતને દૂર કરે છે.

૪૦૦ શૈક્ષણિક સંસ્થાઓ અને ૧૦૦ સ્ટાર્ટ-અપ્સ સહિત ૫૦૦ સંસ્થાઓના ૧ લાખથી વધુ એન્જિનિયરો ચિપઈન સેન્ટરના આ સહિયારા પ્લેટફોર્મમાં જોડાયા છે, જે કેન્દ્રિય ચિપ-ડિઝાઈન સુવિધા માટે સૌથી મોટો યુઝર બેઝ બનાવે છે.

વ્યવહારમાં, ચિપઈન એક વ્યાવસાયિક ચિપ-ડિઝાઈન પ્રયોગશાળાને વિદ્યાર્થીના ઘરઆંગણે લાવે છે. ટેકનોલોજી હબથી દૂર રહેતો વિદ્યાર્થી અગ્રણી સંસ્થાઓને ઉપલબ્ધ સમાન અદ્યતન સોફ્ટવેરનો ઉપયોગ કરી શકે છે. આ ચિપ ડિઝાઈનનું લોકશાહીકરણ કરે છે, જે ભૌગોલિક સ્થિતિ અથવા નાણાકીય તાકાતને બદલે ટેલેન્ટ અને વિચારોને નક્કી કરવા દે છે કે કોણ ભાગ લઈ શકે છે.

ચિપઈન ચિપ ડિઝાઈન કરવા, તેના સર્કિટનું પરીક્ષણ કરવા અને તે બનાવી શકાય છે કે નહીં તે તપાસવા માટે ઉપયોગમાં લેવાતા અદ્યતન ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઓટોમેશન (EDA) સાધનો સુધી પહોંચ પ્રદાન કરે છે. તે શક્તિશાળી કોમ્પ્યુટિંગ, પુનઃઉપયોગી ડિઝાઈન બ્લોક્સ અને માનક ડિઝાઈન પદ્ધતિઓ પણ પ્રદાન કરે છે. છઈછર ઉત્કર્ષ સુપરકોમ્પ્યુટર જટિલ સિમ્યુલેશનને સપોર્ટ કરે છે, જ્યારે રાષ્ટ્રીય પ્રી-સિલિકોન વેલિડેશન પ્લેટફોર્મ ઉત્પાદન કરતા પહેલા ડિઝાઈનની તપાસ કરવામાં મદદ કરે છે.

માત્ર સાધનો જ દરેક સમસ્યાનો ઉકેલ લાવી શકતા નથી. એક નાની ભૂલ ચિપને નિષ્ફળ બનાવી શકે છે. તેથી ચિપઈન તાલીમ, તકનીકી સહાય અને ફેબ્રિકેશન-કોમ્પ્લાયન્સ ચકાસણીઓ પ્રદાન કરે છે. તેના નિષ્ણાતો પરીક્ષણ કરે છે કે શું ડિઝાઈન ફાઉન્ડ્રીના નિયમોનું પાલન કરે છે, તેના ભાગો યોગ્ય રીતે જોડાયેલા છે કે નહીં અને શું તે ઉત્પાદન માટે તૈયાર છે. ડિઝાઈનરો પ્રતિસાદ મેળવે છે અને જ્યાં સુધી તે જરૂરી ધોરણોને પૂર્ણ ન કરે ત્યાં સુધી તેમના કાર્યમાં સુધારો કરે છે. લોકશાહીકરણનું સૌથી સ્પષ્ટ ઉદાહરણ મલ્ટી-પ્રોજેક્ટ વેફર સેવા છે, જે યુરોપમાં યુરોપ્રેક્ટિસ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં મોસિસ (MOSIS) દ્વારા પણ ઉપયોગમાં લેવાતો અભિગમ છે. પૂર્ણ સેમિકન્ડક્ટર વેફર બનાવવું મોંઘું હોવાથી, ચિપઈન ઘણી સંસ્થાઓની ડિઝાઈન તપાસે છે અને તેને એક વેફર પર સાથે મૂકે છે. દરેક સંસ્થા એક નાનો ભાગ વાપરે છે અને ખર્ચ વહેંચે છે. આ વેફરનું ઉત્પાદન મોહાલી સ્થિત સેમિ-કન્ડક્ટર લેબોરેટરી (SCL) ખાતે થાય છે, અને તૈયાર ચિપ્સ તેના ડિઝાઈનરોને પરીક્ષણ માટે પરત કરવામાં આવે છે.

આવા આઠ શેર્ડ-વેફર રન્સ સંસ્થાઓમાંથી ૨૦૫ ડિઝાઈન્સ SCL મોહાલી સુધી લઈ ગયા છે. ચિપઈને વિદેશી ફાઉન્ડ્રીઝ ખાતે ૧૦૦ થી વધુ ટેપ-આઉટ્સ સક્ષમ કર્યા છે. ટેપ-આઉટ એ એવો તબક્કો છે કે જેમાં પૂર્ણ થયેલી ડિઝાઈન ઉત્પાદન માટે મોકલવામાં આવે છે. આ કાર્યક્રમ લગભગ એક લાખ વિદ્યાર્થીઓ અને એન્જિનિયરો સુધી પહોંચ્યો છે અને ડિઝાઈન-ટૂલના ઉપયોગના ચાર કરોડથી વધુ કલાકો નોંધાયા છે,

# ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી

## ભારતીય સુરક્ષા દળો સંભવિત પડકારોનો સામનો કરવા માટે સંપૂર્ણપણે સતર્ક

જમ્મુ,

પાકિસ્તાન તરફથી સંભવિત ઘૂસણખોરી અંગેના ઈનપુટ્સને પગલે ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા વધુ કડક કરવામાં આવી છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરક્ષા એજન્સીઓને માહિતી મળી છે કે પાકિસ્તાન આર્મી અને તેની ગુપ્તચર એજન્સી,આઈએસઆઈ, ઘૂસણખોરીનો પ્રયાસ કરી શકે છે. આને ધ્યાનમાં રાખીને, સરહદ પર સતર્કતા વધારીને, તમામ સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર,બીએસએફ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને અન્ય અર્ધલશ્કરી દળો દિવસ-રાત પાકિસ્તાન તરફ વહેતી નદીઓ અને નાળાઓ, સંભવિત ઘૂસણખોરી માર્ગો અને સરહદી ખેતરો પર નજર રાખી રહ્યા છે. ઘણા સ્થળોએ કાયમી ચોકીઓ સ્થાપિત કરવામાં આવી છે, જ્યાં કોઈપણ શંકાસ્પદ વ્યક્તિઓને ભારતીય સરહદમાં પ્રવેશતા અટકાવવા માટે મુલાકાતીઓની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે.માહિતી અનુસાર,બીએસએફ એ પ્રાથમિક સ્તરે સરહદ સુરક્ષા સંભાળી લીધી છે, જ્યારે વધારાના બીએસએફ કર્મચારીઓ સાથે એસઓજીનું સંયુક્ત પેટ્રોલિંગ પણ ચાલુ છે. આ ઉપરાંત, સેનાની ક્વિક રિએક્શન ટીમ પણ સંવેદનશીલ વિસ્તારોમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહી છે.

સૂત્રો દર્શાવે છે કે સાંબા સેક્ટર હંમેશા પાકિસ્તાની સેનાની નજર હેઠળ રહ્યું છે. આ વિસ્તારમાંથી ઘૂસણખોરીના અનેક પ્રયાસો સફળ રહ્યા છે. અગાઉ ઝીરો લાઈન નજીક કાંટાળા તારની વાડ કાપીને નદીઓ અને નાળાઓ દ્વારા ઘૂસણખોરીના પ્રયાસો કરવામાં આવ્યા છે. બાદમાં, સુરક્ષા દળોની કડકતાને કારણે, સુરંગ ખોદીને ઘૂસણખોરીના પ્રયાસો કરવામાં આવ્યા હતા. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની સેનાએ બે લોન્ચિંગ પેડ સ્થાપિત કર્યા છે: એક રામગઢની સામે લહરી કલાનમાં અને બીજું બોવિયા અને ચક સદ્દાની સામે સુકમાલમાં. બંને લોન્ચિંગ પેડ ભૂતકાળમાં ખૂબ સક્રિય રહ્યા છે.

# વૈશ્વિક કટોકટી વચ્ચે ભારતનું અર્થતંત્ર મજબૂત, મૂડીઝે એફવાય ૨૭ વૃદ્ધિ આગાહી વધારીને ૭% કરી

## ક્રૂડ ઓઈલના ઊંચા ભાવને કારણે, સરેરાશ ફુગાવાનો દર નાણાકીય વર્ષ ૨૦૨૭ માં ૪.૮% સુધી પહોંચી શકે

નવીદિલ્હી,

વિશ્વભરમાં ચાલી રહેલા તણાવ અને મધ્ય પૂર્વમાં સંઘર્ષ હોવા છતાં, ભારતીય અર્થતંત્ર તેની મજબૂતી દર્શાવી રહ્યું છે. રેટિંગ એજન્સી મૂડીઝ રેટિંગ્સે ભારતની આર્થિક સ્થિરતાને ટાંકીને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ (એફવાય૨૭) માટે ભારત માટે વાસ્તવિક જીડીપી વૃદ્ધિ આગાહી ૬% થી વધારીને ૭% કરી છે. મૂડીઝ માને છે કે વૈશ્વિક આંચકા અને ભૂ-રાજકીય તણાવ છતાં, જી૨૦ દેશો અને સમકક્ષ અર્થતંત્રોમાં ભારતનો વિકાસ દર સૌથી ઝડપી રહેશે.એજન્સીએ ભારતના સાર્વભૌમ રેટિંગની સમયાંતરે સમીક્ષા દરમિયાન આ વધારો કર્યો હતો. ડેટા અનુસાર, કેલેન્ડર વર્ષ ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૮.૨% નોંધવામાં આવ્યો હતો, જે ૨૦૨૫ માં ૭.૩% હતો. આ ઝડપી ગતિમાં ઘણા મુખ્ય પરિબળોએ ફાળો આપ્યો છે. ખાનગી વપરાશમાં મજબૂત વૃદ્ધિએ અર્થતંત્રને ટેકો આપ્યો. આને મજબૂત નિશ્ચિત રોકાણ અને માળખાગત સુવિધાઓ પર સતત સરકારી ખર્ચ દ્વારા પણ ટેકો મળ્યો. વધુમાં, સેવા ક્ષેત્રો મજબૂત પ્રદર્શન કરવાનું ચાલુ રાખ્યું છે. ખાનગી રોકાણમાં સંભવિત સુધારો પણ અર્થતંત્ર માટે સકારાત્મક માનવામાં આવે છે.મૂડીઝે ભવિષ્યના આર્થિક સ્વાસ્થ્ય અંગે પણ થોડી ચેતવણી વ્યક્ત કરી છે.

# નીલેકણી સમિતિ મહિનાના અંત સુધીમાનીટ સુધારાઓ પરનો પહેલો અહેવાલ રજૂ કરશે

નવીદિલ્હી,


કેન્દ્ર સરકારે શુક્રવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે નીટ સુધારાઓ માટે નંદન નીલેકણીની આગેવાની હેઠળની ઉચ્ચ-શક્તિવાળી સમિતિએ આ બાબતે વિગતવાર ચર્ચા કરી છે. સરકાર અપેક્ષા રાખે છે કે સમિતિ મહિનાના અંત સુધીમાં તેનો પહેલો વચગાળાનો અહેવાલ રજૂ કરશે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને આલોક આરાધેની બેન્ચને જણાવ્યું હતું કે નીટમાં સુધારા માટેના તમામ સૂચનો સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. સમિતિએ ઈસરો ના ભૂતપૂર્વ અધ્યક્ષ કે. રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની પાછલી સમિતિના સભ્યો સાથે પણ ચર્ચા કરી છે.બેન્ચે નીલેકણી સમિતિને મદદ કરી રહેલા કર્મચારી અને તાલીમ વિભાગના સંયુક્ત સચિવને અત્યાર સુધી લેવામાં આવેલા પગલાં અંગે કોર્ટમાં સોગંદનામું દાખલ કરવા કહ્યું.

કોર્ટે મહેતાને કહ્યું કે આ બાબતમાં સૌથી મહત્વની બાબત એ છે કે સરકારે રાષ્ટ્રીય પાત્રતા-સહ-પ્રવેશ પરીક્ષા યોજવાની સમગ્ર પ્રક્રિયાને સંસ્થાકીય બનાવવા (એટલે કે, કાયમી સિસ્ટમ બનાવવા) પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.બેન્ચે મહેતાને કહ્યું, "તમારે જાણવું જોઈએ કે આખી સિસ્ટમ ટકાઉ હોવી જોઈએ. આ માટે, કાયમી સેટઅપ, કાયમી સ્ટાફ અને કાયમી વિભાગો હોવા જોઈએ. ડેપ્યુટેશન (અન્ય વિભાગોમાંથી સ્ટાફ લાવવું) ઓછું કરવું જોઈએ. તો જ એક ટકાઉ માળખું બનાવવામાં આવશે."

# રશિયા ડ્રોન અને રોકેટથી નાટો દેશો પર હુમલો કરી શકે છે : પોલેન્ડના પીએમ ટસ્કે મોટી ચેતવણી આપી

## રશિયા યુક્રેનને ટેકો આપતા યુરોપિયન દેશોને નિશાન બનાવવાની તૈયારી કરી રહ્યું હોવાનો દાવો



વોર્સો,

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે, પોલેન્ડના વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્કે રશિયા વિશે એક મહત્વપૂર્ણ દાવો કર્યો છે. ટસ્કે ચેતવણી આપી હતી કે રશિયા યુક્રેનને ટેકો આપતા યુરોપિયન દેશો, ખાસ કરીને નાટોના પૂર્વીય ભાગમાં સ્થિત દેશોને નિશાન બનાવવાની તૈયારી કરી રહ્યું છે. તેમણે કહ્યું કે રશિયા ડ્રોન અથવા રોકેટનો ઉપયોગ કરીને આવા હુમલા કરી શકે છે અને બાદમાં તેમને "અકસ્માત" કહીને નાટોના પ્રતિભાવને નબળા પાડવાનો પ્રયાસ કરી શકે છે.

પોલેન્ડ સંસદમાં ભાષણમાં, ટસ્કે કહ્યું કે રશિયાનો ઉદ્દેશ્ય નાટો દેશોને એવી સ્થિતિમાં મૂકવાનો હોઈ શકે છે જ્યાં તેઓ તેમના સભ્યોમાંથી એકની મદદ માટે તાત્કાલિક આવવામાં અચકાતા હોય. તેમણે કહ્યું, "વાસ્તવિક ખતરો એ છે કે ડ્રોન અથવા મિસાઈલ જેવા શસ્ત્રો નાટોના પૂર્વીય ભાગમાં એક અથવા વધુ દેશોમાં પ્રવેશ કરી શકે છે અને નુકસાન પહોંચાડી શકે છે."

ટસ્કના મતે, રશિયા પછી સત્તાવાર રીતે કહી શકે છે કે આ ભૂલથી થયું છે અને નાટો પાસે જવાબ આપવાનું કોઈ કારણ નથી. તેમણે કહ્યું કે આવી વ્યૂહરચનાનો હેતુ નાટો દેશોને લકવાગ્રસ્ત કરવાનો અથવા ઓછામાં ઓછું હુમલાનો સામનો કરી રહેલા સભ્યને મદદ કરવાના તેમના ઉત્સાહને નબળો પાડવાનો હોઈ શકે છે.

ટસ્કે કહ્યું કે રશિયા વધુ ખતરનાક બની રહ્યું છે કારણ કે તે જેટ-સંચાલિત ડ્રોનનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યું છે. આવા ડ્રોન વધુ ઊંચાઈ અને ઝડપે ઉડી શકે છે, જેના કારણે હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ માટે તેમના લક્ષ્ય સુધી પહોંચતા પહેલા તેમને શોધવાનું વધુ મુશ્કેલ બને છે. ટસ્ક ઘણા મહિનાઓથી ચેતવણી આપી રહ્યા છે કે રશિયા નાટો દેશ સામે મોટો હાઈબ્રિડ હુમલો કરી શકે છે.

# વરમોરા ગ્રેનિટો લિમિટેડનો ipo ૨૨ સપ્ટેમ્બરથી ખુલશે




**વરમોરા ગ્રેનિટો લિમિટેડ નો ipo 22 સપ્ટેમ્બર થી ખુલી રહ્યો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૧૪૦ થી રૂ.૧૪૮ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૨૨ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બીડ અરજી ૧૦૧ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૧૦૧ ઈક્વિટી શેર ના ગુણાંક માં કરી શકાશે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડિંગ તારીખ ૨૧સપ્ટેમ્બર રહેશે.**

# ધર્મ જીવનમાં યુવાનોને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવા માટેનું ઉત્તમ સાધન : આરએસએસ વડા

## ઉજ્જૈન ખાતે આયોજિત યુવા ધર્મ સંસદમાં આરએસએસ વડાએ યુવાનોને ધર્મનો સાચો અર્થ સમજાવ્યો અને જીવનમાં તેના મહત્વ પર માર્ગદર્શન આપ્યું

ઉજ્જૈન,

ઉજ્જૈનના દેવાસ રોડ પર ગીતા ભવન ખાતે આયોજિત ત્રણ દિવસીય યુવા ધર્મ સંસદના બીજા દિવસે, આરએસએસનાસરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે દીવો પ્રગટાવીને અને વંદે માતરમના મંત્રોચ્ચાર સાથે કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. કાર્યક્રમ દરમિયાન, આરએસએસ વડાએ યુવાનોને ધર્મનો સાચો અર્થ સમજાવ્યો અને જીવનમાં તેના મહત્વ પર માર્ગદર્શન આપ્યું. પોતાના સંબોધનમાં, આરએસએસ વડા મોહન ભાગવતે ધર્મ અને ધર્મ વચ્ચેનો તફાવત સમજાવ્યો, સ્પષ્ટ કર્યું કે ધર્મનો અર્થ ધર્મ નથી. તેમણે કહ્યું કે અંગ્રેજી શબ્દકોશમાં ધર્મ માટે કોઈ ચોક્કસ શબ્દ નથી. "ધર્મ" શબ્દ ધર્મ પરથી આવ્યો છે, જે બંધન સૂચવે છે, જ્યારે ધર્મ બાંધતો નથી, પરંતુ મુક્ત કરે છે. તેમણે કહ્યું કે પશ્ચિમી સંસ્કૃતિ તેના ધાર્મિક વિધિઓને ભૂંસી નાખવા માંગે છે, તેથી તેને ધર્મ કહે છે. સ્વામી વિવેકાનંદના વિચારોને યાદ કરતાં તેમણે કહ્યું કે ભારત એક ધાર્મિક દેશ છે. કોઈપણ નવા વિચાર કે જિજ્ઞાસાના જવાબો શોધવા માટે, પહેલા વ્યક્તિએ પોતાના મનને સ્થિર અને ખાલી કરવું જોઈએ. જૂની વસ્તુઓ મનમાંથી દૂર ન થાય ત્યાં સુધી નવી વસ્તુઓ શીખવી અશક્ય છે.

આ ધર્મ સંસદમાં દેશભરમાંથી આશરે ૧,૭૦૦ યુવા વિદ્યાર્થીઓ અને ૩૦૦ થી વધુ વિદ્વાનો, શિક્ષકો, સંશોધકો અને ધાર્મિક નેતાઓ ભાગ લઈ રહ્યા છે. પ્રખ્યાત પટકથા લેખક અને ગીતકાર મનોજ મુન્તાશીરે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન, ધર્મના અસ્તિત્વના ખ્યાલ, કૃત્રિમ બુદ્ધિ અને માહિતી-વિચાર સંઘર્ષ જેવા સમકાલીન વિષયો પર વ્યાપક ચર્ચાઓ અને વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

કાર્યક્રમ દરમિયાન, આરએસએસ વડા મોહન ભાગવતે કહ્યું કે ધર્મ ફક્ત વૃદ્ધો માટે જ નથી પણ યુવાનોને સાચી દિશામાં માર્ગદર્શન આપવાનું સાધન પણ છે. તેમણે કહ્યું કે મહાભારતના અંતમાં પાંચ શ્લોક સમગ્ર મહાભારતનો સાર છે. ધર્મ દ્વારા જ જીવનમાં કામ, અર્થ અને મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. તેમણે કહ્યું કે ધર્મ પર રડવાને બદલે, જો તેને સમજણ સાથે અપનાવવામાં આવે તો જીવન અર્થપૂર્ણ બને છે.

# મમતા બેનર્જીએ નામ-પ્રતીક ફ્રીઝ કરવાના ચૂંટણી પંચના નિર્ણયને ગેરબંધારણીય ગણાવ્યો : નંદીગ્રામમાં કોંગ્રેસને સમર્થન આપ્યું



કોલકતા,

પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના નામ અને પ્રતીક અંગે ચૂંટણી પંચના વચગાળાના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી છે. ચૂંટણી પંચે ટીએમસીના બંને જૂથોને આગામી પેટાચૂંટણીઓમાં પાર્ટીના નામ અને 'ફૂલ-ઘાસ' પ્રતીકનો ઉપયોગ કરવાથી પ્રતિબંધિત કર્યો છે. મમતા બેનર્જીએ આ નિર્ણયને ગેરબંધારણીય ગણાવ્યો છે. "અમે નંદીગ્રામ અને આસામમાં કોંગ્રેસને સમર્થન આપી રહ્યા છીએ. અમે દેશના વ્યાપક હિતમાં આ કરી રહ્યા છીએ," તેણીએ કહ્યું.

મમતા બેનર્જીએ ચૂંટણી પંચના નિર્ણયને ગેરબંધારણીય, ગેરકાયદેસર અને અલોકતાંત્રિક ગણાવ્યો છે. ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ પેટાચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસના નામ અને પ્રતીક પર પ્રતિબંધ મૂક્યો છે. મમતા બેનર્જીએ કહ્યું, "એવું નથી કે આપણે બંધારણીય પદનો આદર નથી કરતા, પરંતુ અમને લાગે છે કે આજે આપણા લોકશાહી ઈતિહાસનો કાળો દિવસ છે. આપણા દેશમાં જે થઈ રહ્યું છે તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ, ગેરબંધારણીય, ગેરકાયદેસર અને અલોકતાંત્રિક છે. આ એક રાજકીય પક્ષના અહંકારને સંતોષવા માટે સંપૂર્ણપણે પક્ષપાતી બદલો છે." તેમણે આગળ કહ્યું, "તેઓએ પહેલેથી જ કહ્યું હતું કે તેઓ અમને તેમના નામ કે પ્રતીકોનો ઉલ્લેખ પણ કરવા દેશે નહીં. આ લોકો કોણ છે? આજે તેઓ સત્તામાં છે, કાલે તેઓ કદાચ નહીં હોય. તેમણે તેમની મર્યાદા સમજવી જોઈએ."

મમતા બેનર્જીએ ચૂંટણી પંચ પર આરોપ લગાવતા કહ્યું કે તેમણે પહેલેથી જ બધું આયોજન કર્યું હતું, નકલી એસઆઈઆર અને નકલી ચૂંટણીઓ યોજી હતી;સીઆરપીએફએ મતોની ગણતરી કરી, ગણતરી એજન્ટોને દૂર કરવામાં આવ્યા, ૩-૪ રાઉન્ડમાં ગોટાળા થયા, અને આપણે જાણીએ છીએ કે માસ્ટરમાઈન્ડ કોણ હતું. નામ ન આપવા એ અમારી શિષ્ટાચાર છે, પરંતુ જો જરૂરી હોય તો, અમે ચોક્કસપણે તેમને પછીથી જાહેર કરીશું.

બેનર્જીએ કહ્યું છે કે તેમનો પક્ષ નંદીગ્રામ પેટાચૂંટણીમાં કોંગ્રેસને ટેકો આપશે જેથી પાર્ટીનો ટેકો મજબૂત થાય. તેમણે એમ પણ કહ્યું કે આસામમાં આગામી પેટાચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ પોતાનો ઉમેદવાર ઉભા રાખશે નહીં.ટીએમસીનું મૂળ નામ અને ફૂલ અને ઘાસના પ્રતીકને ફ્રીઝ કરવાના ચૂંટણી પંચના નિર્ણય બાદ, મમતા બેનર્જીએ ભાજપ પર નવો હુમલો કર્યો. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપે મતદારોના નામ દૂર કરવા માટે કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ કર્યો. "મત ચોરી" પર બોલતા, મમતા બેનર્જીએ કહ્યું, "તે ખૂબ જ દુઃખદ છે. તેઓએ બિહાર, છત્તીસગઢ, હરિયાણા અને બંગાળને લૂંટી લીધું. આ 'ખોટી ભાજપ પાર્ટી' છે, એક 'જુમલા પાર્ટી' છે.






LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8 તા. ૧૯-૦૯-૨૦૨૬, શનિવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







## સરદારનગરમાં બંધ મકાનને નિશાન બનાવી રૂ.૧૦,૨૦૦ની મત્તાની ચોરી

### ઘરમાં ઘૂસી તપેલા, પીતળની મૂર્તિ, નળ ચોરી જનાર અજાણ્યા સ્ત્રી-પુરુષ સામે ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

ભાવનગર,તા.૧૯

ભાવનગર શહેરના સરદારનગર વિસ્તારમાં ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મહાદેવ પ્લોટ વિસ્તારમાં રહેતા વેપારી નરેશભાઈ નાઉમલ આગીચાના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવીને કુલ રૂપિયા ૧૦,૨૦૦ ની કિંમતના સામાનની ચોરી કરી નાસી છૂટ્યા છે. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.



બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ શહેરમાં મહાદેવ ટ્રેડીંગ પાન-માવાની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા નરેશભાઈ ગઇ તા.૧૫ના રોજ બપોરના સમયે પોતાના પરિવાર સાથે કામ સબબ બહાર ગયા હતા. ત્યારબાદ બપોરના બે થી ત્રણ વાગ્યાના અરસામાં તેઓ પરત ઘરે આવ્યા ત્યારે ઘરના ફળિયામાં દૂધ પીવા માટે મૂકેલા તપેલા તથા અન્ય સરસામાન ગાયબ જણાતા શંકા ગઈ હતી.

ઘરમાં તપાસ કરતા ઘરના સીસીટીવી કેમેરામાં બપોરના ૧૨:૦૦ થી ૧૨:૩૦ વાગ્યા દરમિયાન એક અજાણી સ્ત્રી અને પુરુષ શંકાસ્પદ હાલતમાં નજરે પડ્યા હતા. અજાણી સ્ત્રીએ ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રૂપિયા ૨,૦૦૦ ની કિંમતના ચાર નાના-મોટા તપેલા, ગેલ્વેનાઈઝના પાઈપ, પીતળ અને સ્ટીલના નળ તથા સૂર્ય ભગવાનની રૂપિયા ૪,૦૦૦ ની કિંમતની પીતળની મૂર્તિ સહિત કુલ રૂપિયા ૧૦,૨૦૦ નો મુદ્દામાલ ચોરી કરી ગયાનું ખુલ્યું હતું.આ બનાવ અંગે નરેશભાઈની ફરિયાદના આધારે ઘોઘારોડ પોલીસ મથકમાં બી.એન.એસ કલમ ૩૦૫(એ), ૩૩૧(૩), ૫૪ મુજબ અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## સર ટી. હોસ્પિટલની 'બીમારી' દૂર કરવા 'સર્જરી' હાથ ધરતા કેન્દ્રિય મંત્રી બાંભણીયા

ભાવનગર,તા.૧૯

ભાવનગર ઉપરાંત બોટાદ અને અમરેલી જિલ્લાના લાખો દર્દીઓ માટે આશીર્વાદરૂપ ગણાતી સર તખ્તસિંહજી (સર ટી.) હોસ્પિટલ છેલ્લા કેટલાક સમયથી સ્ટાફની ભારે અછત, આધુનિક સાધનોની ખામી અને વિવિધ વહીવટી પ્રશ્નોની હારમાળાથી ઘેરાયેલી છે. તાજેતરમાં જૂન ૨૦૨૬માં બનેલા ચકચારી રેગિંગ કાંડે સમગ્ર રાજ્યસ્તરે ભારે ખળભળાટ મચાવ્યો હતો, જેમાં આરોગ્ય મંત્રીએ કડક પગલાં પણ લીધા હતા. જોકે, સરકારી હોસ્પિટલના આ વિરાટ તંત્રમાં વ્યાપેલી અનેકવિધ મુશ્કેલીઓને કારણે સામાન્ય દર્દીઓ સતત હાડમારી વેઠી રહ્યા છે.

આ સંવેદનશીલ સ્થિતિ વચ્ચે દર્દીઓની સુવિધા અને પ્રશ્નોના મહત્તમ ઉકેલ માટે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ પોતે દીવી પકડી વહીવટી તંત્રને દોડતું કર્યું છે. ભાવનગરની સર ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજના પ્રશ્નો અંગે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજ ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાની અધ્યક્ષતામાં આજે બપોર બાદ એક અત્યંત મહત્વની અને ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક મળવા જઈ રહી છે. તાજેતરના ભૂતકાળમાં સર ટી. હોસ્પિટલના ઉદ્ધાર માટે આ બેઠક ઐતિહાસિક સાબિત થાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

આ હાઈપ્રોફાઈલ બેઠકમાં રાજ્યના આરોગ્ય સચિવ રાજીવ ટોપનો, રાજ્યના આરોગ્ય કમિશનર ડૉ. સંધ્યા ભુલ્લર સહિતના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેશે. જ્યારે સ્થાનિક કક્ષાએથી ભાવનગર મેડિકલ કોલેજના ડીન અને સર ટી. હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ પણ હાજરી આપશે.

આ બેઠકમાં ભાવનગર જિલ્લાની મુખ્ય સરકારી હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં ઉપલબ્ધ સ્ટાફ, તબીબી સાધનો તેમજ વિવિધ વહીવટી પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવશે. હોસ્પિટલમાં આવતા દર્દીઓને વધુ




સારી અને ગુણવત્તાસભર આરોગ્ય સુવિધાઓ મળી રહે તે હેતુથી જુદા-જુદા ૧૫ જેટલા મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા હાથ ધરાશે. તમામ પ્રશ્નોને એક જ પ્લેટફોર્મ પર રજૂ કરીને તેના કાયમી ઉકેલ માટે આક્રમક કાર્યવાહી કરવામાં આવશે, જેના કારણે આજની આ બેઠકથી સ્થાનિક રહીશો અને દર્દીઓમાં બહુ મોટો આશાવાદ જાગ્યો છે.

**કેન્દ્રીય રાજ્યમંત્રીનાઅધ્યક્ષસ્થાને હાઈપ્રોફાઈલ રિવ્યૂ મીટિંગ: આરોગ્ય સચિવ અને કમિશ્નરની સાથેની બેઠકમાં સ્ટાફ-સાધનોની અછત અને ૧૫ જેટલા સળગતા પ્રશ્નોનો એક જ પ્લેટફોર્મ પરથી ઉકેલ લાવવા માસ્ટરપ્લાન**

## 'હું નકલી પોલીસ છું': હનીટ્રેપના આરોપીના ગળામાં પાટિયું લગાવી પોલીસે ફેરવ્યા

### વેપારી આધેડને હનીટ્રેપમાં ફસાવી નકલી પોલીસ બની રૂ. ૩.૦૫ લાખ પડાવનાર ટોળકીના બે સાગરીતોનું રિકન્સ્ટ્રક્શન કરાયું

ભાવનગર,તા.૧૯

ભાવનગર શહેરમાં પેસ્ટીસાઈડના એક આધેડ વેપારીને સોશિયલ મીડિયા દ્વારા હનીટ્રેપમાં ફસાવી તથા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના નકલી અફસર બની એન્કાઉન્ટરની ધમકી આપી રૂ. ૩.૦૫ લાખ પડાવી લેવાના ગુનામાં બોરતળાવ પોલીસે આજે આરોપીને સાથો રાખી ક્રાઈમ રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ તકે લોકો મોટી સંખ્યામાં જોવા ઉમટી પડ્યા હતા.

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે ફુલસર સ્વામીનારાયણ મંદિર પાછળથી કાળા કલરની વર્ના કાર GJ-15-CJ-5999 સાથે બે રીઢા ગુનેગારો ઘનશ્યામ ઉર્ફે શ્યામ લાઠીયા (ઉ.વ. ૩૭) અને રાજેશ કાથરોટીયા (ઉ.વ. ૪૨)ને ઝડપી બોરતળાવ પોલીસને હવાલે કર્યા હતા. પોલીસે આરોપીઓને અદાલતમાં રજૂ કરી ૫ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

રિમાન્ડ દરમિયાન બોરતળાવ પી.આઈ. ગઢવીની આગેવાનીમાં પોલીસે દેસાઈ નગર સ્થિત HDFC બેંક ખાતે આરોપીઓને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન તેમજ પંચનામું કર્યું હતું. આરોપીઓએ 'તોડ'ના પૈસા વસૂલવા વેપારીને બેંકમાંથી પૈસા ઉપાડવા મોકલી પોતે બહાર કારમાં બેઠા હતા. આવા લુખ્ખા તત્વોનો ભય દૂર કરવા અને અન્ય કોઈ ભોગ બનનાર સામે આવે તે




હેતુથી પોલીસે આરોપીઓના ગળામાં 'હું નકલી પોલીસ છું' લખાણનું પાટિયું લટકાવી જાહેરમાં ખુલ્લા પાડ્યા હતા. આ મામલે ફરાર અન્ય બે આરોપીઓની શોધખોળ ચાલુ છે.

## અશાંત ધારા વિવાદમાં ગેરકાયદે નોટરી કરનાર ૨ એડવોકેટના લાયસન્સ રદ કરાવવા પોલીસની કાર્યવાહી

ભાવનગર,તા.૧૯

ભાવનગર શહેરમાં અશાંત ધારાની કડક અમલવારીના ભાગરૂપે લોકલ ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી હાથ ધરી છે. અશાંત ધારા હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં મિલકતોના ખરીદ-વેચાણ અને ભાડા કરાર અંગે ગેરકાયદેસર રીતે નોટરી કરનારા ૨ નોટરી એડવોકેટના લાયસન્સ રદ કરાવવા માટે પોલીસે પ્રક્રિયા શરૂ કરી છે.

ભાવનગર રેન્જ આઈજી રાજેન્દ્ર વી. અસારી અને એસપી નિતેશ પાંડેયની સૂચના હેઠળ LCB પીઆઈ તથા ટીમ દ્વારા નિલમબાગ અને ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં અશાંત ધારા ભંગ અંગે કાયદાકીય કાર્યવાહી કરી અત્યાર સુધીમાં કુલ ૦૪ ગુના દાખલ કરાયા છે. આ કડક કાર્યવાહી અંતર્ગત કુલ ૧૪ આરોપીઓ સામે પગલાં લેવાતાં ગેરકાયદેસર રીતે ખરીદાયેલી મિલકતો ખાલી કરાવાઈ છે.

જિલ્લા પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે અશાંત ધારાના ભંગ અંગેની માહિતી પોલીસને આપવી, જેના પર ત્વરિત અને કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

## વાઘાવાડી રોડ ઉપર પૂરઝડપે દોડતી સિટી બસે મોપેડને ટક્કર મારતા ચોકીદારને ઈજા

### સિટી બસ ચાલક વાહન મૂકી નાસી છૂટ્યો, નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

ભાવનગર,તા.૧૯

ભાવનગર શહેરના વાઘાવાડી રોડ પર આવેલા શિખર ફ્લેટમાં ચોકીદારીનું કામ કરતા અને કરચલીયા પરા વિસ્તારમાં રહેતા મુકેશભાઈ બાબુભાઈ વાજા ગત ૧૮ના રોજ સવારના અરસામાં પોતાની બહેન રેખાબેન સાથે ટીવીએસ મોપેડ (જીજે-૦૪-ઝય-૬૧૧૫) લઈને સરદારનગર ખાતે મરણના કામે જઈ રહ્યા હતા મુકેશભાઈ જ્યારે ગધેડીયા ફિલ્ડ તરફ જવા માટે વાઘાવાડી રોડ પર રસ્તો ક્રોસ કરી ડિવાઈડર પાસે પહોંચ્યા, ત્યારે સંત કવરામ ચોક તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક સિટી બસ (જીજે-૦૪-છઠ-૩૫૮૧) ના ચાલકે મોપેડ આગળના ભાગે ટક્કર મારી હતી.

આ ગમખ્વાર અકસ્માતમાં મુકેશભાઈ અને તેમની બહેન રોડ પર પટકાયા હતા, જેને કારણે મુકેશભાઈને પગમાં ગંભીર ફેક્ચર અને તેમની બહેનને માથાના ભાગે ઈજાઓ થઈ હતી.બનાવની જાણ કરાતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બંને ભાઈ-બહેનને ભાવનગર સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત સર્જીને નાસી છૂટેલા સિટી બસના ચાલક વિરુદ્ધ મુકેશભાઈની ફરિયાદના આધારે નીલમબાગ પોલીસ મથકમાં બી.એન.એસ. કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૩૪ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## માઢીયા ગામે ચેકપોસ્ટ ઉપર દેશી દારૂનો જથ્થો ભરેલી મેજિક ઝડપાઈ, ચાલક ફરાર

### મહુવા ગ્રામ્ય પોલીસને સફળતા, દેશી દારૂ અને વાહન સહિત કુલ ૧.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ભાવનગર,તા.૧૯

ભાવનગર જિલ્લાના મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નાઈટ રાઉન્ડ અને વાહન ચેકિંગની સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસને પ્રોહીબિશનના ગુનામાં મોટી સફળતા મળી છે.જેમાં દેશી દારૂનો જથ્થો ભરેલી મેજીક ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશનની રેડ પાર્ટી ગત રાત્રીના નાઈટ રાઉન્ડમાં માઢીયા ગામની ચેક પોસ્ટ ખાતે વાહન ચેકિંગમાં હાજર હતા. તે સમયે રાત્રે આશરે ૧૨:૪૫ વાગ્યે રાજુલા રોડ તરફથી આવી રહેલી એક શંકાસ્પદ ટાટા મેજિક ફોરવ્હિલ (રજી.નં. GJ 17 TT 3134) પોલીસને જોઈને ગોપાલ હોટલની અંદર હંકારી ગઈ હતી. પોલીસે શંકાના આધારે તુરંત તે વાહન પાસે જઈને તપાસ કરી હતી.

પોલીસે પંચોની હાજરીમાં વાહનની તલાશી લેતા ડ્રાઈવર અને પાછળની સીટમાંથી કંતાનના ૧૧ કોથળા મળી આવ્યા હતા. જે કોથળા ખોલીને તપાસ કરતા અંદર પ્લાસ્ટિકની ૦૫ લીટર વાળી કુલ ૧૧૦ કોથળીઓમાંથી આશરે ૫૫૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૧,૧૦,૦૦૦ ની કિંમતનો ૫૫૦ લીટર દેશી દારૂ અને રૂ. ૮૦,૦૦૦ ની કિંમતની મેજિક ફોરવ્હિલ ગાડી આમ કુલ રૂ. ૧,૯૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.ઘટનાસ્થળે હાજર ન મળેલ વાહન ચાલક વિરુદ્ધ મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન ધારા કલમ ૬૫(ઇ) અને ૯૮(૨) મુજબ ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદ સાથે ગણેશ વિસર્જન શરુ : કોળીયાક દરિયાકિનારે શ્રદ્ધાળુઓનો મહેરામણ ઉમટ્યો









ભાવનગર શહેર અને સમગ્ર જિલ્લામાં ઉત્સાહભેર ઉજવાઈ રહેલા ગણેશ મહોત્સવ દરમિયાન ૫ દિવસીય ગણપતિ સ્થાપન કરનારા શ્રદ્ધાળુઓએ વિસર્જનની પ્રક્રિયા શરૂ કરી છે. પ્રોફેશનલ અને નોકરી-વ્યવસાય સાથે સંકળાયેલા લોકોએ ૫ દિવસની પૂજા-અર્ચના પૂર્ણ કરી વાજતે-ગાજતે બાપ્પાને વિદાય આપી હતી. ભાવનગરમાં દર વર્ષે ગણેશોત્સવનો ક્રેઝ વધી રહ્યો છે, જ્યાં ૧ થી ૧૧ દિવસ સુધી વિવિધ સ્થાપનો થાય છે. વિસર્જન માટે શ્રદ્ધાળુઓની સૌથી વધુ ભીડ કોળીયાકના નિષ્કલંક મહાદેવના દરિયાકિનારે તેમજ જિલ્લાના વિવિધ જળાશયો પર જોવા મળી હતી, જ્યાં આબાલવૃદ્ધ સૌ કોઈએ અશ્રુભીની આંખે અને અદમ્ય ઉત્સાહથી ગણેશજીનું વિસર્જન કર્યું હતું.